ॐ

ज्ञान गीता.

અને

महात्मा श्री सर्यूदास.

લેખક—સ્વામી સ્વયંપ્રકાશતિર્થ.

પ્રસિદ્ધ કરનાર,

પ્રભુલાલ જેઠાલાલ પરીખ.

અમદાવાદ—માંડવીનીપોળ.

અમદાવાદ.

ધી અમદાવાદ " યુનિયન " પ્રિન્ટિંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું
ટંકશાળ કાળુપુર રોડ અમદાવાદ.

આવૃત્તિ બીજી   પ્રત ૫૦૦

સંવત ૧૯૭૦   સને ૧૯૧૪

કીંમત ૦—૯—૦

અર્પણ પત્રિકા.

જેને વિદેહ કૈવલ્ય થયાં આજ ત્રણ વર્ષ થઇ ગયાં છતાં જેના સ્મરણ નિમિત્તે હરવર્ષે આખું રાજનગર કાર્તિક કૃષ્ણ ૩ ને દીને હડતાલ પાળે છે ને શ્રીમદ્ ભાગવતની પારાયણ નિમિત્તે દિવસે તથા રાત્રે હરિભકતો હરિકીર્તન કરી સાત દિવસ પર્યંત મોહોત્સવ ઉજવે છે, જેની ઉજવળ કીર્તિ માનીએ. ગુજરાતમાંજ નહીં બલકે આખા ભારત વર્ષમાં સર્વત્ર ગાજી રહી છે જેના પ્રતાપથી રાજનગરનાં સેંકડો મનુષ્યોનાં જીવન સુધર્યાં જેનું સ્મર્ણ શ્રોતાઓના હૃદયમાં જીવન પર્યંત કોતરાએલુંજ રહેશે, જેના પ્રતાપથી છપ્પનીયા દુષ્કાળ વખતે હજારો મનુષ્યોને અન્ન મળ્યું, તથા અદ્યાપિ પર્યંત જે મહાત્માના પ્રતાપવડે સંસ્કૃત અભ્યાસ કરતા લગભગ બસે વિદ્યાર્થીઓ તથા ૧૦૦ સાધુઓને હમેશ અન્ન મળે છે, જેના નામ તરફ બાળ વૃદ્ધ યુવાન સરવે નરનારી સંપૂર્ણ માન દૃષ્ટિથી જુએ છે, સર્વ મત પંથના મનુષ્યો માત્ર હિંદુજ એમ નહીં પણ જૈન, મુસલમાન સરવે કોમના મનુષ્યો એક સરખા ભાવથી જેના ચરણ કમળમાં પોતાનું મસ્તક મહા આનંદ સાથે ઝૂકે છે તેવા પરમ કૃપાળુ, અહેતુક દયા સિંધુ અવતારિક મહાપુરૂષ શ્રીસર્યૂદાસજી મહારાજના ચરણકમળમાં આ સંપૂર્ણ ગ્રંથ મારા હજારો હજાર સાષ્ટાંગ દંડવત પૂર્વક અર્પણ કરૂં છું.

સંવત ૧૯૭૦ ફૂલડોલ મહોત્સવ. ફાગણ વદી ૧.	સ્વામી સ્વયંપ્રકાશતીર્થ.

પ્રસ્તાવના.

આ જ્ઞાનગીતા ગ્રંથ મહાત્માશ્રી નરહરદાસનો બનાવેલો છે. સાંભળવા પ્રમાણે તેમની હકીકત નીચે મુજબ છે.

તેઓ પોતે બાવળાના રહીશ હતા. તેઓ પૂર્વાશ્રમાં કડવા કણબીની જ્ઞાતિના હતા. કૃષીકાર વર્ગ મૂળેજ ઉદારને નિખાલસ દીલનો હોય છે. વળી આ વર્ગ ભોળા દીલનો પણ સ્વભાવથીજ હોય છે. એટલે એ વર્ગમાં ભક્તિ વિશેષ હોય છે, ને તેજ કારણથી આપણા ગુજરાતમાં એ વર્ગમાં ઘણા મહાત્માઓ થયા છે.

મહાત્માશ્રી સર્યૂદાસજી જેઓ અમદાવાદમાં દરીયાપરમાં રહેતા હતા ને પ્રેમ દરવાજા આગળ કથા કરતા હતા તેમની હકીકત તો સર્વ કોઇને વિદિત છેજ. તેમને દેવ થયાં હજી બે વરસજ થયાં છે. તેમની પુણ્યતિથીને દીવસે એટલે કાર્તિક વદી ૩ ને દીવસે હજી પણ લોકો આખા રાજનગરમાં પાકી પાળે છે ને તે દિવસે હરિકીર્તન કરે છે. આ મહાત્માશ્રી પણ આ કડવા જ્ઞાતીનાજ હતા.

વળી આજ નગરના રહિશને તેજ જ્ઞાતિના આજથી ૧૦૦ વર્ષે પૂર્વે એક બીજા મહાત્મા પણ થયા છે જે મહાત્માશ્રી માણેકદાસજી એ નામથી પ્રસિદ્ધ છે. તેઓ પૂર્વાશ્રમમાં દરીયાપરમાંજ રહેતા હતા ને પાછળથી સાધુ દીક્ષા લઇ ઉજ્જૈનમાં રહેતા હતા. તેમના બનાવેલા ગ્રંથો નીચે મુજબ છે.

૧ રામ રસાયણ. ૨ સંત પ્રભાવ. ૩ સંતોષ સુરતરૂ.

આ ગ્રંથો છપાયા છે. મહુધાના વતની સાક્ષર વર્ય રા. રા. રણછોડભાઇ ઉદયરામે સંતોષ સુરતરૂ ગ્રંથ છપાવ્યો છે ને આ મહાત્મા વિશે કંઇક હકીકત પણ તેમણે તેમાં દર્શાવી છે.

ત્રીજા મહાત્મા આ શ્રી નરહરદાસજી કઇ સાલમાં થયા તે બરાબર ચોકસ જણાતું નથી, પણ તેમનો આ ગ્રંથ સંવત ૧૬૭૨ માં લખ્યાનું પોતે આ ગ્રંથના છેવટના ભાગમાં જણાવે છે. કહે છે કે તેઓ પોતે કાશીક્ષેત્રમાં બીરાજતા સ્વામીશ્રી બ્રહ્માનંદના શિષ્યને આજ રાજનગરના પ્રખ્યાત વેદાન્તિ કવિ શિરોમણી અખાના ગુરૂ-

ભાઇ હતા. આજ ગ્રંથ સાક્ષર વર્ય પ્રોફેસર રા. રા. આનંદશંકર બાપુભાઇ ધ્રુવને બતાવતાં ને તેમની સાથે બ્રહ્માનંદ સ્વામીને તેમના શિષ્યનો સબંધ જાણતાં પોતે જે વચન બોલ્યા હતા તેજ વચન હું અત્રે ટાંકું છું.

" અહો ! બ્રહ્માનંદ સ્વામીનું હૃદય કેવું વિશાળ હોવું જોઇએ. ને ગુજરાત ભૂમિ ઉપર તેમનો કેવો મોટો આભાર ! પોતે સન્યાસી છતાં તેમના શિષ્યો શુદ્ર જ્ઞાતિના છે એ વાત તરફ લક્ષ ન દેતાં માત્ર તેમનું ઉચ્ચ હૃદય જોઇ તેમને પરમ વેદાન્તનો ઉપદેશ આપ્યો. જુઓ, ૧ અખો ભક્ત અમદાવાદનો સોની. ૨ કાઠીઆવાડનો રહિશ બુટો કાપડી ને ત્રીજા આ મહાત્મા શ્રીનરહરદાસ બાવળાના કડવા પાટીદાર આ ત્રણે બ્રાહ્મણ જ્ઞાતિના ન છતાં વેદાન્તના અધિકારી ગણાયા એ સ્વામીજીના હૃદયની આત્મભાવનાને એ મહાત્માઓના હૃદયની ઉચ્ચતા નહીં તો બીજું શું.

આર્ય ધર્મ પ્રાચીન સનાતન વેદ ધર્મ મોક્ષનો અધિકાર સર્વને આપે છે. શ્રીગીતાજીમાં શ્રીકૃષ્ણચંદ્ર ભગવાન સ્વમુખેજ કહે છે કેઃ— **स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्तिम परां गतिम ॥** જ્યારે મોક્ષનો અધિકાર સર્વને છે તો મોક્ષના સાધનરૂપ વેદાન્તશાસ્ત્રનો અધિકાર પણ સર્વને છે એ પણ નિશ્ચયજ છે.

હવે આ ગ્રંથ સબંધિ કેટલીક હકીકત હું જણાવીશ. સંસ્કૃતમાં શ્રીમદ્ભગવદ્ગીતા સિવાય શિવગીતા, રામગીતા, અષ્ટવક્રગીતા, ઉત્તરગીતા, અવધૂતગીતા વિગેરે વેદાન્તના ગ્રંથો છે તે જોઇ પછીના મહાત્માઓએ પણ પ્રાકૃતમાં તેવા ગ્રંથો રચવાનું ધાર્યું હશે અને તે ઉપરથીજ અખેગીતા, ગોપાળગીતા, મહાત્મા પ્રીતમદાસની લખેલી જ્ઞાનગીતાને આ ગ્રંથનો પણ ઉદ્ભવ થયો હોય એમ લાગે છે. આખા વેદાન્તશાસ્ત્રનો સાર કહો કે મોક્ષનો માર્ગ ઉત્તમમાં ઉત્તમ અધિકારીને ટુંકામાં બતાવવો એ આ સઘળી ગીતાઓનો આશ્રય છે.

આ ગ્રંથમાં ૨૩૦) ચરણ ૧૭ કડવાં ને ૨૫ શ્લોક છે ને અખેગીતામાં ૪૮૮) ૫૬ ને ૪૦ કડવાં છે । જોતાં જો કે આ

ગ્રંથ લગભગ અડધો લાગે છે છતાં જીવ ઇશ્વરને જગતનું સ્વરૂપ બતાવવામાં એટલે કે तत्त्वमसि એ મહા વાક્યનું વિવરણ યથાર્થ કરવામાં કોઇ રીતે આ ગ્રંથમાં કચાશ રાખી નથી. ૯–૧૦–૧૧ એ ત્રણ કડવામાં સતના લક્ષણ બતાવ્યાં છે. एकमेवाऽद्वितीयं ब्रह्म नेह नानाऽस्ति किंचन એ વેદાન્ત ડિંડિમ પ્રત્યેક કડવે બતાવી આપ્યો છે. છેવટમાં જ્ઞાન ભક્તિને સ્વવર્ણાશ્રમ ધર્મ એ સરવે સાધન રૂપે સાધકને બતાવ્યું છે વારંવાર

"સ્તુતિ–નિંદા, વાદ વિવાદ, હું, તું ટાળોજી,
સઘળે એક બ્રહ્મ તે નિરંતર ભાળોજી"

એ ઉપદેશ આપ્યો છે. સિદ્ધ યોગીની દશા બતાવતાં કહે છે કેઃ–

"વિષય છેદે, ઇન્દ્રિય દંડે; ઉપાધિન માંડે જેહ;
ચિત્ત રોધે, બુદ્ધિ બોધે, સિદ્ધ જોગી તેહ. ૧
વાસના બાળે, આપ ગાળે, હું તું ટાળે જેહ;
અદૃષ્ટમાંહિ દૃષ્ટી રાખે, સિદ્ધ જોગી તેહ. ૨
દૃઢ ભાવ રાખે, પ્રપંચ નાખે, સત્ય ભાખે જેહ,
લયલીન હોયે, દ્વૈત ખોહે સિદ્ધ જોગી તેહ. ૩

ટુંકામાં 'હાથ કાંકણને આરશીની જરૂર નથી' ઉત્તમ મુમુક્ષુને આમાંથી પોતાને જોઇતી સર્વ સામગ્રી મળશે. અસ્તુ.

આ ગ્રંથ કર્તાના બનાવેલા બીજા ગ્રંથો નીચે મુજબ.

૧ યોગવાસિષ્ઠ સારગીતા–સસ્તા સાહિત્યમાંથી મળશે.
૨ શંકર પાર્વતિ સંવાદ–હજી છપાયો નથી.

ટીકાકારે જે જે ગ્રંથોનો આધાર લીધો છે તે નીચે મુજબ.

૧ શ્રીમદ્ ભગવદ્ગીતા.	૧૧ અખો.
૨ ઉત્તર ગીતા.	૧૨ પ્રીતમદાસ.
૩ અવધૂત ગીતા.	૧૩ મહાત્મા તુલસીદાસ.
૪ અષ્ટાવક્ર ગીતા.	૧૪ કબીર.
૫ યોગવાસિષ્ઠસાર ગીતા.	૧૫ રવિ સાહેબ.
૬ શંકર પાર્વતિ સંવાદ.	૧૬ ભાણદાસકૃત હસ્તામલક શંકરાચાર્ય સંવાદ.
૭ શ્રીમદ્ ભાગવત.	

૮ ઉપનિષત્ — ૧૭ યોગવાસિષ્ઠ.
૯ સ્વામીવિવેકાનંદનાઇ.ગ્રંથો. ૧૮ શ્રીશંકરાચાર્ય.
૧૦ જેમ્સ એલનના ગ્રંથો.ઈંગ્રેજી.૧૯ શ્રીગૌડપાદાચાર્ય.
૨૦ હિંદી ભાગવત કૃપારામ કૃત.
૨૧ બૃહત્સ્તોત્રરત્નાકરપાંડવગીતાઇ.

જે જે મહાત્માઓના તરફથી ટીકાકારને ધર્મનું પોષણ મળ્યું છે તેનો ઉપકાર ન ભૂલાય એ હેતુથી તેમનાં નામ સહિત તેમને નમું છું. ૧ શ્રેયસાધક વર્ગમાં અગ્રગણ્ય ગણુતા અને વિશ્વવંદ્ય નામથી પાછળથી પ્રખ્યાતીને પામેલા રા. રા. છોટાલાલ જીવણ-લાલ ઉર્ફે માસ્તર સાહેબ, જેમણે છેક બાલ્યાવસ્થામાંજ ઈંગ્રેજી પહેલા ધોરણમાં બીજરૂપે ધાર્મિક સંસ્કાર નાંખ્યા તે મહાપુરૂષ. ૨ ગુજરાત પ્રાંતમાં આચાર્યરૂપે મનાતા બ્રહ્મવિદ્વરિષ્ટ પૂજ્યપાદ મહાત્મા શ્રીનાથ શર્મા, જેમણે ભરયુવાવસ્થામાં ધાર્મિક દીક્ષા આપી આ માર્ગમાં જીવનપ્રવાહને વાળ્યો તે મહાત્મા. ૩ શ્રીશારદાપીઠા-ધીશ્વર જગદ્ગુરૂ શ્રીમાન્ શંકરાચાર્યના પદે હાલ બીરાજતા શ્રીમાન્ માધવતીર્થ મહારાજ, જેમણે સંસારનું બંધન તોડાવી ત્યાગ દીક્ષા આપી તે પૂજ્યપાદ આચાર્યશ્રી. ૪ છેવટના ભાગમાંજ એટલે કે ત્યાગ લીધો પછી જે મહાત્માશ્રીએ પોતાની પાસે સતત સંગતિનો લાભ આપી કૃતાર્થ કીધો તેઓ શ્રીમહાત્મા શ્રીસર્યૂદાસજી મહા-રાજ—અમદાવાદવાળા.

ઉપરના ચારે મહાત્માઓ તથા સરવે સંત મંડળના ચરણ-રજના પ્રતાપથી કહો કે શ્રીહરિગુરૂ સંત પ્રતાપે તેમનું જે કાંઇ છે તે તેમનેજ અર્પણ કરી કૃતાર્થ માનું છું.

दंडवत गोविंद गुरु, वन्दु अविजन सोय;
पहेले भये प्रणाम तिन, नमो जो आगे होय
ॐ शान्तिः शान्तिः शान्तिः

टीकाकार.

स्वयंप्रकाश,

પ્રસિદ્ધ કરતાના બે બોલ.

પ્રિય વાંચક વર્ગ ? શ્રીમાન સ્વામી સ્વયંપ્રકાશતિર્થ પ્રત્યે મને મને ગુરૂ ભાવ અને તેઓશ્રીનો મારા પરત્વે પરમાર્થીક પ્રેમ કુદ્રતિ છે. તેથી આ પુસ્તક તેઓશ્રીએ તૈયાર કરી જન સમુહના કલ્યાણાર્થ પ્રસિદ્ધ કરવા ઇચ્છા જણાવી. મેં ગુરૂ ઇચ્છાને આજ્ઞા રૂપ ગણી મેં સ્પષ્ટ આજ્ઞા માગી તે ઘણા પ્રેમ પુર્વક મળી. જેથી આ પુસ્તકથી અપુર્વઆનંદને અચળ શાંતિ મેળવવા ભાગ્યશાળી થયા છે.

આ પુસ્તકની કીંમત આઠ આના અંદર રાખવાને જેમ બને તેમ સસ્તુ ને સુંદર કરવા ઈચ્છા હતી, પરંતુ છપાઇ તૈયાર થતાં અવલ યૂરોપમાં મહાન લડાઇ પ્રસિદ્ધ થઇ જેથી કાગળ, પુઠાં, છીંટ વીગેરે તમામ સામનના ભાવ વધી ગયા. તેથી ઘણા ખર્ચે પુસ્તક તૈયાર થયું છતાં જન સમાજ સરળતાથી લાભ લઇ શકે અને મહાન અશાંતિમાં જન સમુહ સરળતાથી શાંતિ મેળવી સુખી થાય તેવી ઇચ્છાથી આ પુસ્તકની કીંમત તેના મોટા ખર્ચને પહોચી વળવા ફ્કત ૦–૯–૦ રાખી છે. વાંચક વર્ગ તેની કદર બુજી મોટા પ્રમાણમાં ગ્રાહક થાય તો આથી પણ ઓછી કીંમતે બીજી આવૃતિ મેળવવા ભાગ્યશાળી થાશે.

આ પુસ્તકનાં પ્રુફ તપાસવા મારા સજ્જન મીત્રોએ મને ઘણીજ મદદ કરી છે તેથી હું આ પુસ્તક ટુંક મુદતમાં પ્રસિદ્ધીમાં આવ્યું છે. તે સદર સજ્જન મિત્રોને આભારી છે.

પ્રિય આત્મ બંધુઓ અને સાક્ષર વર્ગને મારી વિનંતિ છે કે દોશ દૃષ્ટિએ પડે પત્ર દ્વારા પ્રગટ કરશો કે બીજી આવૃતિમાં તે સુધારી શકાય.

શ્રીમદ સ્વામી સ્વયંપ્રકાશતિર્થ મારા પરત્વે અપાર કૃપા કરી મને મારા સ્વભાવ સીદ્ધ આ પરમાર્થીક કાર્યમાં પ્રેરી, ઇશ્વર પરત્વેના ભક્તિ ભાવને દૃષ્ટિભુત કર્યો છે તેથી તેમને મારા ગદગદીત ભાવે શાષ્ટાંગ નમસ્કાર છે.

ઇતિ શીવં ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

સંવત ૧૯૭૦ ના આસો વદિ ૧૪ રવી
તા.૧૮–૧૦–૧૪ અમદાવાદ માંડવીનીપોળ. } પ્રભુલાલ જેઠાલાલ પરીખ.

महात्मा श्री नरहरदासजी कृत.

॥ श्री ज्ञानगीता ॥

मंगलाचरण—कडवुं १ लुं.

श्लोक.

परात्परं परंधाम, परंज्योतिः परंपदम् ।
परमात्मा परंतत्त्वं, नमस्ते परकारणम् ॥ १ ॥
विश्वेश्वरं विश्वरूपं, विश्वात्मा विश्वतोमुखम् ।
विश्वंभरं विश्वनाथं, विश्वमूर्त्ते नमोनमः ॥ २ ॥

राग धन्याश्री.

પ્રથમે પ્રણમુંરે નિરંજન[1] દેવજી, મૂલ પ્રકૃતિ[2] કરે જેની સેવજી,
ત્યહાંથકી ઉપન્યો પુરૂષ અહમેવજી,[3] સરજે પાલે તે અવશ્યમેવજી. १

---

१. परंब्रह्म परंधाम, पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥ गीता.अ.१०श्लो.१२

२. सर्वातीत सबजाविषे, सब समेत सब शून्य;
स्वेस्वरूप स्फुरन भयो, नहि अधीक न न्यून. अखो.

१. निरंजनं निराकारं, निष्प्रपंचं निरामयम् ।
व्यापकं शाश्वतं नित्यं, नमस्ते परंकारणम् ॥

२. મૂલ પ્રકૃતિ–માયા. Nature of God. Substance and qualities can never be separated, they are one and the same.

३. एकोऽहं बहु स्याम्–એ ઈશ્વરનો અહંકાર અધ્યારોપ–અપવાદ ન્યાયે લખ્યો છે.

ઢાળ.

સરજે પાલે ને [1]સંહરે, તેહને ક્ષણું ન લાગે વાર;
મૂળ પ્રકૃતિ પરબ્રહ્મથી, ઉપન્યો ત્રિગુણ અહંકાર. ૨
સત્વગુણ તે વિષ્ણુ કહીયે, રજોગુણ બ્રહ્મારૂપ;
તમોગુણ તે રૂદ્ર કહીયે, સગુણ બ્રહ્મ સ્વરૂપ. ૩
તમોગુણ થકી હવું સ્થુલ,[1] સૂક્ષ્મ ભૂત વિસ્તાર;
રજોગુણથી ઉભય[3] ઇન્દ્રિય, ઉપન્યાં નિરધાર. ૪
સત્વગુણથી અંતઃકરણ, મન બુદ્ધિ ચિત્ત અહંકાર;
એ તત્ત્વ ચોવીશે કરી, હવો સૃષ્ટીનો વિસ્તાર. ૫
પરબ્રહ્મ જેવો પ્રકૃતિ તેવી, અને ઉપન્યુ તદ્રૂપ;
વસ્તુ વિચારી જોતાં, એ વિશ્વ તે ચિદ્રૂપ. ૬
નિર્ગુણ બ્રહ્મથી સગુણ ઉપજે, સગુણ નિર્ગુણ એક;
કારજ કારણ પ્રથક નહીં, જન જોજો કરી વિવેક. ૭

---

૨. ૧. **त्वमेक जगत्कर्तृ पातृ प्रहर्तृ.**

૨. આંખતણે અણસારે નાચે, માયા જેની દાસી છે. **પ્રીતમદાસ.**

૩. ત્રિગુણી અહંકાર—સત્વ,રજસ્ ,તમસ્.શિવ—બ્રહ્માનેવિષ્ણુત્રિપુટીદેવ.

૪. ૧ તમોગુણથી પંચભુત—પૃથ્વી, જલ, અગ્નિ. વાયુને આકાશ એ સ્થુલ સૃષ્ટી. ૨ પંચ વિષય—શબ્દ, સ્પર્શ, રૂપ, રસને ગંધ એ સુક્ષ્મસૃષ્ટી. ૩ રજોગુણથી ઉભય ઇન્દ્રિય, પંચ કર્મેન્દ્રિ—મુખ, પાણિ, પાદ, ગુદાને ઉપસ્થ. પંચજ્ઞાનેન્દ્રિય—શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના, ઘ્રાણ.

૫. ચોવીશતત્ત્વની સૃષ્ટી. ચાર પંચકને એક ચતુષ્ય.

૬. **यथा जलं जले न्यस्तं, सलिलं भेदवार्जितम् ।**
प्रकृतिः पुरुषः तद्वदभिन्नः प्रतिभाति मे ॥ अवधूत गीता.

૭. **सगुण निर्गुण नहि कछु भेदा,**
वारि वीच अस गावत वेदा. महात्मा श्री तुलसीदासजी.

છંદ.

ઔર નહિ કોય કલ્પ હરિતેં, જ્યોં પાનિકો પાલા ભયો;
જોઇ નિર્ગુન સોઈ સગુનહે, નામરૂપ આપે નયો. ૧
નામ નહિ તાકે નામ સબહે, રૂપ નહિ તાકે રૂપ સબે;
કારજ કારન ઔર નહિ, રૂપ અરૂપી વ્હૈ ફૂબે. ૨
બ્રહ્મલીલા. (અખો.)

સૃષ્ટી કર્તાને કહ્યું, પુરાણ પુરૂષે જેહ;
તમે અવરભાવ તે પરહરો, જન હૃદય રાખો તેહ. ૮

આદિ હું અજ, મધ્ય હું અજ, અંત્ય હું અજ એક;
સદા નિરંતર હુંજ છું, મુજથી કો વ્યતીરેક. ૯

એ અનુભવ લહે અનુભવી, જેને હૃદય આતમજ્ઞાન;
તે સ્તુતિ–નિંદા પરહરે, કરે સઘળે દ્રષ્ટી સમાન. ૧૦

શ્રીજ્ઞાનગીતા ગ્રંથનું, એ આદિ મંગલાચરણ;
હરિ ગુરૂ સંત તણે પ્રસાદે, પામ્યો નિરંજન શરણ. ૧૧

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ જથારથ પ્રગટ કરી કહ્યું;
હરિગુરૂસંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૧૨

कडवुं १ लुं संपूर्ण.

---

૮. બ્રહ્માને આદિનારાયણે ચતુશ્લોકી ભાગવતમાં આ વાત કહી છે.

૯. સ્થુળ ને સૂક્ષ્મ, કારણ મહાકારણ આપ છે.
જ્યાં જેમ છે તેમ, ત્યાં તેવે રૂપે રહ્યો. અખો.

१०. **समं पश्यन् हि सर्वत्र, समवस्थितमीश्वरम् ।
न हिनस्यातात्मनाऽऽत्मानं, ततो याति परां गतिम् ॥
गीता. अ. १३ श्लो. २९.**

११. **राममया सद्गुरुदया, साधुसंग जब होय ।
तब प्राणी जाने कछु, रह्यो विषयरस मोय ॥ विचारमाला.**

૧૨. કહે અખો સહુકો સુણો, એવી ભક્તિ આવીને જતને;
એવા શુદ્ધ ભજનમે પામવા, તમે સેવો હરિ ગુરૂ સંતને.

કડવું ૨ જું.

શ્લોક.

शान्तं दान्तं समं सत्यं, निरूपाधि निरामयम् ।
विविक्त ध्यान मौनंच, दृढाभ्यासालयं मुनिम् ॥ १ ॥

ધ્રુપદ. રાગ ધવલ ધન્યાશ્રી.

આદિ નિરંજન ધાઇએ, જે પ્રકૃતિ પુરૂષનો ઇશજી;
પુરૂષોત્તમ પરબ્રહ્મ પરાત્પર, પરમજ્યોતિ જગદીશજી. ૧
આદિ અંત્ય મધ્ય તે પૂરણ, વ્યાપક સઘળે બ્રહ્મજી;
ઠામ ન ઠાલો કો હરિ વિના, એ મહાજન જાણે મર્મજી. ૨
સ્તુતિ-નિંદા હું તું તજીને, કીજે દ્રષ્ટી સમાનજી;
કહે નરહર શ્રીમુખે કહ્યું, એ અજને આતમજ્ઞાનજી. ૩

દેશી ચાલતી.

અનુભવિ કેરૂં અનુભવ જાણ્યુંજી, શાસ્ત્ર પુરાણે જેહ ગાયુંજી;
જોગેશ્વરે તે હ્રદયમાં આણ્યુંજી, સકલ સિદ્ધાન્તે તેહ વખાણ્યુંજી. ૪

ઢાળ.

વખાણીયું વેદાન્ત, ગીતા, ઉપનિષત્ તે એમ કહે;
એ મન મરતાં કાજ સીજે, તત્ત્વ તે ત્યારે લહે. ૫

---

१. शान्तो दान्तः परमुपरतः क्षान्तियुक्तः समाधिम् ।
कुर्वन्नित्यं कलयति यतिः स्वस्य सर्वात्मभावम् ॥
तेनाविद्यातिमिरजनितान्साधु दग्ध्वा विकल्पान् ।
ब्रह्माकृत्या निवसति सुखं निष्क्रियो निर्विकल्पः ॥ १ ॥
विवेकचूडामणि.

૧. નિરંજન-જેમાં માયાનો લેશ નથી એવા.

૨. પૂરણ બ્રહ્મપુરી રહ્યો, તા બીન નહીં અણું ઠામ;
ઐસે જાન્યા બીન અખા નહીં પાવે આરામ.

૩. No praise or bleme can be, were praiser praised and blamer blamed are one.

૫. વેદાન્ત—વ્યાસસૂત્ર.

અજર જારે, અમર મારે, અબધ બંધે જેહ;
અસ્થિરને જે સ્થિર કરે, ભાઇ સિદ્ધજોગી તેહ. ૬
વિષય છેદે, ઇન્દ્રિય દંડે, ઉપાધિ ન માંડે જેહ;
ચિત્ત રોધે, બુદ્ધિ બોધે, સિદ્ધ જોગી તેહ. ૭
વાસના બાળે, આપ ગાળે, હું તું ટાળે જેહ;
અદૃષ્ટમાંહિ દૃષ્ટિ રાખે, સિદ્ધ જોગી તેહ. ૮
એકાંત રહે ને કર્મ દહે, મૌન રાખે જેહ;
ત્રિગુણ તજે તત્ત્વ ભજે, સિદ્ધ જોગી તેહ. ૯
દૃઢભાવ રાખે, પ્રપંચ નાંખે, સત્ય ભાખે જેહ;
લયલીન હોયે, દ્વૈત ખોયે, સિદ્ધ જોગી તેહ. ૧૦

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ જોગ ગતિ સુક્ષ્મ કહી;
હરિગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહી. ૧૧

कडवुं २ जुं संपुर्ण.

---

६. द्रष्टिः स्थिरा यस्य विनैव दृश्यात् ।
वायुः स्थिरा यस्य विना निरोधात् ॥
चित्तं स्थिरं यस्य विनाऽवलंबात् ।
स एव योगी स गुरुः स सेव्यः ॥ १ ॥ खेचरी मुद्रालक्षण.

७. बद्धोहिको यो विषयानुरागी,
कोवा विमुक्तो विषये विरक्तः ॥ मणिरत्न माला.

८. मै मैरी सब चली गई, फांसि[१] परी बिलाय । १ वासना.
मोहि भरोसा ईष्टका, बन्दा नरक न जाय ॥ कबीर.

९. एकान्तवासो लघुभोजनादि मौनं निराशा करणावरोधः ।
मुनेरसोः संयमनं षडेते, चित्तप्रसादं जनयन्ति शीघ्रम् ॥

१०. उन्मुनी लागी शुन्यमे, निशदीन रहे गुलतान;
तन मनकी कछु सुधी नाहि, पदपाया निरवान.

૧૧, જતિ કહાવે તો મનને જીત, બાકી જે કરશે તે રીત. અખો.

कडवुं ३ जुं.

श्लोक.

एकमद्वितीयं ब्रह्म, मनोवाचामगोचरम् ।
निरालम्बं परंज्योतिः, सर्वव्यापि निरंजनम् ॥ १ ॥
निर्मलं निश्चलं शान्तं, निर्विकारं मनोमयम् ।
बहिरन्तश्च भूतानां, तत्पदं पश्यतो विदुः ॥ २ ॥

ध्रुपद. राग धवल धन्याश्री.

એ અનુભવ અનુભવી તણું, જન હ્રુદય રાખો સોયજી;
દ્વૈત ટાળ્યે કારજ સર્વ સીજે, આતમદર્શન હોયજી. ૧
ત્યારે અજર જારે, અમરમારે, અબંધ એમ બંધાયજી;
અસ્થિર તે ત્યારે સ્થિર હોય, જ્યારે વસ્તુ શું લય લાયજી. ૨
તે સદ્ગુરૂ, તે પંડિત, તે જ્ઞાની, તે વૈષ્ણવ તે સંતજી;
તે જોગી તે મહાંત સન્યાશી, જે નિહાળે સઘળે ભગવંતજી. ૩
સકળ સિદ્ધાન્તતણું સિદ્ધાન્ત એ, નિગમ કહે નિરધારજી;
કહે નરહર એ રસ તે ચાખે જેને કૃપા કરે મોરારજી. ૪

---

१. निरंजनं निरालम्बं, स्थिरं पूर्णं निरंतरम् ।
स्व (यं) प्रकाशं परंधाम, सोऽहं देव नमोऽस्तुते ॥ १ ॥
२. ज्ञाननेत्रं समादाय, उद्धरे द्वन्हिवत्परम ।
निष्कलं निश्चलं शान्तं, तद्ब्रह्माहमिति स्मृतम् ॥ २ ॥
अमृतबिन्दु उपनिषत्.

१. द्वैताद्वै भयं भवति.
२. सांईमें समरस हुआ, चित्त चेतन सन्मुख;
ध्याताथा सो ध्ये भया, एक अखा दोरूप.
३. वासुदेवः सर्वमिति, स महात्मा सुदुर्लभः गीता अ.७श्लो.१९.
४. पूर्णमदः पूर्णमिदं, पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय, पूर्णमेवावशिष्यते ॥ (श्रुतिः)

દેશી ચાલતી.

વળી કહું એક અનુપમ વાણીજી, મહાપુરૂષે નેહ હૃદયમાં આણીજી;
તે અનુભવતાં છૂટે ભવ પ્રાણીજી, અગમ અગોચર વસ્તુને જાણીજી. ૫

ઢાળ.

વસ્તુ જાણી વિશ્વાસ આણી, નિર્વાણ વાણી એ સહી;
જે નેતિ નેતિ કરતાં રહે, તે વસ્તુ અનુપમ લહી. ૬

જેને રંગને રૂપ નહીં, નહીં વર્ણ ને આકાર;
છાયા નહીં માયા નહીં, હરિ નિરંજન નિરાકાર. ૭

જે સ્થુલ નહીં સૂક્ષ્મ નહીં, લઘુ દીર્ઘ નહિ હોય;
સ્થાન માન રહિત મુદ્રા, સચ્ચિદાનંદ સોય. ૮

તે પૃથ્વી નહિ પાણિ નહિ, નહિ તેજ વાયુ આકાશ;
ઇન્દ્રિય અંતઃકર્ણ, ત્રિગુણ વર્જિત; સ્વયંજ્યોતિપ્રકાશ. ૯

તે બાલ યૌવન વૃદ્ધ નહિ, નહિ નેરે નહિ દૂર;
દેવ દાનવ રહિત માનવ, નિરાલંબ ભરપૂર. ૧૦

---

૫. અનુભવી ઉગ્યો ને ટળ્યુંરે અંધારૂં,
અગમ અગોચર ઘર લાધ્યું મારૂં;
દાસ પ્રીતમ કહે સ્મરણ સાચું તો,
હિરો આપ્યો ગુરૂએ હાથમાંરે. **महात्मा प्रीतमदासजी.**

૬. ભાઈ સોને સમજે સંત શુરા, કર ગૃહી નથી આલવા;
આપે આપ નિરંજન, તો જાય કેને ઝાલવા. અખો.

૭. There is but One, the free, the knower self;
Without a name without a form or Stain.
Swami Vivekanand.

૯. **मनोबुद्ध्यहंकार चित्तानि नाहं,**
न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे;
न च व्योमभूमी न तेजो न वायु,
चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम्. ॥ श्री शंकराचार्य.

તે બદ્ધ મુક્ત નહીં, નહીં સંધિ દિવસ ને રાત;
પ્રકૃતિ પુરૂષ નહીં, નહીં નપુંસક સર્વમય સાક્ષાત. ૧૧
તે રક્ત નહીં, પીત નહીં, નહીં નીલ શુભ્ર ને શ્યામ,
જાતિ વર્ણ આશ્રમ નહીં, સકલ વ્યાપક રામ. ૧૨

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, નિર્વાણ વાણી એ સહી;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહી. ૧૩

કડવું ૩ જું સંપુર્ણ.

કડવું ૪ થું.

ધ્રુપદ. રાગ ધવલ ધન્યાશ્રી.

વસ્તુ વિચાર કરોરે પંડિતો, વાદવિવાદ, હું, તું ટાળોજી;
નિરાકાર નિર્લેપ નિરંજન, પુરણ બ્રહ્મ તે નીહાળોજી. ૧
તૂર્યાતીત નિરાલંબ નિશ્ચલ, અકળ કળ્યો નવ જાયજી;
દશ ષટ્ અષ્ટ એકથી અલગો, વેદ ઉપનિષત્ ગાયજી. ૨

११-१२. न मे मृत्यु शंका न मे जाति भेदः
पिता नैव मे नैव माता न जन्म ।
नबन्धुर्न मित्रं गुरुर्नैव शिष्य-
श्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ १ ॥
अहं निर्विकल्पो निराकार रूपो ।
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणि ॥
सदा मे समत्वं न मुक्तिर्नबन्ध ।
श्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ २ ॥

१ एकोवशी सर्वभूतान्तरात्मा, एकंरूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥
श्रुतिः

૨. દશ ઇન્દ્રિય. અષ્ટ આવરણ. ષટ્ ઉર્મી-વિકાર ને પ્રકૃતિથી પર.

તે પરમ પુરૂષ હરિ અંતર્જામી, રહ્યો સકલ ભરપૂરજી;
કહે નરહરિ તે વિશ્વવ્યાપક, ચૈતન્ય બ્રહ્મ નહિ દૂરજી. ૩

દેશી.

જન તમ્હો જાણો સઘળે બ્રહ્મજી, સેવો નિરંતર એક નિઃકર્મજી;
મનથી ટાળો હું તું ભર્મજી, સમજો સમજો મૂળગો મર્મજી. ૪

કાળ.

મર્મ સમજો મૂલગો ભાઇ, એક બુદ્ધિ રાખો ખરી,
બાહ્યાભ્યંતર સર્વ નિરંતર, પ્રગટ પૂર્ણ શ્રીહરિ. ૫

નિર્મલ નિશ્ચલ કલાવર્જીત, અકલ કળ્યું નવ જાય;
મહાજોગી તત્ત્વદર્શી, રહ્યા તે લય લાય. ૬

તે શુદ્ધ બુદ્ધ સદા સદોદિત, નવ આવે નવ જાય;
મન વાણિ ઇન્દ્રિય અગોચર, ક્ષર અક્ષર ન કહેવાય. ૭

તે અમર અજર અછેદ અવિગત, અનિર્વચનીય જેહ;
નિત્ય વ્યાપક હેતુ વર્જીત; અનાદિ ઇશ્વર તેહ. ૮

તે વિશ્વકર્તા વિશ્વધર્તા, વિશ્વભર્તા જેહ;
વિશ્વ પહેલું વિશ્વ સાક્ષિ, વિશ્વહર્તા તેહ. ૯

---

૩. પૂરણ બ્રહ્મપૂરી રહ્યા છે, તા બીન નહીં અણું ઠામ;
ઐસે જાન્યા બીન અખા, નહીં પાવૈ આરામ.

૪. કાળ કર્મ નહિં લાગે લેશ, છે આનંદિ હરિનો દેશ.

૫-૮. निर्विकल्पम नंतं च, हेतुदृष्टान्त वर्जितम ।
अप्रमेयमनादिं च, यं ज्ञात्वा मुच्यते बुधः ॥

अमृतबिन्दु उपनिषत्.

૯. त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं,
त्वमेकं जगत्कारणं विश्वरूपम्,
त्वमेकं जगत्कर्तृ पातृ प्रहर्तृ,

તે પરમાત્મા હરિ પરમ કારણ, સ્વયંજ્યોતિપ્રકાશ;
શુદ્ધ ચૈતન્ય સર્વ વ્યાપક, અખંડિત અવિનાશ. ૧૦
પરાત્પર પરબ્રહ્મ કારણ, સત્ય મુક્તિ અપાર;
સનાતન નિર્લેપ નિર્ગુણ, હરિ નિરંજન નિરાકાર. ૧૧

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ પરમતત્ત્વ પ્રગટ કહ્યું;
હરિગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૧૨

કડવું ૪ થું સંપૂર્ણ.

कडवुं ५ मुं.

श्लोक.

अध ऊर्ध्व च मध्यं च, द्विपदादि चराचरम् ।
साकारं वा निराकारं, पूर्ण ब्रह्म सनातनम् ॥ १ ॥

ધ્રુપદ. રાગ રામશ્રી.

આતે બ્રહ્મ જાણો, આતે બ્રહ્મ જાણો;
વ્યાપક વિષ્ણુ હૃદયમાંહી આણો. ટેક.

એ અનુભવ ખરો, દ્વૈત બુદ્ધિ પરહરો, અદ્વૈતભાવ હૃદયમાંહી રાખો;
બાહ્યાભ્યાંતર બ્રહ્મ નિરંતર, એ સત્ય સત્ય વેદ વાણી દાખો. આતે. ૧

१०-११. त्वमेकं परं निश्चलं निर्विकल्पम्

१. स्थूल ने सूक्ष्म कारण महाकारण आप छे;
ज्यां जेम छे तेम त्यां तेवे रूपे रह्यो. (अखो.)

१. जले विष्णुः स्थले विष्णु, विष्णु पर्वत मस्तके,
ज्वालमालाकुले विष्णुः, सर्व विष्णुमयं जगत् ॥

શુદ્ધ બુદ્ધ મુક્ત અકલ અવિનાશી, પરાત્પર પરબ્રહ્મ કહીયે;
મન વાણિ ઇન્દ્રિય ગુણ વર્જિત, સચ્ચિદાનંદની શરણ રહીયે. આતે. ૨
વિલંબ ન કીજીએ બ્રહ્મરસ પીજીએ, લીજીએ લાહો સત્સંગ કરી;
હું તું ટાળીએ વસ્તુ નિહાળીએ, કહે નરહરિ એ બુદ્ધ ખરી. આતે. ૩

દેશી ચાલતી.

વળી કહું કેવલ આતમજ્ઞાનજી, તે સુણતાં ટળે દેહાભિમાનજી;
સઘળે હોયે દૃષ્ટિ સમાનજી, જન્મ-મરણનું ટળે અભિમાનજી. ૪

ઢાળ.

અજ્ઞાન ટળે અંતઃકર્ણ ગળે વાસના જાય વિલે,
વસ્તુ વિચારે વિગતિ ભાજે, ચિત્ત ચિદાનંદમાંહે ભળે. ૫
વસ્તુથી એ વિશ્વ ઉપજે, વિશ્વ વસ્તુ પ્રથક નહીં,
સૂરજ-કીરણ દૃષ્ટાન્ત જોતાં, કારજ-કારણ એમ સહી. ૬

---

२. देहेन्द्रियमनो बुद्धि प्राणादिभ्यो विलक्षणः
सच्चिदानंद सत्यात्मा तमोंकारं भजाम्यहम् ॥

૩. દહો કહે વીહાને મેં પૂછું તો; વીહા, આપણા દેહમેં કેત્તા ડુંગર ડુંગરી ને કેત્તી ભો સરખી ભો.

ઉત્તર. વીહો કહે દહા, મેં કહું તો; આ હું તું મટે તો નહીં ડુંગર નહીં ડુંગરી, સઘળી ભોં સરખી ભોં.

દ્વૈત બુદ્ધિ, દ્વંદ્વ માત્ર ચૈતન્ય દેશમાં આડ રૂપ છે.

४. देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि;
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः ॥ १ ॥

५. भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्व संशयाः
क्षीयन्ते चास्य कर्माणि, तस्मिन् दृष्टे परावरे ॥ मुण्डकोपनिषत्

६. हरिरेव जगत् जगदेव हरिः, हरितो जगतो नहि भिन्न तनुम्
इति यस्य मतिः परमार्थ गतिः, स नरो भवसागरमुत्तरति ॥

કનક–કુંડલ ભુમિ–ભાંડજ, ઉદક લહરિ જેમ;
એવું દૃષ્ટાન્તે જાણુજો, ભાઇ જીવ બ્રહ્મ છે તેમ. ૭
બ્રહ્મથી બ્રહ્માંડ ઉપજે; બ્રહ્માંડમાહે બ્રહ્મ;
તંતુપટ વિચાર કરતાં, ભાજે શઘળો ભર્મ. ૮
અગ્નિથી જેમ દીપ પ્રગટે, દીપ માંહે અગ્ન;
નિર્ગુણ સગુણ એમ જોતાં, ભાસે નહીં કો ભિન્ન. ૯
જેમ ભૂતમાં મહાભૂત વ્યાપક, એમ વ્યાપક રામ;
એ સ્વયંપ્રકાશ સઘળે, ઠાલો નહીં કો ઠામ. ૧૦
વાયુમાં જેમ સ્પર્શ વ્યાપક, તેજમાં જેમ રૂપ;
આકાશમાં જેમ શબ્દ વ્યાપક, એમ બ્રહ્મ સ્વરૂપ, ૧૧

ઉથલો.

કહે નરહર સહુ સાંભળો, એ આત્મજ્ઞાન કેવલ કહ્યું;
હરિગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૧૨

कडवुं ५ मुं संपुर्ण.

---

૭. જીવ તું અળગો ક્યાં અથડાય, બીજો નથી બોલતો;
તારે ઓથે હરિને નથી દેખતો, જેમ કુંડળ ઓથે કનક ઢંકાય.
બીજો નથી. ૧
જેમ લહરી સાગરને જૂએ, લહરી સમે તો સાગર દેખાય. બીજો. ૨

સાખી.

૮. નિર્મલ નયણે નીરખતાં, દરસે નીજ દિદાર;
પટતંતુ ન્યારો નહીં, જેમ હાટક ને હાર. પ્રીતમદાસ.

૧૦. There is Infinite even in the finite.

११. एको देवः सर्व भूतेषु गूढ; सर्व व्यापी सर्व भूतान्तरात्मा ॥

कडवुं ६ ठुं.

श्लोक.

पुष्पे गंधं तिले तैलं, काष्ठे वन्हि पये घृतम् ।
इक्षौ गुडं तथा देहे, पश्यात्मानं विवेकतः ॥ १ ॥

ધ્રુપદ. રાગ કેદારો.

ગુરૂએ જ્ઞાન કહ્યું ગુરૂએ જ્ઞાન કહ્યું, એણે અનુભવે પદ નિર્વાણ લહ્યું;ટેક.
એક અદ્વૈત પરબ્રહ્મ સનાતન, હરિ વિના ન ઠાલો ઠામ;
જેમ કંચન નાના વિધ દીસે, એમ અંતર્જામી રમતારે રામ. ગુરૂએ. ૧
હરખ શોક સુખ દુઃખ તે પરહરો, ઉંચ નીચ રખેરે જાણો;
વાદવિવાદ નિંદા–સ્તુતિ પરહરો, કેવલ વસ્તુ સઘળે પ્રમાણો. ગુરૂએ. ૨
હરિમાં વિશ્વ વિશ્વમાં હરિ, જેમ ભૂતમાં ભૂત ભાસે;
બાહ્યાભ્યંતર સર્વ નિરંતર, કેવલ કૃષ્ણ તે સ્વયંપ્રકાશે. ગુરૂએ. ૩
સદ્ગુરૂ વાણિ સત્ય તે જાણી, મહાજન હૃદયમાંહિ આણો;
દાસ નરહરિ કહે સકલ નારાયણ, હરિજન હોય તે હરિ જાણો. ગુરૂએ. ૪

દેશી ચાલતી.

જન હૃદય રાખો આત્મવિવેકજી, વસ્તુ વિચારે હું એકજી;
નવ ભૂલો જોઇ અનેકજી, અનેક તે એક અંતર્જામીજી. ૫

---

१. गवामनेक वर्णानाम्, क्षीरस्याप्येकवर्णता ।
क्षीरवत्पश्यते ज्ञानं, लिङ्गिनस्तु गवां यथा ॥

મેરા પીયુ મુજમાંહિ પ્રકાશી, જ્યું દર્પણ માંહિ મુખ ભાસી;
મૈં પીયુમાંહિ પીયુ મુજમાંહિ, કંચન ભૂષણ અંતર નાહિ.
રાવસાહેબ.

२. किं भद्रं किम भद्रं वा, द्वैतस्यावस्तुनः कियत्
वाचोदितं तदनृतं, मनसा ध्यातमेव च ॥ भागवत.

૩. વિશ્વ વસ્તુમાં શાનો ફેર, જેમ મણ એકના ચાલીશ શેર;
નાને કાટલે સઘળા પિંડ, એમ વસ્તુ જોતાં બ્રહ્માંડ. અખો.

४. सर्वं खल्विदं ब्रह्म. (श्रुतिः,)

૫. એક તે અનેક, અનેક મળી એકજ. અખો.

ઢાળ.

અંતર્જામી એક સઘળે, તે કહું દ્રષ્ટાન્તે કરી;
એણે અનુભવે દ્વૈત ટળે, પ્રગટ મળે શ્રી હરિ. ૬
તિલમાંહે જેમ તેલ પ્રગટે, પૃષ્પમાં જેમ વાસ;
કાષ્ટમાં જેમ અગ્નિ પ્રગટે, એમ બ્રહ્મ પ્રકાશ. ૭
ઇક્ષુમાં જેમ શર્કરા, અને દૂધમાં જેમ આજય;
દખદમાં જેમ લોહ છે, એમ વિષ્ણુ મધ્યને બાહ્ય. ૮
જેમ ધેનુ નાના વર્ણુ દીસે, અને દૂધ જોતાં એક;
તેમ રૂપ નાના એક આત્મા, જો જો કરી વિવેક. ૯
જેમ અર્ક એકને નેત્ર નાના, તે કરે સમગ્ર પ્રકાશ;
તેમ એક દેહી દેહ નાના, બ્રહ્માંડ કોટી નિવાસ. ૧૦
જેમ કાષ્ટ કેરી પૂતલી તે નચાવે સૂત્રધાર;
તેમ એક આત્મા પ્રવર્તક દેહનો, જન જાણજો નિરધાર. ૧૧
જેમ બહુ પેરે વિસ્તર્યું, ભાઈ વટ-બીજ ત્યાં એક;
એમ અખંડિત પરમાત્મા ભરમે તે ભાસે અનેક. ૧૨

૬-૧૦. **અખાનુ પદ.**

આતમ એક છેરે હાં, એક ઉદર એક ખાણુરે;
બહાર આવ્યા પછી ઉત્તમ મધ્યમ છે તાણાં વાણુરે. આતમ. ૧
(ભાઇરે) બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શુદ્ર, બાંધ્યા છે વર્ણ ચારરે,
સોનું સરવે એક છે, એના ઘાટ ઘડયારે અપારરે. આતમ. ૨
ભાઇ મેલો મમતા ને ટાળો સંશય, પરહરોને પાખંડરે;
શેરડી સરવે એક છે, ગોળ સાકર ને ખાંડરે. આતમ. ૩
નવસેં નવાણું નદીયોનાં નીરજ ચાલ્યાં, જુજવાં જુજવાં જાયરે;
આઘ સરવાળે સૌ એક છે, એ નિર પહોંચ્યાં નવાણુરે. આતમ. ૪
આચારીને સદાય અવગત, મૂળ શોધ્યા વિના ભ્રમરે;
કહે અખો આત્મ દર્શન વિના, કેમ કરી છૂટશો કર્મરે. આતમ. ૫
૧૧. દોરી સઘળી એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નીસરે. **દયારામભાઈ.**
૧૨. **ब्रह्म बीज जग वृक्ष है, बीजांकुरन्याय.**

જેમ ભૂષણુ ભાસે અતી ઘણાં, સુવર્ણુ એક તે જાણુ;
એમ પ્રપંચ પ્રૌઢ ભાસે ઘણું, પરબ્રહ્મ એક નિર્વાણુ. ૧૩
જેમ ભાંડ નાના પેખીએ, પણુ મૃતિકા છે એક;
એમ અદ્વૈત બ્રહ્મ તે દ્વૈત ભાસે, જન જોજો કરી વિવેક. ૧૪

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ આત્મવિવેક પ્રગટ કહ્યું;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે યોગીન્દ્રે લહ્યું. ૧૫

કડવું ૬ ઠું સંપુર્ણ.

કડવું ૭ મું.

શ્લોક.

दृश्यं वा यदि वादृश्यं, सूक्ष्मं वा यदिवा महत् ।
आत्मैव केवलं सर्वं, सर्व सिद्धान्त संग्रहः ॥ १ ॥

ધ્રુપદ.

એ વિવેક માચો એ વિવેક સાચો, આત્મા સત્યને પિંડ કાચો. એ ટેક.
પુરૂષ તે પરખીએ હઇયે લઇ હરખીએ, નયણે નીરખીએ રામરાયે;
તાપત્રય વામીએ સકલ સુખ પામીએ, તન મન અતી શીતલ થાયે.
એ વિવેક. ૧

---

૧૩. જેમ ઘાટ ઘડયા પછી, નામ રૂપ જુજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. જાગીને જોઉં તો જગત દીસે નહીં ઈ.
નરસિંહ મહેતો.

१४. एकोऽहं बहु स्याम् . (श्रुतिः)

१. आत्मैव केवलं सर्वं, भेदाभेदो न विद्यते ।
अस्तिनाऽस्ति कथं ब्रूयाम् , विस्मयः प्रतिभाति मे ॥१॥
अवधूत गीता.

અવિનાશી આતમ અચલ, જગતા તેં પ્રતિકૂલ;
ઐસો જ્ઞાન વિવેક હે, સબ સાધનકો મૂલ.

મૂલ થકી સર્વ છાંડીએ પ્રીતડી માંડીએ, એણીપેરે નિઃસંગ થઇએ;
વસ્તુ વિચારીએ વિગતિ તે ભાંજીએ, કૃષ્ણ કહી વલી કૃષ્ણ કહીએ.
એ વિવેક. ૨

જેમ કાષ્ટ નાના વિધિ એક તે પાવક, ધેનુ નાના વિધિ દૂધ એક;
તેમ દેહ નાંના વિધિ દેહી પ્રકાશક, કહે દાસ નરહર એ આત્મવિવેક.
એ વિવેક. ૩

દેશી ચાલતી.

વળી સિદ્ધાન્ત કહું નિરધારજી, ઉપનિષત્‌નું જે છે સારજી;
વિશ્વ તે ભાસે બ્રહ્માકારજી, તે અનુભવતાં હોયે ભવપારજી. ૪

ઉથલો.

વિશ્વ બ્રહ્માકાર ભાસે, આનંદ હોયે અતી ઘણો,
જેણે આવરણ વિક્ષેપ ન હોય, એ પ્રકાર કહું તે શુણો. ૫
એક પૂરણ આત્મા ભાઇ, અવર ન બીજો કોય;
નિરાકાર સાકાર શ્રીહરિ, સકલ વ્યાપક સોય. ૬
જેમ મણિમાં સૂત્રને સૂત્રમાં મણિ ઓત પ્રોત તે જાણ;
એમ હરિમાં વિશ્વને વિશ્વમાં હરિ, અનુભવ એવો આણ. ૭

---

2. Do'nt love the flesh and the bones,
Love the Divinity within.

James Allen.

૩. નામરૂપ ગુણ કર્મ અનેક, અખા ચેતન સરવે એક.

૫. नित्योऽनित्यानां चेतनश्चेतनानाम्
एको बहूनां यो विदधाति कामान्।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्
तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥ १ ॥

यजुर्वेद. कठोपनिषत्.

૬-૭. यथा न तोयतो भिन्नास्तरंगाः फेनबुद्बुदाः।
आत्मनो न तथा भिन्नं विश्वमात्मविनिर्गतम् ॥ १ ॥
तंतुमात्रो भवेदेव पटो यद्वद्विचारतः।
आत्मतन्मात्रमेवेदं तद्वद्विश्वं विचारितम् ॥ २ ॥

ઉત્પત્તિ સ્થિતિ લય બ્રહ્મમાંહે, આ બ્રહ્મ પૂર્ણ પ્રકાશ;
ટાળ શંકા જન્મ-મરણુની, એ આત્મા અવિનાશ; ૮
નાના બુદ્ધિ અજ્ઞાનીને, જ્ઞાનીને એકજ રૂપ;
શુદ્ધ ચૈતન્ય આત્મા સઘળે તે સત્ય સ્વરૂપ. ૯
અધ:ઉર્ધ્વને મધ્ય વ્યાપક, એક આત્મારામ;
બંધ મોક્ષ તે કલ્પના, હરિ વિના ઠાલો ન ઠામ. ૧૦
સ્થાવર જંગમ રૂપ હરિનાં, એ અનંત મૂ્ત અપાર;
ત્યહાં ભિન્નભાવ ન આણીએ, નિરાકાર તે સાકાર. ૧૧
પૂર્ણ બ્રહ્મ પૂરી રહ્યો છે, ઠાલો નહીં અણું ઠામ;
એ જયહાં જેવો ત્યાં તેવો, સકલ વ્યાપકરામ. ૧૨
સ્વભાવ સઘળા હરિતણા, સર્વ રૂપ હરિનું જાણ;
ગુણ કર્મ નામ તે હરિતણાં, એક હ્રદય હરિને આણ. ૧૩
એમ જોતાં ટળે આવરણ, વિક્ષેપ ન હોય લગાર;
આનંદ અંગે ઉપજે, મન હોયે બ્રહ્માકાર. ૧૪

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, સિદ્ધાન્તપક્ષજ એ કહ્યુ;
હરિ ગુરૂસંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૧૫

कडवुं ७ मुं संपूर्ण.

९-१०. आत्मज्ञानाज्जगद्भाति, आत्मज्ञानान्न भासते।
रज्जवज्ञानादहिर्भाति तज्ज्ञानाद्भासतेन हि ॥३॥ अष्टावक्र गीता.

૧૧. ચિદાનંદ કેરાં સૌ રૂપ, દષ્ટ પદારથ આપે ભૂપ;
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરિ;
સદા સર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ.

१२. पूरण ब्रह्मपूरी रह्यो, ता बिन अणु ठाम;
ऐसे जान्या बिन अखा, नाहि पावे आराम

१३. स्वेप्रभु पोतेज छे, पूरण सर्वावास;
ए वेदवचन माने अखा, बीजुं ते अन्य आभास

१४. पूरणमें आशय मीलया, लक्ष भया तद्रूप;
अखा काम इतनाहि है, समजा भया स्वरूप.

१५. हरि गुरु सब शास्त्र कहे, कहे पोकारी लोक।
आत्मज्ञान पायां अखा, सब टळीजे शोक ॥

कडवुं ८ मुं.

श्लोक.

निर्गुणं च निराकारं, शुद्धचैतन्य व्यापकम् ।
अतिसूक्ष्मं परंब्रह्म बोधात्मा ज्योतिरव्ययम् ॥ १ ॥

ધ્રુપદ. રાગ ટોડી.

સિદ્ધાન્તનું સિદ્ધાન્ત એહજ, ચૈતન્ય બ્રહ્મ વ્યાપક એહ જાણો. ટેક.
જે બોલે તે બીજો નહીં ભાઈ, જાણુ ન હારો તેહ જાણો;
હું તું હરહરો હરિ હરિ ઓચરો, એ નિશ્ચય હૃદયમાંરે આણો.
સિદ્ધાન્તનું. ૧

જેને આધારે આ જગત સઘળું રહ્યું, પુરૂષ પુરાતન તેહ કહીયે;
હલણ ચલણ સર્વ હોય જે વડે, તેહ અનુભવતાં તેહ થઈએ.
સિદ્ધાન્તનું. ૨

એકથી અનેક, અનેક મળી એકજ, એક અનેક પ્રથક નહીં;
ભુમિ એકજ ભાંડ નાના વિધિ, કહે દાસ નરહરિ એ વિશ્વ એમ સહી.
સિદ્ધાન્તનું. ૩

દેશી ચાલતી.

વળી તત્ત્વ કહું તે હૃદય રાખોજી, અવર ઉપાધિ તે સઘળી નાખોજી;
બ્રહ્મરસ તે નિરંતર ચાખોજી, અહરનિશ સત્ય શબ્દ તે લોખોજી, ૪

---

૧. ગગન તણી પેરે વ્યાપક જેહ, જન્મ મરણ કેમ પામે તેહ;
શુદ્ધ સૂક્ષ્મ અવ્યય શિવરૂપ, અજર અમર બ્રહ્મ અકલ અરૂપ. ૧
નિત્ય સનાતન સર્વાવાસ, શુદ્ધ બુદ્ધ તે પૂર્ણ પ્રકાશ;
ઉત્પત્તિ સ્થિતિ લય વર્જીત જેહ, આત્મ સ્વરૂપ જાણો જન તેહ. ૨

૨. જેને આધારે સૌ રહ્યું પિંડ ને બ્રહ્માંડ. **योग वासिष्ठसार.**
સચરાચર શોભી રહ્યો, અવિનાશી અખંડ. સાંભળ શુદ્ધ ચિત્તે કરી.
બ્રહ્મ જથારથ ભાળતાં, ભાગે મનની ભ્રાંત,
પ્રીતમ પ્રીછે પાધરૂં, થાય રામજ્યે શાંત. સાંભળ શુદ્ધ ચિત્ત કરી.

દોહ.

સત્ય ભાખો પ્રપંચ નાખો, તત્ત્વ રાખો હૃદય ધરી;
દ્વૈત ટાળો અદ્વૈત નિહાળો, એક દ્દષ્ટી રાખો ખરી. ૫
અંતરજામી આત્મા, સર્વત્ર વ્યાપક સોય;
હરિ દાતા હરિ ભોક્તા, અવર બીજો નહીં કોય. ૬
પ્રગટ પેખો પિંડમાં, પરમાત્મા પરબ્રહ્મ;
એ અકલ મૂરત ઓળખો, ભાજે તે સઘળો ભર્મ. ૭
સૂક્ષ્મમાં હરિ અતી સૂક્ષ્મ, રહ્યો સકલ ભરપૂર;
તે શ્રી ગુરૂ દ્દષ્ટે નિહાળીયે, પરમાત્મા નહીં દૂર. ૮
જે બોલે ચાલે સાંભળે, અને રૂપ નિહાળે જેહ;
ગંધ ગૃહે રસ ભોગવે, પરમાત્મા હરિ તેહ. ૯
લીલા એ જે ઘડે ભાંજે, રચે રચના જેહ;
જેની ગતિ કો પ્રીછે નહીં, સમર્થ સ્વામી તેહ. ૧૦
જડ અજડ જેમાં રહે, અને જડ અજડમાં જેહ;
જડ અજડનો જે પ્રકાશક, બ્રહ્મ કૈવલ્ય તેહ. ૧૧

---

૫ जग अरु आप ब्रह्ममय जानै, दूजो भाव कछु नांहि आनै;
ब्रह्मभावतें ब्रह्म हो जावे, जन्ममरण सब दुःख विसरावे.
भागवत स्कं. ११ अ. २८.

૬ ભાઈ ભક્ત તે જે એમ જાણે, જાણીને હૃદયે ધરે;
સ્વામી મ્હારો રહ્યો સઘળે, અહર્નિશ ચિંતન એમ કરે. ૧
ભુવન ત્રણમાં રહ્યો પૂરી, પૂરણ સ્વે પરમાત્મા;
પોતે તો પીયુજી નિરંતર, પણ ભેદ દેખે ભાતમાં. ૨
મ્હારો રામ રમે છે સર્વ વિશે, એમ હેતે હિસ્સે મન;
હરિ કહે એ સાંભળે હરિ, હરિને સોંપે તન. ૩
નિત્ય રાસ નારાયણનો, દેખે તે અનંત અપાર;
જ્યાં જેવો ત્યાં તેવો નારાયણ નરનાર. અખે ગીતા.

૧૧ सर्वं भूताधिवासं यद्. भूतेषु च वसत्यपि ।
सर्वानुग्राहकत्वेन, तदस्म्यहं वासुदेवः ॥
अमृतबिन्दु उपनिषत.

દેહ ઇન્દ્રિય મન પ્રાણુનો, સદા સાક્ષી જેહ;
સર્વમાંહે ને વેગલો, પૂર્ણ પુરૂષ ત્યાં તેહ. ૧૨

જાગૃત સ્વપ્ન સુષુપ્તિ, તુરિયા એનો જે ઇશ;
આ સદાસદોહિત જલહલે, પરમ જ્યોતિ જગદીશ. ૧૩

ઉપજે ન વણુશે આવે ન જાય, સ્થિર પૂરણુ અવિનાશ;
શુન્યમાં સોહામણો, તે તેજપુંજ પ્રકાશ. ૧૪

તે કેવો એ કહેવાય નહીં, જેને નેતિ નેતિ કહે વેદ;
તે શ્રી ગુરૂ કૃપાએ જાણીએ, ત્યારે ટળે સરવે ભેદ. ૧૫

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ તત્ત્વ દૃષ્ટી પ્રગટ કહી;
હરિ ગુરૂ સંત તણે પ્રસાદે, વિરલે જોગીન્દ્રે લહી. ૧૬

કડવું ૮ મું સંપુર્ણ.

કડવું ૯ મું.

શ્લોક.

आत्मारामो हि संतुष्टो, निर्द्वंद्वो शीतलाशयः ।
निर्ममो निरहंकारः, प्रबुद्धः समदृग् मुनिः ॥ १ ॥

ધ્રુપદ. રાગ આશાવરી.

તત્ત્વ તેહ જાણો તત્ત્વ તેહ જાણો, એણે પદ સોહં હંસ સમાણો; ટેક.

---

१२ सबही करै ने कछुय न कर्ता, सबही धरै ने कछुय न धर्त्ता
सबही मांहि सबहीसे न्यारा, ऐसा समरथ धनी हमारा.
रवि साहब.

१५ यस्य देवे पराभक्ति, र्यथादेवे तथा गुरौ,
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः

રૂપ રંગ નામ ગુણુ વર્જીત, સ્થૂલ સૂક્ષ્મ આકાર નહીં;
સર્વ જાતાં એ અવશેષ ઉગરે, પરમ તત્ત્વ ત્યાં એ સહી. તત્ત્વ. ૧
મન બુદ્ધિ ચિત્તની જ્યાં ગમ નહીં, વાણિ વકતવ્યે નવ થાય;
સદ્ગુરૂની શમસ્યા પ્રીછતાં ભાઇ, જ્યોતિમાં જ્યોતિ શમાય. તત્ત્વ. ૨
અકલ કો નવ કલે, શૂન્યમાં જલહલે, પ્રગટ મળે પરબ્રહ્મ ત્યારે;
કરે નરહર ગુરૂ દૃષ્ટે અવિલોકતાં, ઉન્મની યે મન રહે જ્યારે. તત્ત્વ. ૩

દેશી ચાલતી.

વળી કહું કેવલ નિઃકર્મ યોગજી, જેણે કરી હોયે તત્ત્વનો ભોગજી;
સદ્ય સમૂળો ટળે ભવરોગજી, સત્ય સ્વરૂપ શું હોય સંજોગજી. ૪

ઢાળ.

સંજોગ હોય સ્વરૂપ શું ઉપાધિનું આવરણુ ટળે;
લક્ષણુ ગૃહેતાં સંતનાં, એ જીવ બ્રહ્મમાંહે ભળે. ૫
સાધુ પુરૂષ તે જાણુજો, જેને હોય લક્ષણુ ત્રીશ;
શ્રી કૃષ્ણુજીએ ઉદ્ધવને કહ્યું, તે પદ પામે જુગદીશ. ૬

---

૧ सन्तोऽनपेक्षा मच्चित्ताः प्रशान्ताः समदर्शिनः ।
निर्ममा निरहंकारा निर्द्वन्द्वा निष्परिग्रहाः ॥
श्रीमद् भागवत स्कं. ११ अ. २६ श्लो. २७.
अजमनिद्रम स्वप्नम नामकम रुपकम्
सकृद्विभातं सर्वज्ञं नोपचारः कथंचन ॥१॥
श्री गौडपादाचार्य.

૨. સંતો ગુરૂ ગમ હોય તે ચાલે એને મારગે,
વાટ સિંધુ કેરી;
પગ ન ટકેરે પપીલનો, જ્યાં છે સાંકડી શેરી. અખો.

૩. સંતો આકાશથીરે આઘે રહું, જયહાં નહીં રૂપ ને નામ;
સહજે તે શૂન્ય નીહાળતાં, પેખ્યું પૂરણુ ધામ.

૪. કર્મ કરતાં નાવે છેહ, વસ્તુ વિચારે ન મળે શેષ.
અખો.

૫. મુક્તનાં લક્ષણુ તે મુમુક્ષુનાં સાધન જાણુવા.

૬ समदृष्टी शीतल हृदय, अद्भुत वाकी चाल;
ऐसा सद्गुरु जो मीले रामा, तो पलमें करे निहाल.

લક્ષણ કહું હવે સંતનાં, જન સાંભળો એક ચન્ત્ય (ચિત્ત)
આવાગમન સંશય ટળે, મળે આદ્ય પુરૂષ અનંત. ૭
કૃપા[1] કરે સર્વ ભૂતને. દ્રોહ[2] ન કરે લગાર;
ક્ષમા[3] ધરે મનને વિશે, તે આચરે સત્ય[4] સાર. ૮
આત્મભાવ[5] હૃદય ધરે; સમાન દૃષ્ટે[6] જોય;
ઉપકાર[7] કરે સર્વ ભૂતને, તેને કામ ક્રોધ[8] નવ હોય. ૯
ઉર્મીએ[9] લેપાય નહીં, ભાઈ જેહનાં ચિત્ત હોય ધીર;[10]
તે સ્ત્રી-સુવર્ણું[11] નવ મોહીયો, જે રહિત લિંગ શરીર.[12] ૧૦
એકાદશ ઇન્દ્રિય[13] દમે, હૃદય ધરે કોમલ ભાવ;[14]
સદા શુચી[15] તે બાહ્યાભ્યંતર, દુસ્તર તારક નાવ.[16]
અકિંચન[17] તે જાણજો, જે રહિત સકલ વિકાર;[18]
ઇચ્છા ન કરે તે મુક્તિની,[19] તે સેવે હરિપદ સાર.[20] ૧૨
તે અલ્પ અહારી,[21] બ્રહ્મચારી,[22] વિષય-રસનો ત્યાગ;[23]
શાંત સ્વભાવ[24] સંતોષ[25] લયલીન,[26] દેહ ઉપર વૈરાગ.[27] ૧૩
સ્થિરભાવ આણે.[28] તત્ત્વ જાણે,[29] સદા રહે મમ શર્ણ;[30]
મનનશીલ મુની ત્યાં તે સહી, જેનાં શુદ્ધ અંતઃકર્ણ. ૧૪

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ સંતનાં લક્ષણ કહ્યાં;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યાં. ૧૫

कडवुं ९ मुं संपूर्ण.

---

૮ कृपालुरकृत द्रोहस्तितिक्षुः सर्व देहिनाम् ।
सत्य सारोऽनवद्यात्मा समः सर्वोपकारकः ॥१॥
कामैरहतधीर्दान्तो मृदुः शुचिरकिंचनः ।
अनीहो मितभुक् शान्तः स्थिरो मच्छरणो मुनिः ॥२॥
अप्रमत्तो गभीरात्मा धृतिमाञ्जित षड्गुणः ।
अमानी मानदः कल्पो मैत्रः कारुणिकः कविः ॥३॥
आज्ञायैवं गुणान्दोषान्मयादिष्टानपि स्वकान् ।
धर्मान्संत्यज्य यः सर्वान्मां भजेत स सत्तमः ॥४॥
श्रीमद् भागवत ११. ११. श्लो. २९-३२

कडवुं १० मुं.

श्लोक.

द्विपादं च चतुष्पादं, अपादं बहु पादकम् ।
सर्वत्र सर्वदा सर्वं, चिद्रूपं पश्यतो मुनेः ॥ १ ॥

રાગ ધન્યાશ્રી.

વળી વળી કહું સંત લક્ષણ જેહજી, જન તમ્હો હૃદય રાખો તેહજી;
ભાજે ભર્મ ટળે સંદેહજી, હરિ શું હોય અતી સ્નેહજી. ૧

ઉથલો.

હરિશું સ્નેહ હોય અતી ઘણો, ભાઈ લક્ષણ ગૃહેતાં સંતનાં;
ભય તાપ ટાળે અઘઓઘ બાળે, કારજ સીજે જંતનાં. ૨

પદ.

સંત લક્ષણ ત્રીશ સોહામણાં, જેની ચિત્તવૃત્તિ થઇ શાંત;
એવા જન હરિતણા. ટેક.
બ્રહ્માનંદ બ્રહ્મરસ ભોગીયા, જીવ ઇશ્વર ભાગી ભ્રાન્ત. એવા. ૧
દયા દાન દાસાતન અતી ઘણાં, ભક્તિ જ્ઞાન વિવેક વૈરાગ્ય. એવા.
ક્ષમાવંત તપે નહીં તાપમાં, આસા રહિત અમલ અનુરાગ. એવા. ૨
અક્રોધી ઇન્દ્રિયજીત અનુભવી, કવિ કોમલ શીલ સંતોષ. એવા.
આશારહિત અમૃતવાણિ વદે, સહજાનંદ આનંદ કોષ. એવા. ૩
શુદ્ધ સ્નેહી સ્વારથ નવ મળે, પરમારથ ઉપર પ્રીત. એવા.
શશી સૂરજવત્ સાક્ષિ રહે, ઉદાર અર્ણવની રીત. એવા. ૪
હર્ષ શોક વિશે ડોલે નહીં, અર્ધ નિમિષ તજે નહીં નામ. એવા.
સુરતરૂ સુરધેનુ ચિંતામણિ, મળતાં પહોંચે મન કામ. એવા. ૫
પરિપૂરણ લક્ષણ સંતનાં, બત્રીશમાં ઓછાં બેય. એવા.
કહે પ્રીતમ એવા સંતને, સહુ સોંપીને શરણે રેય. એવા. ૬

अंती कृपालु नहि द्रोह चित, सहनशीलता सार;
समदमादि अकाममति, मृदुल सर्व उपकार. १
आत्मवित्त जू अनीह शुची निःकंचन गंभीर;
अप्रमत मत्सर रहित, मुनी तप शान्त सुधीर. २

પ્રમાદ નહી અતી દીનતા, સમુદ્રવત ગંભીર;
હંસ બુદ્ધિ તે ધરે હરિજન, ગૃહે ક્ષીર તજે નીર. ૩
સંત જીતે ખટ ઉર્મી, અને મન નહીં ધરે અભિમાન;
માન દે સર્વ ભૂતને, પેખે સઘળે ભગવાન. ૪
તે કલ્પદ્રુમ તણી પેરે, ટાળે જંતુનાં દુઃખ;
જ્ઞાન ભંડાર મુક્તા કરે, સંત આપે આત્મ સુખ. ૫
તેને મિત્ર ભાવ ચરાચર વિશે, કરૂણા કરે અપાર;
સરવ બ્રહ્મ કરી લેખવે, કવિવર તે નિરધાર. ૬
લક્ષણ કહ્યાં ભાઇ સંતનાં, એ હૃદય રાખે જેહ;
શ્રી કૃષ્ણજીએ ઉદ્ધવને કહ્યું, પરબ્રહ્મ પામે તેહ. ૭
જે અનન્યભાવે હરિ ભજે, ફળ બુદ્ધિનો કરે ત્યાગ;
સમદર્શીતે સંતજન, જેને નહીં દ્વેશ ને રાગ. ૮
ગૃહમાં ન રહે વન ન જાય, ધરે નિશ્ચલ ધ્યાન;
સઘળે જૂએ સમાન બુદ્ધે, નિજ ભક્તિએ વિજ્ઞાન. ૯
કહે નરહરિ સહુ સાંભળો, એ સતનાં લક્ષણ કહ્યાં;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યાં. ૧૦

कडवुं १० मुं संपुर्ण

जीत षड्वर्ग धृतमान कवि मानद आर अमान;
सत्य प्रतीत अतीतगत, करुणाशील निधान. ३
स्तुति-निंदा मित्र-रिपू सुखदुःख उंच अरु नीच;
ब्रह्मातृण अमृत गरल, कंचन काच्चन बीच. ४
समदृष्टि शीतल हृदय, गत उद्वेग उदार;
सूक्ष्मचित्त सूमित्र जग, चिद्वपु निरहंकार. ५
सर्वमित्र निःकपट मन, त्यागी मतीसंतोष;
ऐश्वर्य विज्ञानबल, जानत बंध अरु मोक्ष. ६
तनुमति गति आनंदमय गुणातीत निस्प्रेह;
विगतक्लेश स्वछंदमति, संतों भूषण एह. ७

विचारमाला.

कडवुं ११ मुं.

श्लोक.

संशयग्रन्थि कर्माणि, द्वैतं वै वासना महत् ।
एतत्सर्वं क्षयं याति, सत्संगेन क्षणादपि ॥ १ ॥
सत्संगेन परं प्राप्य, दुस्तरं तरतेऽचिरात् ।
तस्मात्मनः प्रयत्नेन, सत्संगं सततं कुरु ॥ २ ॥

ध्रुपद. રાગ રામશ્રી.

સંત તે તમ્હે જાણજો, જે રહિત અભિમાન;
હર્ષ શોક ન સંભવે, દષ્ટી સઘળે સમાન. સંત. ટેક. ૧
કૃપા કરે સર્વ ભૂતને, દ્રોહ ન કરે લગાર;
ક્ષમા ધરે મનને વિશે, આચરે સત્ય સાર. સંત. ૨
કામ ક્રોધ ન પરભવે, તૃષ્ણા મદનો ત્યાગ;
જ્ઞાન વિજ્ઞાન હૃદય ધરે, ભક્તિ યોગ વૈરાગ. સંત. ૩

(क-१०)८-९ धर्मार्थकाममोक्षेषु जीविते मरणे तथा;
कल्याणुदारचित्तस्य हेयोपादेयता नहि ॥१॥
सर्वत्र दृश्यते स्वस्थः सर्वत्र विमलाशयः ।
समस्त वासना मुक्तो मुक्तः सर्वत्र राजते ॥२॥
सानुरागां स्त्रियं दृष्ट्वा मृत्युं वा समुपस्थितं ।
अविह्वलमनाः स्वस्थो मुक्त एव महाशयः ॥३॥

अष्टावक्र गीता.

१-२ एक घडी आधी घडी, आधीमे पुनी आध;
तूलसी सोबत संतकी, कटे कोटी अपराध. १
गंगा पापं शशी तापं, दैन्यं कल्पतरुस्तथा;
पापं तापं तथा दैन्यंत्रयो हरति संतसमागमः २

१-२-३ मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥

गीता ११. श्लो. ६६.

બ્રહ્મ સુધારસ અનુભવે, તજે વાદવિવાદ;
સહજ શુન્યમાં રહે, શુણે શબ્દ અનહદ. સંત. ૪
પરમજ્યોતિ પરચે રમે, અહર્નિશ લયલીન;
પરમાનંદ પ્રગટ સદા, ભાવ ન ઉપજે ભિન્ન. સંત. ૫
સ્તુતિ–નિંદા હું તું તજે, સુખ દુઃખ સમાન;
શત્રુ મિત્ર તુલ્ય લેખવે, ભજે એક ભગવાન. સંત. ૬
તે હરિ બોલે હરિ સાંભલે, નિરંતર હરિ જોય;
કહે નરહરિ હરિ ચિતવે, સદગુરૂ સંત તે સોય. સંત. ૭

દેશી ચાલતી.

વલી વલી કીજે સંતનો સંગજી, પરબ્રહ્મ સાથે લાગે રંગજી;
દેહ બુદ્ધિ કેરો હોય ભંગજી, થાયે શીતલ સઘળાં અંગજી. ૮

ઢાળ.

અંગ સઘળાં થાય શીતલ, નીજ બોધ હૃદય ઉપજે;
તે અવિદ્યાને એમ છેદે, જેમ ભુજંગ કંચુકી તજે. ૯
જેમ શરદકાલે નીર નિર્મલ, આકાશ શોભે અતી ઘણું;
તેમ ભવ દુઃખ વામે મહાસુખ પામે, એ ફલ સત્સંગતિતણું. ૧૦
પ્રપંચને પેખે નહીં, વસ્તુ શુ રાખે મન;
તેને હર્વ શોક ન સંભવે, જેને મળ્યા સદ્‌ગુરૂ સંત. ૧૧

7–8 Day and night think of God and think of nothing else as far as possible. The daily necessary thoughts can all he thought through God Eat to Him, drink to Him, sleep to Him, see Him in all. Talk of God to others, this is most beneficial.

10–11 The whole soul pours in a continuous current to God; there is no time to seek money, or name or fame, no time to think of anything but God; then will come into our hearts that infinite wonderful bliss of love. Love of God increases every moment and is ever new to be known ouly by feeling it Swami Vivekanand.

ભાઇ લક્ષ એવો રાખીએ જેમ કીટ ભ્રમર ધ્યાન;
સંગત કરતાં સંતની, પ્રગટે તે બ્રહ્મજ્ઞાન. ૧૨
તમ્હો સર્વ કર્તાનું સહજ જોઈ, રાખો સુરશું ધ્યાન;
એમ ગુરૂ વચન સંભાળતા, પ્રગટે તે બ્રહ્મજ્ઞાન. ૧૩
બ્રહ્મજ્ઞાને મુક્તિ હોય, સંશય ન કરવો લગાર;
પરમપદ તે પામીએ, એ વેદ વચન નિરધાર. ૧૪
જે વેદ દેખાડે કરે કરી, ભાઈ તે ત્યહાં પરબ્રહ્મ,
એ અજ્ઞાની નવ ઓળખે જ્ઞાની તે જાણે મર્મ. ૧૫
એ સાન સમજો સંતની, ભાઇ સમજવું છે એહ;
એ સમશ્યા જેણે લહી, તે જીવન્મુક્ત વિદેહ. ૧૬
જ્ઞાનીને અતી ઢુંકડું મુર્ખને અતી દૂર;
આ પ્રગટ હરિ પરમાત્મા, રહ્યો સકળ ભરપૂર. ૧૭
ગુરૂ જ્યારે ગુરૂ ભાગ કહે ત્યારે ઉઘડે દીવ્ય દૃષ્ટ;
તે પ્રગટ પેખે દશે દીશા, અમૃત કેરી વૃષ્ટ. ૧૮
ત્યારે મગન હોય મન બ્રહ્મમાં વાસના સર્વ;
સમદર્શી શીતલ સદા, ઉપજે નહીં કાંઇ ગર્વ. ૧૯
સર્વત્ર પેખે આતમા, ભિન્ન ભાવ ન હોય લગાર;
તો સ્તુતિ–નિંદા પરહરે, જેહને હૃદય વસ્તુ વિચાર. ૨૦
વસ્તુ વિચારે વસ્તુ થઇએ, સંસારનો સંભવ ટળે;
જીવ બ્રહ્મ તે એક હોય, જેમ સિંધવ સિંધુમાં ભળે. ૨૧

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, સત્સંગનું ફળ એ કહ્યું;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૨૨

कडवुं ११ मुं संपूर्ण.

---

21 We are what our thoughts have made us; so think of the Lord alone and you will be one with Him.

तूं तूं करतां तूं भया, मुजमें रही न हुं;
वारि तेरे नामपर, जित देखुं तित तुं. कबीर.

કડવું ૧૨ મું.

श्लोक.

रूपनामगुणकर्म स्वभावं विविधं पृथक्।
स्थूलं सूक्ष्मं च यत्किंचित् तत्सर्वमात्म संभवम् ॥ १ ॥
सत्संगेन विचारेण जायते ज्ञानमुत्तमम् ।
तदा मनोन्मनीभावं, न कांचिदपि चिन्तयेत् ॥ २ ॥

ધ્રુપદ રાગ શોક રામગ્રી.

સંત સમાગમ કીજીએ, લાહો એહ;
વિલંબ ન કીજીએ ભજનનો, ક્ષણ ભંગુર આ દેહ; ટેક.
આ તન એળે ન ખોઇએ, અતી ઉત્તમ એ અંગ;
પદ નિર્વાણ તે પામવા, કીજે સંતનો સંગ. સત. ૧
સત્સંગે હરિ સદ્ય મળે, બીજો છેરે વિચાર;
સંત સમાગમ મેળવે, જીવન જુગદાધાર. સંત. ૨
ફલ આપે સંત આપણી, બળતું નથી કામ;
તું સદા છે હું નથી, ચૈતન્ય વ્યાપક રામ. સંત. ૩

सब रहेणी है रामकी, है जगतरुप जगदीश;
अखा खेले आपे रमे, तुं मछता काढे शीश. १
आत्मसत्यानुबोधेन, न संकल्पयते यदा;
अमनस्तां तदा याति, ग्राह्याभावे तद्ग्रहम् ॥ २
गौडपादाचार्याः

१ यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो;
यावच्चेन्द्रियशक्तिरप्रातिहता, यावत्क्षयो नायुषः;
आत्मश्रेयसि तावदेव विदुषां यत्नं कुरुमहात्मनाम्
संदीप्त भवने तु कूप खनने, प्रत्युद्यमः कीदृशः ॥१॥
२ पुण्य पुंज बिनु मीलहि न संता;
संत मीली संसृति कर अंता. २
३ अती शीतल शीतल हि सुखदाई, तूलसीराम भजन अधीकाई;
जड जीवनको करे सचेता, जुगमे बिचरत याहि हेता. ३

પરમ પુરૂષ પરમાત્મા, રમે સંતશું જેહ;
સદા સમૂળો સંત સંઘટ્ટ, સર્વ વ્યાપક તેહ. સંત. ૪
જે પામ્યા જે પામશે, તે પ્રતાપ સત્સંગ;
કહે નરહરિ સત્સંગ વિના, નવ મળે શ્રીરંગ. સંત. ૫

દેશી ચાલતી.

જન તમ્હો રખે આપ વખાણોજી, તત્ત્વજ્ઞાન તે હૃદયમાં આણોજી;
પ્રકૃતિ પુરૂષ તે નિરંતર જાણોજી, સઘળે એક વસ્તુ પ્રમાણોજી. ૬

ઢાળ.

વસ્તુ પ્રમાણો એક જાણો, અવર બીજો કો નથી;
સર્વવ્યાપક બ્રહ્મ કેવલ, જો જો વેદ સિદ્ધાંત કથી. ૭
પ્રકૃતિ પુરૂષ તે રૂપ હરિનાં, હરિ વિના ઠાલો નહીં ઠામ;
અખંડ મંડલમાંહિ અવિગત, રમે આતમારામ. ૮
એ નિત્ય વિહારી આત્મા, કરે આપણુ શું આનંદ;
અધ ઉર્ધ્વ મધ્ય માધવ, સચ્ચિદાનંદ ગોવિંદ. ૯
પાણિ પાયુ શ્રોત્ર નેત્ર, સર્વ બ્રહ્મનાં અંગ;
સર્વમાં બ્રહ્મ બ્રહ્મમાં સર્વ, બ્રહ્મ સર્વ અસંગ. ૧૦

---

५ बहुत पुण्य करी मीलतु है, साधुका संग आय;
सब शास्त्रनको तत्त्व है, सो पलमे देत बताय.
प्रास्ताविक.

६ साकारमनृतं विद्धि निराकारं निरंतरम् ।
एतत्तत्त्वोपदेशेन न पुनर्भव संभवः ॥
अवधूत गीता.

७ ईशा वास्यमिदꣳ सर्वं यत्किंच जगत्यां जगत् । श्रुतिः

८ एहि राम दशरथ घर डोले, एहि राम घटघटमें बोले;
एहि रामका सकल पसारा, एहि राम सबहिसे न्यारा.
कबीर.

९ ए आपे अरुप रूप भया सोई, रूप विना रमत नहि होई;
फीर फीर सांइ रमत मांडी, एही खेल ए कबहु न छांडी.
रविसाहेब.

ઇન્દ્રિય અંતઃકરણ પ્રાણ દેહનું, સદા ભાસક સોય;
નિરાધાર આધાર સર્વનો, અવર બીજો નવ કોય. ૧૧
સર્વત્ર પૂરણ નિત્ય નિશ્ચલ, કાલાતીત અખંડ;
નિરાલંબ પરમાત્મા, વ્યાપક પિંડ બ્રહ્માંડ. ૧૨
ઘટમઠમાં જેમ વ્યોમ ભાસે, દેહમાં દેહી તેમ;
ઘટનાશે ગગન નિશ્ચલ, આત્મા જેમ છે તેમ. ૧૩
જેમ ઉદક જોગે ઇન્દુનાના, વસ્તુગત ત્યાં એક;
એમ અજ્ઞાન બુદ્ધે જીવ નાના, જ્ઞાનીને નહીં અનેક. ૧૪
કો કહે કર્ત્તા કો કહે અકર્ત્તા, કો કહે સાક્ષીરૂપ;
પણ વિકલ્પ નહીં કશું જ્ઞાનીને, સઘળે તે બ્રહ્મસ્વરૂપ. ૧૫
પ્રકૃતિ પુરૂષ ને જીવ ઇશ્વર, વિષ્ણુ પરમાત્મા પરબ્રહ્મ;
એ નામ સઘળાં વસ્તુનાં, હરિ કાલ આત્મા કર્મ. ૧૬

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ સાંખ્યનું સિદ્ધાન્ત કહ્યું;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૧૭

कडवुं १२ मुं संपूर्ण.

---

११ ध्याता ध्यान न ध्येय, मम नीज शुद्ध स्वरूपमें;
उपादेय नाहि हेय, सर्वरूप सबतें परे ॥
विचारमाला.

१२ सत्यं ज्ञानमनंतं च निष्कलं निष्क्रियं ध्रुवम् ।
बोधयन्ति यतः सत्यं सर्वे वेदाः षडङ्गकाः ॥१॥

१३ देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
गीता २. श्लो. ३०.

१४ In those that live on high, in those that lovely creep
I am the self of all. *Swami Vivekanand.*

१५ कल्पे जल्पे कछु नाहि, ईच्छा नाहि अरु भाव;
मै नाहि ते नाहि वे नाहि. रूप अरुप सभाव.

१६ एकं सद्विप्रा बहुधा वदन्ति.
He is one; sages call Him by various names.

कडवुं १३ मुं.

श्लोक.

ब्रह्मज्ञानं पराविद्या ब्रह्मज्ञानं परंतपं ।
ब्रह्मज्ञानं परासिद्धिर्न भूतो न भविष्यति ॥ १ ॥
नाममात्रमिदं विश्वमिन्द्रजालसमोपमम् ।
येनसम्यक् परिज्ञातं न तत्र रमते बुधः ॥ २ ॥

ધ્રુપદ રાગ ધન્યાશ્રી

જન તમ્હો જાણુ ન હારો હરિ જાણો, ચૈતન્ય બ્રહ્મ તે પ્રગટ પ્રમાણો; ટેક.
હું નહીં તું નહીં સઘળેરે જેહ, સકલ વ્યાપક અમૂરત રામ તેહ. જન. ૧
કેવલ બ્રહ્મ નિરંતર નિહાલો, વાદવિવાદ સ્તુતિ નિંદાને ટાળો;
હરિ વિના અવર પદારથ નથી, જોયું વેદ સિદ્ધાન્તે કથી. જન. ૨
નિર્ગુણ સગુણ તે એક હરિ જાણો, સાચો નિશ્ચય એહ હૃદયમાં આણો;
હરિ વિના અણુ એક ઠાલો નહીં ઠામ, ભણે નરહરિ સઘળે આતમરામ. ૩

દેશી ચાલતી.

સુણો કહું વિશ્રાન્તિ તણો ઉપાયજી, જેણે કરી ચંચલ મન સ્થિર થાયજી;
માયા મોહ સઘળો જાયજી, પરમ જ્યોતિમાં જ્યોતિ સમાયજી. ૪

---

१. तावद्गर्जन्ति शास्त्राणि, जम्बूका विपिने यथा,
न गर्जति महाशक्तिर्यावद्वेदान्त केसरी ॥ १॥
२. पञ्चभूतात्मकं विश्वं मरीचिजलसन्निभम् ।
अवधूत गीता.
१. मत्वं नाहं जगन्नेदं सर्वमात्मैव केवलम् ॥
२. गुणदोषदर्शिर्दोषो गुणस्तूभय वर्जितः ॥
श्रीमद्भागवत ११-४५.
३. अचिन्त्यमव्यक्तरूपाय निर्गुणाय गुणात्मने ।
समस्तजगदाधार मूर्तये ब्रह्मणे नमः ॥

ઉથલો.

જ્યોતિમાં જ્યોતિ સમાયે, તે ઉપાય કહું સુણો તમ્હો;
કાય ક્લેશને પરહરિભાઇ, આત્મમંત્ર અહરનિશ ભણો. ૫
જાપ જપો જીભ્યા વિના, અને શ્રવણ વિના સુણો ધુન્ય;
નેત્ર વિના નીરખો નિરંજન, રાખો મન સહજ શુન્ય. ૬
સહજ શુન્યમાં સદોદિત, પરમજ્યોતિ પ્રકાશ;
અનાહત સ્વરૂપને અનુભવો, મન પામે જ્યાં સમાસ. ૭
નાદને દીઠા વિના ભાઈ, નહીં નિશ્ચલ ચેંત (ચિત્ત.)
ચિત્તની સ્થિરતા વિના, ભાસે નહીં ભગવંત. ૮

---

૬. જાપ જપો જીભ્યા વિના:—

सुमिरन सुधी युं करो, मुखसें कछु न बोल;
बाहरके पट देईके, अंतरके पट खोल. १
मुखसे जपे सो मानवी, हिरदे जपे सो साध;
सुरताए जपे सो संतजन, ताका मता अगाध. २
चित्त आपको स्थिर करो स्थिर करी राखो नेन;
श्वासा देखो सुरतसें, तब पावो सुखचेन. ३
तन मन आसन जीतके, कर एकांतेवास;
जनको संग करे नहीं, करे भजन अभ्यास. ४
इन्द्रिय प्रान मन बश करो, तजो कामना काम;
सुरतश्वासकी करो एकता, भजो एक सत नाम. ५
जीवता जीवने जंप जोईए, मुए मोक्ष इच्छा करो;
प्रभु विना सौ प्राणि साथे, वहाल विरोध बे परहरो. ६
काम क्रोध लोभ तनमां नाहि, कल्पे होय हजूर;
दुनियां तरफ देखे नहि, तो जन्म मरण दुःख दूर. ७
सब वेदनको भेद है, सर्व शास्त्रनको ज्ञान;
सब पुरानको सार है, सुरतश्वासको ध्यान. ८

એ ચક્રાતીતને ચિંતવો, જ્યાં નહીં પિંડ બ્રહ્માંડ;
નિરાલંબમાં શુન્ય શુન્યમાં હરિ, પરમતત્ત્વ અખંડ. ૯
તત્ત્વને જાણ્યા વિના, ભવમાં ફરે ફેરા જંત;
તત્ત્વને ત્યારે જાણીએ, જ્યારે મળે સદ્‌ગુરૂ સંત. ૧૦
સદ્‌ગુરૂએ સિદ્ધાન્ત કહ્યું, નાદ બ્રહ્મનું જ્ઞાન;
નાદબ્રહ્મને અનુભવે, પ્રગટે તત્ત્વજ્ઞાન. ૧૧
તત્ત્વજ્ઞાને તત્ત્વ લહીએ, મન હોયે બ્રહ્માકાર;
ત્યારે જ્યોતિ જ્યોતિમાં ભળે, ટળે દ્વૈતવિકાર. ૧૨
દ્વૈતભાવ હોય જ્યાં લગી, ત્યાં લગી ન હોય તત્ત્વનો ભોગ;
તત્ત્વભોગ લાગ્યા વિના, ન ટળે દીર્ઘ રોગ. ૧૩
દીર્ઘ રોગને ટાળવા, મહા ઔષધી સુવિચાર;
હું નહીં તું નહીં તે નહીં, સર્વ બ્રહ્માકાર. ૧૪
જ્ઞાન ધ્યાન સિદ્ધાન્ત એહ, જેહને બ્રહ્મ વિચાર;
સર્વત્ર આત્મા જાણવો, અનુભવ એ નિરધાર. ૧૫

ઉથલો.

કહે નરહર સહુ સાંભળો, એ વિશ્રાન્તીનો અનુભવ કહ્યો;
હરિ ગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યો. ૬ ૧૬

कडवुं १३ मुं संपूर्ण.

પદ પદારથમાં સુરતા જાય, ત્યારે મનમાં સંકલ્પ થાય;
સંકલ્પ થાતાં થાયે શૂલ, સુખશાંતિનું જાયે મૂળ. ૯
ધ્યાન ભજન તો સરવે ગયો, પાપ તાપ તો ઉભો રહ્યો;
એક પલકના ભૂલે નામ, ત્યારે આત્માને રહે વિશ્રામ. ૧૦
એક પલકના ભૂલેશ્વાસ, ત્યારે આત્મા રહે હુલ્લાસ;
શ્વાસા સુરત રાખે એક તાર, હરદમ દરશે હરિદિદાર. ૧૧

પ્રાસ્તાવિક.

कडवुं १४ मुं.

श्लोक.

नाहं न त्वं जगन्नेति, न जीवो न च मायया ।
केवलं ब्रह्म सततं, नेह नानाऽस्ति किंचन ॥ १ ॥
जन्ममृत्युबन्धमोक्ष नानात्वमज्ञसंज्ञितम् ।
ज्ञस्यात्मतत्त्वयुक्तस्य सर्वब्रह्ममिति ब्रुवन् ॥ २ ॥

ધ્રુપદ. રાગ રામશ્રી.

સદગુરૂએ સાચો કહ્યોરે ઉપાય, હરિ જાતાંરે મન હરિમાંહિ સમાય(ટેક)
વલી વલી નિગમ કહે નિરધારી, એક મના ભજો હરિ નરનારી.સદ૦ ૧
કાય કલેશ ન કીજેરે ભાઇ, પરબ્રહ્મ ચિંતન રહો લયલાઇ.સદ૦ ૨
જ્યાં લગી એ મન ન હોયરે ભાઇ ઠામ, ત્યહાં લગી ન મળે આતમરામ.૩
ભક્તિ જ્ઞાન અનુભવ હૃદયમાંરે આણો, કેવલ કૃષ્ણ નિરંતર જાણો. ૪
ભણે નરહરિ હરિ–રસ પીજે, એ રસ પીતાં કારજ સરવ સીજે.સદ૦ ૫

મહાજલ વિશે લહરિ બહુ હોય, અસત્ય નાશ તે જાણો સોય;
સમુદ્ર વિના લહરિ નવ થાય, લહેરી વિણુ સમુદ્ર નવ કહેવાય. ૧
એમ બ્રહ્મવિદને વિશ્વ તે જાણુ, સત્ય અસત્ય વિશ્વ પ્રમાણુ;
અજ્ઞાનીને વિશ્વ તે આસ્તિ, બ્રહ્મ જ્ઞાનીને વિશ્વ તે નાસ્તિ. ૨
યોગવાશિષ્ટ સાર

१. आज लहो के शत जग लहो, जिंहितिंहि एई उपाई,
हुं तुं बिन है आप हर, समज्यां द्वैत पलाई;

૨. કાય કલેશ ન કીજેરે ભાઇ, પરબ્રહ્મ ચિંતન રહો લયલાઇઃ—

૩. अखाना कडखा. राग काठी आबाडी दुहानो.

પ્રીછ્યા વિના પીડાય, મનના માર્યા માનવી;
ધામ મૂકીને ધાય, અખેપદ ઓળખ્યા વિના. ૧
મન નહીં મૂકે માન, જાણુ થઇ જાય જાણવા,
સદ્ગુરૂ કેરી સાન, મરી જીવે મહા પદ વસે. ૨
ઘટમાં નાવે ગંગ, આવે તે જલ જાન્હવી;
તોજ હોય સાંગોપાંગ, જો ઘટ સમાયે ગંગમાં. ૩

દેશી ચાલતી.

વળી કહું અપૂર્વ જે ગુહ્ય રહ્યુંજી, સદ્ગુરૂમુખથી તત્ત્વ તે લહ્યુંજી;
મહાવાકયે જે પ્રગટ કરી કહ્યુંજી, તે અનુભવતાં કારજ થયુંજી. ૬

ઢાળ.

કારજ થયું ને તત્ત્વ લહ્યું, મહાવાકયે જે હૃદયે રહ્યું;
જેમ સિંધવ સિંધુમાં મગ્ન થાયે, તેમ જથારથ થયું. ૭
હું નહીં અને તું નહીં, સઘળે તે વ્યાપક સોય;
પૂરણ બ્રહ્મ પૂરી રહ્યો ભાઈ, અવર બીજો નહીં કોય. ૮
જેમ દેહથી અંગ નથી અલગાં, સિંધુ બુદબુદ જેમ;
તેમ પ્રપંચ પરબ્રહ્મ ભિન્ન નહીં, શ્રુતિ બોલે એમ. ૯
જેમ ભર્મે રજ્જુ ભુજંગ ભાસે, રવિ કીરણે ભાસે તોય;
તેમ અજ્ઞાને એ વિશ્વ ભાસે, સર્વદા હરિ સોય. ૧૦
જેમ વંધ્યાપુત્ર વચન માત્ર, એમ વાચારંભણુ જીવ;
વિશ્વ કાલભય નથી, સદા નિરંતર શિવ; ૧૧

આપવડે જો આપ, ચિત્તે ઘડયું ચળે અખા,
થાય ન તેનો થાપ, પ્રીછ તણી પરતીત છે. ૪
સમજ અખા તું સાંઇયાં, તો નેનાં ભીંતર નાહો;
આપા ઓટુ આપ હૈ, જયોં ચંદકે આગે રાહો. ૫
પા એકા પરમાણુ એ, આપા ખોહે માંહે,
ખોહે તે પામે અખા, આપુ આપ સરાહે. ૬
આપુ ઉલસ્યા આપમેં, આપા ગયા સમાય;
જોથા સોઈ ભયા, અબ કછુ કહ્યા ન જાય. ૭
જ્યારે ઉલ્લસે આપ, સૂજ અનેરી ઉમટે,
માપ માંહિ અમાપ, અખા આશય એક મીલે. ૮
સાંઇયાં તેરી સાહબી, મુખસેં કહી ન જાય;
સુરત અખા તામેં સમે, તો રસના કૈસે ગાય. ૯
જીવ કહતેમેં દો ભયા, શિવ ત્યાં બોલણુ ન હોય;
જીવ શિવ દો જામે અખા, સો જાનત વિરલા કોય. ૧૦

જેમ ભિન્ન પેખી બોલીએ, અનેક ચિત્રામણ;
તેમ કર્મનાં ફલ એવાં, બોલીયા બ્રાહ્મણ. ૧૨
વેદાન્ત તો એવું વદે, સઘળે તે વ્યાપક બ્રહ્મ;
તો નર્ક સ્વર્ગ તે ક્યાં રહે, પંડિત કહો એ મર્મ. ૧૩
જેવું સ્વપ્ન હોય રાત્યનું, ભાઈ એવો આ સંસાર;
ઉત્પત્તિ સ્થિતિ લય સ્વપ્નવત્ એ વેદ વચન નિરધાર. ૧૪
વર્ણ આશ્રમ અને દર્શન, ધર્મ અર્થ કામ ને મોક્ષ;
સ્વપ્નવત્ આ લોક સઘળા. પ્રત્યક્ષને પરોક્ષ. ૧૫
ભૂત ભવિષ્ય ને વર્તમાન, સ્વપ્નવત્ સૌ જાણ;
એ મનનું કલ્પ્યું સર્વ મીથ્યા, પરબ્રહ્મ સ્થિર નિર્વાણ. ૧૬
આકાશ-કુસુમ ને શશશ્રૃંગ, વચન માત્ર તે જાણ;
એમ રોચનારથ ફલશ્રૃતં, ભજ સત્ય બ્રહ્મ નિર્વાણ. ૧૭

---

१२. जहां बाज बासो बसे, पक्षी बसे न और;
ज्ञानबाजकी झपटमें, नहि कर्मनकी ठौर.

१३. स्वर्ग वैकुंठना भोग मल, नर्क रौरवनो त्रास;
तेने बेउ खरां अखा, जेने अहंता गले पास.

१४. अद्वयं च द्वयाभासं; मनः स्वप्ने न संशयः
अद्वयं च द्वयाभासं, तथा जाग्रन्न संशयः ॥ १ ॥
गौडपादाचार्याः

१५-१६. वेदा न लोका न सुरा न यज्ञा।
वर्णाश्रमो नैव कुलं न जातिः ॥
न धूममार्गो न च दीप्तिमार्गो।
ब्रह्मैकरूपं परमार्थ तत्त्वम् ॥ अवधूत गीता.

१७. इन्द्रिय प्रान मन बस करो, तजो कामना काम;
सुरत श्वासकी करो एकता, भजो एक सत् नाम.
प्रास्ताविक.

એ સાર કહ્યું સિદ્ધાન્તનું, જન હૃદય રાખો સોય;
પરમાત્મા હરિ સકલ વ્યાપક, અવર બીજો નહીં કોય. ૧૮
બ્રહ્મ ચૈતન્ય સર્વ વ્યાપક, જાણજો નિરધાર;
અવરભાવ તે પરહરો, હૃદય રાખો વસ્તુ વિચાર. ૧૯
જાણનહારો જાણજો, પરમાત્મા પરબ્રહ્મ;
રૂપ અરૂપી એહ છે, ભાઈ સમજી લેજો મર્મ. ૨૦
જે બોલે તે બીજો નહીં, એ સુસુરત ભગવાન;
સિદ્ધાન્તનું સિદ્ધાન્ત એહજ, સમજી લેજો સાન. ૨૧
નીજ ભક્તિ એ વિજ્ઞાન એ, અનુભવ એ નિરધાર;
જથારથ પ્રીછે થકે, ભાસે તે સાક્ષાત્કાર. ૨૨

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ અર્થ ઉપનિષદ્નો કહ્યો;
હરિ ગુરૂસંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યો. ૨૩

कडवुं १४ संपूर्णम्.

---

૧૮. ઉત્તમ મધ્યમ સરવે ઇશથી, ભિન્ન ન જાણો કોય;
એતો આપે આપજ ઉલસ્યું, અખા તું પદ રહી જોય. ૧
ઉત્તમ મધ્યમ ચરિત્રને, દેખી રખે ડહેકાય;
જેમ કરે તેમ હરિ કરે અખા, તે કેમ ક્યાંઇ કહેવાય. ૨
તું ક્યાંનો ને ક્યાં લગી, કેટલીક તારી બુધ;
અખા એ વિચારતાં, તું ન મળે કણરજ. ૩
૨૧. દેખે પર આવે અખાં, તો દેખ સાહેબકે રંગ;
નહીં તો જ્યોંકાત્યોં હૈ, મત પકડે તું અંગ. ૪
સામર્થ્ય દેખી જાય ઝાલવા, તો પકરાવે દેહ;
સો તો ક્ષણભંગુર અખા, લટકાં કરત વિદેહ. ૫
કાં બાલ યૌવન અખા, કાં તરૂણ કાં વૃદ્ધ;
કાં પુરૂષ નારી અખા, કાં કલીબ ને કાં પર્દ. ૬
સાંઇ રમે સબ રૂપમેં, લટકે અનંત અપાર;
હીણા ખીણા બડતેં બડા, કારજ હાર કિરતાર.

કડવું ૧૫ મું.

શ્લોક.

अद्वैतं परमामृतं सततं सदसत्परम् ॥
ब्रह्मोपनिषदस्तत्त्वं सोऽहमस्मीति सर्वदा ॥ १ ॥

ધ્રુપદ રાગ મલ્હાર.

ભાઇઓ, ભ્રમે નવ ભૂલીએ, માયા મૃગજલરૂપરે;
સંસાર સ્વપ્નસમ તુલ્ય છે, સત્ય બ્રહ્મ સ્વરૂપરે. ભાઇઓ. ૧
નામરૂપ સ્થિરતા નહીં, જેમ રજ્જુ–ભુજંગરે;
શુક્તિ–રજત વર્ણાશ્રમ, તેહશું કશો પ્રસંગરે. ભાઇઓ. ૨
ભૂત ભવિષ્ય વર્તમાન, અને પદારથ ચારરે;
વ્યોમ–કુસુમવત્ જાણજો, જન્મ મરણ અવતારરે. ભાઇઓ. ૩
મને કલ્પી જે જે કહ્યું, નામ માત્ર ત્યાં તેહરે;
શશ–સ્રંગ વંધ્યા–સુત, તેહશું કશો સનેહરે. ભાઇઓ. ૪
અણકલ્પ્યું અવિનાશ છે તેનું પદ નિર્વાણરે;
આપે આપ લ્યો ઓળખી, એ અનુભવ પ્રમાણરે. ભાઇઓ. ૫
જાણણહારાને જાણજો, જાણ્યું જાણવું છે એહરે;
કહે નરહરિ એ ઓળખે, ટળે સરવ સંદેહરે. ભાઇઓ. ૬

हृदयं निर्मलं कृत्वा चिन्तयित्वाप्यनामयम् ।
अहमेव इदं सर्वमिति पश्येत्परं सुखी ॥ १ ॥

उत्तर गीता.

જાણપણે નોય પાર, વધતાંમાંય વધ્યું મને,
મૃગ તૃષ્ણાનું વાર, તરવા તારૂ તુમડાં.. ૧
૬. જ્યું જાને ત્યું કર અખા, આપ પહીચાન્યા પાર,
તાંબા જબ કંચન ભયા, તબતેં નહીં ઉચ્ચાર.

જાણણહારાને જાણજે–Know thyself–the knower. How can the knower be known? It is impossible the knower can never be known; He is above knowledge;

દેશી ચાલતી.

કેવલ વસ્તુ નિરંતર નીહાળોજી, દ્વૈતમાં જાતું મનને વાળોજી;
જન્મ મરણનો ભય ટાળોજી, બંધ મોક્ષની વાસના બાળોજી. ૭

ઢાળ.

વાસના બાળો બંધ મોક્ષની, જન્મ મરણ ભય પરહરો;
કેવલ વસ્તુ નિરંતર નીહાળો, ચંચલ મનને સ્થિર કરો. ૮
શ્રી કૃષ્ણજીએ શ્રીમુખે કહ્યું, ઉદ્ધવને જે સાર;
તમ્હો તે તત્ત્વાર્થ હૃદે રાખો, મૂકો અવર વિચાર. ૯
શુદ્ધ બુદ્ધ એ આત્મા, બંધ મોક્ષ ન જાણ;
ઉદ્ધવ ગુણનું મૂલ માયા, આત્મા અસંગ નિવાણ. ૧૦
શોક મોહ ને સુખ દુઃખ, દેહાદિક અસત્ય;
સ્વપ્નવત્ એ જાણ માયા. નહિ વસ્તુ ન સંસત્ય. ૧૧
મીથ્યા માયા સર્પ-રજ્જુ, વિદ્યા અવિદ્યાદિ જેહ;
બંધ મોક્ષ તે કરે જીવને, પણ વસ્તુગતે નહીં તેહ. ૧૨

---

that is he is more than what we can know. But there one way and it is this:—In order to know the knower the Infinite, we must lose our finiteness into the Infinite. In order to know God, we must be God. Religion is not a subject of mere talk; it is a subject of being and be coming.

૭. કેવલ વસ્તુ નિરંતર નિહાળોજી, દ્વૈતમાં જાતું મનને વાળોજી.

Vedant says:—we are ever free on the spiritual plane and will never be free on the material plane. So play on the spritual plane for ever, never come down. But the question is how to go on the spiritual plane at first. Here is the answer.

" Within in the heart of the silence He dwelleth,
Leave sorrow and sin, leave thy wanderings sore;
Come, bathe in His joy, whilst He wispering telleth,
Thy soul what it seeketh, and wander no more. "

James Allen.

વસ્તુગને એ વસ્તુજ સઘળે, અવર મીથ્યા જાણુ;
જીવ બ્રહ્મ પૃથક નહીં, એમ કહે સારંગ પાણુ. ૧૩
સનાતનમાં વિષ્ણુ વ્યાપક, કૈવલ્યપદ પરબ્રહ્મ;
ત્યહાં બંધ કોણુને મુક્ત, કોણુ એ લહે જ્ઞાની મર્મ. ૧૪
જ્ઞાનદૃષ્ટે જોતાં થકાં, બંધ મોક્ષ ન કોય;
બંધ મોક્ષ તે કલ્પના, અજ્ઞાને ભાસે સોય. ૧૫
ભ્રાંત્ય છાંડો જન્મ મરણુની, આત્મા અવિનાશ;
જેમ અનેક ઘટ ઉપજે ભાંજે, અખંડિત આકાશ. ૧૬
જેમ મહાઅર્ણવમાં તરંગ નાના, ઉપજે વરતે સમાય;
એમ નિર્મલ નિશ્ચલ આત્મા ભાઇ, દેહ આવે જાય. ૧૭
જેમ મહા તેજથી દીપ નાના, ઉપજે વળી સમાય;
એમ બ્રહ્મમાંહે બ્રહ્માંડ કોટી, કોટી આવે જાય. ૧૮
જેમ આકાશ માંહે અભ્ર નાના, ઉપજે વરતે સમાય;
એમ વસ્તુમાંહે વિશ્વ સદા, નિત્ય આવે જાય. ૧૯

---

૧૩. વસ્તુ વિચારે વસ્તુ છે નહીંતો ઉપાધ;
અખા આખી ભૂમિકી, તે ભૂચરને આધ વ્યાધ. (આધિ વ્યાધિ.)

न निरोधो न चोत्पत्ति र्न बद्धो न च साधकः
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता. अमृतबिन्दु. उ.

१६-१८. अदबद मेरा सांइ है, सदा निरंतर साव;
नहाना मोटा ताहिमें, सबे जात गरकाव. ॥ १ ॥
अदबदसें सौ उपजे, अदबद मांहे गेब;
कोटीब्रह्मांड रोमकूपमें, अखा द्वैत नहि एब. ॥ २ ॥
अनंतकोटी अवतार है, दश चोवीस शो लेख;
अदबद और देखतें, अखा न राई रेख. ॥ ३ ॥
सत्ता वस्तु समुद्रनी, छोटी मोटी लहेर;
अल्प अधिक सामर्थ अखा, पोते गहीयर घेर. ॥ ४ ॥
अदबद जान्या तब अखा, जब रहे नहि पावणहार;
अदबद त्यहां दुजा नहि, ज्योंका त्यों स्वेसार. ॥ ५ ॥

જેમ પત્ર પુષ્પ ફલ વૃક્ષ, થડકી વછૂટયાં જેહ;
દીપ જ્યોતિ ને જલ પ્રવાહ, ગયું ન આવે તેહ. ૨૦
જેમ અવસ્થા ભાઈ દેહની, ગઇ ન આવે જેમ;
તેમ ગયું તે આવે નહીં, તમ્હો સમજ સમજો એમ. ૨૧
દીપજ્યોતિ અને કાંસા શબ્દ, પુષ્પવાસ લય જયહાં;
નિગમ નિરધારી કહે, એ જીવ સમાયે ત્યહાં. ૨૨
બ્રહ્મા વિષ્ણુ એ જીવ ન હોય તો, જીવ વિણ કોણ કહે બ્રહ્મ;
અર્ક નેત્ર દૃષ્ટાંત જોતાં, ભાજે સઘળો ભર્મ. ૨૩
વૃથા વાણી તેહની વૃથા કવિની બુદ્ધ, (બુદ્ધિ)
વૃથા જન્મ તેનો ગયો, જેણે ન લહ્યું સ્વતઃશુદ્ધ. ૨૪
જેણે અણહુતો મને કરી, કલ્પી કહ્યો સંસાર;
(આ)જે જેમ તે તેમ ન ઓળખે, તેનો વૃથા ગયો અવતાર. ૨૫
મહાપુરૂષ તો એમ કહે, એમ કહે વેદ વેદાન્ત;
એક અદ્વૈત બ્રહ્મ વ્યાપક, જાણજો સિદ્ધાન્ત. ૨૬
બ્રહ્મ જાણે ભર્મ ભાજે, અસ્થિર મન સ્થિર હોય;

૨૦–૨૩. ગયું ન આવે તેહ.

જે જીવ સ્વરૂપમાં ભળી ગયો તે પાછો આવતો નથી એમ કહેવાની મતલબ છે. यद्गत्वान निवर्तन्ते इ. गीता.

ભ્રાન્તિથી–અજ્ઞાનથી–અવિદ્યાથી જીવ સ્વરૂપ ખડું થયું છે તે અવિદ્યા જતાં જતુ રહે છે ને તે સાથે રચાએલું જગતપણ સાથેજ જાય છે.

" ઉઘડ ભાંગ્યું ટાળ્યું આપ, સહજે ટળીગો દ્વૈતનો થાપ;
હવે રહ્યો તે હું કે હરિ, અખો વિગત કરે શો કરી.

૨૬. એક અદ્વૈત બ્રહ્મ વ્યાપક, જાણજો સિદ્ધાન્ત;

આવાગમન સંશય ટળે, સાક્ષાત્કાર તે જોય. ૨૭

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ વસ્તુનો અનુભવ કહ્યો;
હરિગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યો. ૨૮

કડવું ૧૫ સંપૂર્ણ.

કડવું ૧૬ મું.

શ્લોક.

श्रोतव्यः सततं विष्णुर्वक्तव्यः सततं हरिः ।
स्मर्तव्यं सततं ब्रह्म द्रष्टव्यः सततमात्मा ॥ १ ॥

---

૨૭. બ્રહ્મ જાણે ભર્મ ભાજે. ઇ.

ચોપાઈ.

તે માટે સહુજન સુણો, ત્યાં સાધનનું પ્રમાણ;
મનનો સંયમ,[1] ઇન્દ્રિનો નિગ્રહ,[2] કીજીએ નિર્વાણ. ૧
સત્સંગત[3] કથા હરિની,[4] સાંભળીયે અપાર;
શ્રીભાગવત ભગવદ્દગીતા, અતીગીતા સાર. ૨
એકાંત બેશી કીજીએ, આત્માનો શુદ્ધ વિચાર;[5]
શ્રવણ[6] મનન[7] નિદિધ્યાસન[8] કરતાં, હોયે સાક્ષાત્કાર. ૩
બ્રહ્મવેત્તા[9] ગુરૂ કરીને, પૂછીએ એકાંત,
સંદેહ ભાગે મન તણો, પછી પામીયે મહા શાંત. ૪
એવા ગુરૂને પૂજતાં, ઉઘડે અંતરની દષ્ટ;
પછી જ્યાં જૂએ ત્યાં આતમા, અમૃત કેરી વૃષ્ટ. ૫
સ્વપ્નથી જાગ્યો ખરો નીજ બોધને પામ્યે સહી;
ત્યારે જીવ બ્રહ્મ થઈ ગયો, દ્વૈત બુદ્ધિ ટળી ગઇ.[10] ૬
આ દ્વૈત જૂઠો જાણજો, અદ્વૈત બ્રહ્મ વ્યાપી રહ્યો,
ભાણદાસ કહે મહાંત બોલ્યા, ઉત્તમ ઉત્તર એ કહ્યો.

શ્રીશંકરાચાર્ય–હસ્તામલક સંવાદમાંથી.
(મહાત્મા શ્રીભાણદાસ કૃત.)

૧. **तच्चिन्तनं तत्कथनमन्योन्यं तत्प्रबोधनम् ।**
एतदेकपरत्वं हि ब्रह्माभ्यासं विदुर्बुधाः ॥ पञ्चदशी.
कस्तरति कस्तरति मायाम् ?

सर्वातीतं सर्वगतं, निर्मलं निश्चलं शिवम् ।
एकेन भक्तियोगेन, प्राप्यते परमंपदम् ॥ २ ॥

ધ્રુપદ. રાગ દેશીક.

જન તું જાણી રહે જન તું જાણી રહે, આતમા અચલ અસંગરે;
તે કેવો એ કહેવાય નહીં, જેને નહીં રૂપ ને રંગરે. જન. ટેક. ૧
જેને છાયા નહીં માયા નહીં, ગુણ કર્મકાલ અતીતરે;
જાતિ વર્ણ આશ્રમ નહીં, નહીં ઉષ્ણને શીતરે. જન. ૨
આદ્ય અંત્ય રહિત અવિગત, અમૂરત અવિનાશરે;
સ્થૂલ ન સૂક્ષ્મ લઘુ ન દીર્ઘ, સ્વયંજ્યોતિ પ્રકાશરે. જન. ૩
અધ ઉર્ધ્વ મધ્ય માધવ, નિરાલંબ ભરપૂરરે;
આકાશવત પરમાત્મા, ચૈતન્ય બ્રહ્મ હજૂરરે. જન. ૪

---

૨. ભક્તિયોગનું સ્વરૂપ નારદમુનિ નીચે મુજબ જણાવે છે.
१. यः संगांस्त्यजति, यो महानुभावं सेवते, निर्ममो भवति.
२. यो लोकबन्धमुन्मूलयति, यो विविक्तस्थानं सेवते, यो योगक्षेमं त्यजति, निस्त्रैगुण्यो भवति.
३. यः कर्मफलं त्यजति,कर्माणि संन्यस्यति, ततो निर्द्वंद्वो भवति.
४. वेदानपि संन्यस्यति, केवलमविच्छिन्नानुरागं लभते.
૫-૬-૭.
स तरति स तरति मायां, स लोकांस्तारयति.
नारद भक्ति सूत्र.

પદ રાગ પ્રભાત.

ચેતિને જો ચિદાનંદ વિલસી રહ્યો, ચર્મની દષ્ટે તે ચર્મ દીસે; ટેક.
સલંગ સૂત્ર વિચારી જો જો તમ્હો, વસ્તુની વેલી એ છે પચાશી. ૧ ચેતિને.
વેલી વરત, ફૂલ ફુલ તે વસ્તુનાં, અને ફલ તણી ચેટકી બહુ ભાત ચાલે;
વેશ વ્યહવાર રંગ રીતિ ચલણ હલણ, અખંડ મંડલ ચારે ખાણ મહાલે. ૨ ચેતિને.
જ્યાં જેમ ત્યાં તેમ વ્યાપી રહ્યો, સમ વિષમતા સર્વ ભાત એહની,
નામને રૂપ ગુણ કર્મ સર્વ એહનો, અખંડ અભેદ બુદ્ધિ હોય જેની. ૩ ચેતિને.
એક દૃષ્ટાંત મળતું છે જો જો તમ્હો, જે તણી બુદ્ધિ ગંભીર હોયે;
સુગંધ જામીને બરાસ વશે થયો, ગંધજ છે જો રૂપ છે તોયે. ૪ ચેતિને.
અખંડ બ્રહ્માંડમાં આણું નથી ટાળવા, દીવ્યદર્શી સદા એમ દેખે.
એ અભેદ વિચારે અખે પદ પામીયો, ભેરે હું કર્તા ટળ્યો રેખરેખે.
ચેતિને જો ચિદાનંદ વિલસી રહ્યો. ઈ. ૫ ચેતિને.

જેને નેતિ નેતિ નિગમ કહે, તેનો કોઇ ન પામે પારરે;
ઉત્પત્તિ સ્થિતિ લય જેમાં, તે નિરંજન નિરાકારરે. જન; ૫
પૂરણ બ્રહ્મ પૂરી રહ્યો છે, ઠાલો નહીં અણું ઠામરે;
કહે નરહરિ એ આ વસ્તુ સઘળે, નિર્ગુણ સગુણ તે નામરે.જન.૬

દેશી ચાલતી.

એ તત્ત્વાર્થ કહ્યું નિરધારજી, એકમના સુણો નરને નારજી;
એ જ્ઞાનગીતા લ્યો હૃદય વિચારીજી, તો બુદ્ધિ ટળે સદ્ય સંસારીજી. ૭

દોહ.

બુદ્ધિ સદ્ય સંસારી ટળે, પ્રકાશ હોયે પરબ્રહ્મનો;
ગ્રંથિ ગળે સંશય ટળે, ક્ષય હોયે સર્વ કર્મનો. ૮
પરબ્રહ્મ હસ્તામલક હોયે, અને ટળે સકળ વિકાર,
એ આત્મવિદ્યાને અનુભવે, ભાસે નહીં સંસાર. ૯
જેમ એક જ્યોતિ દીપક બહુ, અને એક નીર બહુ કૂપ,
જેમ કનક એક આભરણ અનેક, એક આત્મા બહુ રૂપ. ૧૦
રત્ન કુંભવત આત્મા સ્વયં, બહાર મધ્ય પ્રકાશ;
એમ નિરંતર ને નિર્મલ નિશ્ચલ, અખંડિત અવિનાશ. ૧૧
દ્વૈત બુદ્ધિ હોય જ્યા લગી, ભાઇ ત્યાં લગી અજ્ઞાન;
દ્વૈતબુદ્ધિ ત્યારે ટળે, જયારે આવે બ્રહ્મજ્ઞાન, ૧૨

પદ ૨. રાગ પ્રભાત.

વસ્તુને વિશ્વનો કશો નથી અંતરો, અંતર્ દષ્ટે અવિલોકી જોજો;
એ અટપટો ખેલ જોનાર ભકતો ભજો. એહને ઇચ્છો તે આપ ખોજો.
વસ્તુને. ટેક ૧
જેમ કૃષ્ણને કુમાર જાણી જશોદા રહી, તેહને બ્રહ્મા શિવે બ્રહ્મ જાણ્યો;
તેમ વિદ્દજજન વિશ્વને વસ્તુ જાણી ભજે, વિષમતા તણો ભેદ ના'ણ્યો.
વસ્તુને. ૨
વન્હિદર્શીનું દષ્ટાન્ત જો જો તમ્હો, જે અગ્નિ દેખીને દૂર નાસે;
ચકોરની દષ્ટે અનલ આવે નહીં, તો અમૃતપ્રાય કરી તેજ ગ્રાસે વસ્તુને. ૩
જોરે જાણો તો સ્ત્રે શિવરૂપ છો, ભૂપ થઇ ભ્રમ ભેદ ભાંજો;
વસ્તુનો ખોજ સર્વે વિશ્વ વ્યાપી રહ્યો, સમરસ થઇ તમ્હો મધ્ય બીરાજો.
વસ્તુને. ૪
દેહધારી સર્વે દેશ દેહ દેખશે, વિદેહીને સર્વે તે વસ્તુ ભાસે;
અંતર્ દષ્ટે અવિલોકી જોયું અખે, જાગ જમલો નહીં કોઇ પાખે. વસ્તુને. ૫

બ્રહ્મજ્ઞાને ભર્મ ભાજે, નિરંતર હરિ જોય;
બ્રહ્મજ્ઞાનતો ત્યારે પ્રગટે, જ્યારે સંત સંગત હોય. ૧૩
સત્સંગે ટળે સંશય, હોયે દષ્ટિ સમાન;
વિશ્વ બ્રહ્માકાર ભાસે, એમ કહે શ્રી ભગવાન. ૧૪
જેમ પાણીથી પાલો હોયે, પાલો પાણી રૂપ;
એમ નિર્ગુણ સગુણ પરમાત્મા, સઘળે તે સત્ય સ્વરૂપ. ૧૫
એહ લક્ષણ જ્ઞાનનું, ભિન્ન ભાવ ન હોય;
વિશ્વ આત્મસ્વરૂપ જાણે, બ્રહ્મવેત્તા સોય. ૧૬
રૂપમાંહી અરૂપ વ્યાપક, અરૂપમાંહી રૂપ;
આકાશવત પરમાત્મા, ચૈતન્ય બ્રહ્મ હજૂર. ૧૭
જેમ અમૃત પાને અમર હોય, એમ બ્રહ્મભાવે હોય બ્રહ્મ;
એ અનુભવ હૃદય રાખો, છાંડો તે હું તું ભર્મ. ૧૮
સમાન દષ્ટિ સઘળે કરો, પરહરો રાગ દ્વેશ;
ભાઇ ત્યાં લગી તત્વ ન જાણીએ, જ્યાં લગી હું શેષ. ૧૯

न रोधयति मां योगो न सांख्यं धर्म एवच;
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ १ ॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ॥
यथावरुन्धे सत्सङ्गः सर्वं सङ्गापहो हि माम् ॥ २ ॥
श्रीमद् भागवत ११.

૧૯. ભાઇ ત્યાં લગી તત્વ ન જાણીએ, જ્યાં લગી હું શેષ.

जगमें सब कोउ कहत हे, तरण ओट गिरिराज;
सोई अखा सत्य मानीए अहं ओट महाराज ॥ १ ॥
जीव शिव बीच अखा नहि कागद वाकी ओट;
बीच अहंता मध्य पडी, मीथ्या वज्रका कोट. ॥ २ ॥
अहंता ऐसी अखा, जैसा दरपन सार;
सुलटेमें सब भासीए, उलटा त्यहां अंधकार ॥ ३ ॥

1 Empty thyself and I will fill thee.
2 Leave off thy finiteness and you are one with the Infinite.
Infinite alone can know the Infinite.

હું તું ટળતાં જે રહે, ભાઈ તત્ત્વ કેવળ તેહ;
તત્ત્વે તત્ત્વ તે જાણીએ, એમાં નહીં સંદેહ. ૨૦

જેમ ચદ્રકાંત્યે ચન્દ્ર દીસે, અર્કે તે અર્ક પ્રકાશ;
જેમ રત્ન તેજે રત્ન દીસે, એમ વસ્તે વસ્ત સમાસ. ૨૧

વસ્તુમાંહી વિશ્વ વરતે, વિશ્વમાંહી વસ્ત;
વિશ્વ તે તમ્હો જાણજો, જે રહિત ઉદયને અસ્ત. ૨૨

હરિ કૃપા કરે જ્યારે, ત્યારે પામીયે સત્સંગ;
સત્સંગે ટળે સંશય, લાગે હરિશું રંગ. ૨૩

રંગ લાગ્યો ભર્મ ભાગ્યો, પામ્યો તે ગુરૂ પ્રસાદ;
હરિકૃપાએ હુવો આનંદ, ટળ્યા વાદવિવાદ. ૨૪

जौलु अहंता उलटी तौलु सब संसार;
अखा जब मुलटी भई, तबनें आया पार. ॥ ४ ॥
अहं पहीचाने बिन अखा, अहंता मैल न जाई;
जे जितना तजे भजे, तेता चढे कसाई ॥ ५ ॥
अहं लगे अखा सकल, व्यवहार निश्चे प्रमाण;
अहंमा सोऽहं भली गयुं, जाण गयो रही जाण ॥ ६ ॥

२१. स्वयमेवात्मनाऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम. गीता.

२२. जबकाहै खेलार ए, तबकाहै ए खेल;
नावे घटे बढे अखा, नर छायाकी बेल.

२३. हरिकृपा तब जानीए, हरिजनसुं होय प्यार;
रामस्तुतका कोकडा हरिजन ताका तार. तुलसीदास.

छप्पो.

२४. सद्गुरु मीलया सुजान, सुवर्णु जिन शब्द सुनाया;
शिरपर दीया हाथ, भ्रम सब दुरी उडाया;

એ ભોલી ભક્તિએ ગાઈ ગીતા, ન જાણું રાગ ને ભાસ;
મુને હરિએ કહેવરાવ્યું તે કહ્યું, એમ કહે નરહરિદાસ, ૨૫
અંતર્જામી અંતર બેઠો, તેણે કર્યું સમ્યક પ્રકાશ;
નરહરિને નિમિત્ત દીધું, કર્ત્તા શ્રીહરિ લીલાવિલાસ. ૨૬
એ શીખે સાંભળે અનુભવે, ગાય જ્ઞાનગીતા જેહ;
નિરંજન પદને વસે, પુનરપિ ન ધરે દેહ. ૨૭
હરિ હવણાં તેને મળે, જે અર્થ ગૃહે જ્ઞાનગીતા તણો;
કલ્પના સઘળી પરહરિ, કૃષ્ણ કૃષ્ણ અહરનિશ ભણો. ૨૮

ઉથલો.

કહે નરહરિ સહુ સાંભળો, એ તત્ત્વાર્થ પ્રગટ કહ્યું;
હરિગુરૂ સંતની ભક્તિ કરતાં, વિરલે જોગીન્દ્રે લહ્યું. ૨૯

पाया आतमग्यान, ध्यान अभ्यंतर लाग्या,
ब्रह्मसु कीया नेह, जगतसु तोडा धागा;
रामनाम दत्त पाईया, छूटचा वादविवादतें,
सुंदरदास सुखी भये, गुरु दादु परतापतें. ॥ १ ॥

२५ अखा भोरी भक्ति कर, जो सांइ रीझाया चाय;
पंडित कलामें मत पडे, बुद्धि अक्षरमें जाय.

२६. નાથ નિરંજન ગ્રંથ કર્તા, અખો તે નિમિત્ત માત્ર;
જેમ વાજું દીસે વાજતું, પણ વગાડે ગુણ પાત્ર.

૨૭. ગ્રંથનો મહિમાય મોટો, સાંભળતાં તે સઘ ફળે,
મનસા વાચા કર્મણાએ, જે સુરત દઈને સાંભળે. ૧
રામ તારક મંત્ર જે, તે અખે ગીતાનો ભાવ,
જન્મ છેલ્લું હોય જેને, તેહને ગળે પ્રસ્તાવ. ૨

२८. आत्मानं वा विजानीयाद्, अन्यां वाचं विमुञ्चथ. श्रुति.

कडवुं १६ संपूर्ण.

કડવું ૧૭ મું.

શ્લોક.

वासुदेवः परंब्रह्म सर्वभूताश्रयस्थितम् ।
चिद्रूपं व्यापकं नित्यं तुभ्यं भगवते नमः ॥ १ ॥
सर्वसिद्धान्तमालोड्य, योगिना निश्चयकृतम् ।
समस्तं खल्विदं ब्रह्म, सत्यमेतन्न संशयः ॥ २ ॥
पठन्स्तोत्रमिदं शृण्वंश्चिन्तयन्वा पुनः पुनः ।
येन तन्मयतां याति तदिदं स्तोत्रमभ्यसेत् ॥ ३ ॥

ધ્રુપદ રાગ વસન્ત.

એ રસ અનુભવરે, અનુભવ મહારા વા'લા વિલંબ ન કીજે;
એ રસ અનુભવતાં કારજ સીજે, એ રસ. ટેક.
એ રસ હરિહર બ્રહ્મા હ્રદયમાં રાખે,
મોટારે મોટા મુનીવર એ રસ ચાખે. એ રસ. ૧
નિગમ નિરંતર એ રસ ગાએ,
એ રસ અનુભવતાં સંતૃપ્ત તે ન થાએ. એ રસ. ૨
અનેક વિઘ્ન એ રસ ટાળે;
કર્મ અકર્મ બીજ એ રસ બાળે. એ રસ. ૩
અભય પરમપદ એ રસ આપે,
નિર્ભય નિશ્ચલ કરી એ રસ થાપે. એ રસ. ૪

---

१. यतः सर्वाणि भूतानि प्रति भान्ति स्थितानि च:
यत्रैवोपशमं यान्ति तस्मै सत्यात्मने नमः ॥ १ ॥
योगवासिष्ठ.

२. सर्वं ब्रह्मेति विख्यातं ब्रवीति बहुधा श्रुतिः अवधूत गीता.

१. आनंदो वै रसो ब्रह्म.
रामनामरसास्वादं, शेषो वेत्ति शिवोऽपिवा;
आकाशस्य यथा पारं, गरुडो वेत्ति न मक्षिका.

હરિ ગુરૂ સંત પ્રસાદે, એ રસ લહીએ,
એ રસ અનુભવતાં નરહરિ, રસ રૂપ થઇએ. એ રસ. ૫

દેશી ચાલતી.

એ રસ ભોલી ભક્તિએ પામીએજી,વળી વળી સંતને શીશ નામીએજી;
શીશ નામતાં પરમપદ પામીએજી, એવું કહ્યું છે અંતરજામીએજી. ૬

દોહ.

અંતરજામીએ જે કહ્યું, તે રાખજો સૌકો હૃદે;
જે દીર્ઘરોગને ટાળવા હીંડે, તેહને ઓખદ એ સદે. ૭
સંત સંગતિ હરિ ભક્તિ વિણુ, પામીએ નહીં પરબ્રહ્મ;
એ ઉત્તમ બુદ્ધિ ત્યારે ઉપજે, જ્યારે છૂટે સઘળાં કર્મ. ૮
કર્મ છૂટયા વિના જંતને, ન ઉપજે એ ભાવ;
ભવાર્ણવ પાર પામવા, હરિ ભકિત દ્દઢ નાવ. ૯

---

૫. પ્રેમ પયોધરે ઝીલીએ, સદ્દગુરૂ સંતોને સંગ,
પ્રીતમ તન મન તે થકી, પ્રગટે પૂરણ રંગ.

૬. भोरी भक्ति पेसी अखो, जैसा काला पूत;
बचन बोलत तोतरा, तब प्यारा अदूभुत. १
भोरी भक्ति पेसी अखा, अंतरचले अपार;
ज्युं अनलका चींटवा, जाय मीले परिवार. २
रत लागी जब रामसु, काम नहि और बात;
चंद्रतारा छिन्न भया, जबतें प्रगट्या प्रात. ३
रत लागी जब रामसु, काम कया और बात;
मातस्तन मीलैं अखा, तो क्युं चुखेगा तात. ४
रत लागी जब रामसुं, प्रीतम मीलीया सेज;
अखा लकुआ उर दे, जब नैनु आया तेज. ५
रत लागी जब रामर्सु, सकल रिद्धि:तामांहे,
दरिद्र क्यों रहे अखा, कल्पद्रुमकी छांहे. ६
रत लागी जब रामसु, प्रेम आतुर बैराग;
रग रग राम रमीं रहा, नहि चातुरीमकुं जाग. ७

ભકિત ભાવ જ્યારે ઉપજે, ત્યારે કર્મનો ક્ષય હોય,
કર્મ ખુટે પામીએ, હરિ પરમપદ સોય. ૧૦

પરમપદ તે જાણજો, જેને હૃદય નિત્યાનંદ,
નિરંજનને નીરખે નિરંતર, ઉપજે નહી દ્વંદ્વ. ૧૧

જેને સંત સંગત હરિ ભકિત વહાલી, હરિકથાશું રંગ,
હરખ આંસુ બહુ ગદગદ કંઠ, હોયે રોમાંચિત અંગ. ૧૨

શ્રવણે હરિકથા સુણે, જીહ્વાએ જપ એ ગુણગ્રામ,
મસ્તક નમાવે મહાપુરૂષને, નયણે તે નીરખે રામ. ૧૩

નવધા ભકિત હરિભજે, મન આણીને અતીપ્રેમ,
કરે કૃપા તેને શ્રીકૃષ્ણજી, સુખે હોય યોગને ક્ષેમ. ૧૪

---

૧૦. કર્મ ખૂટે પામીએ, હરિ પરમપદ સોય.

ધર્મ મોક્ષ કામારથ જેહ, બ્રહ્મ જ્ઞાનને આવરણ તેહ;
વેદ પુરાણ વિશે કર્મ કહે, તૃષ્ણા માંહી મગન થઇ રહે. ૧

કર્મ વિશે જે ખુંચી રહ્યો, મોક્ષ માર્ગ તણો નવ લહ્યો;
કર્મ વિશે જેનું રત્ય મન, ક્ષણ ક્ષણ તેને જન્મ–પતન. ૨

નાના ભાવ જેને વિષે હોય, મુક્તિ પદ પામે નહીં સોય;
કર્મ શાસ્ત્ર વિશે જે રમે, તેનું મન કેમે નવ શમે. ૩

કર્મ ખૂટયા વિણ બ્રહ્મ નવ મળે, ભવ દુઃખ ભ્રાંતિ તે નવ ટળે;
કર્મ ખૂટયા ત્યારે જાણીએ, જ્યારે મન લયમાં આણીએ. ૪

એ પ્રકારે અનુભવ કરે, દેવી બ્રહ્મ રસ ત્યારે ઠરે;
બ્રહ્મ જ્ઞાન શું જો મન મળે, સંશય શોક તે ત્યારે ટળે. ૫

શંકર–પાર્વતી સંવાદ.

धर्म न अर्थ न काम रुची, गति न चहव निरबान;
बेर येर रति रामपद, यह बरदान न आन.

महात्मा तूलसीदास.

बेर बेर वर मांगहु, हरखी देहु श्रीरंग;
पदसरोज अनपायिनी भक्ति सदा सत्संग. रामायण.

મરજાદા મૂકે નહીં, વર્ણાશ્રમ પાલે જેહ;
અનન્ય ભાવે હરિ ભજે, હરિ ભક્તિ લક્ષણ તેહ. ૧૫
પ્રેમ પ્રીતે હરિ ભજે, અને સદા રહે નિઃકામ;
તે સ્તુતિ-નિંદા પરહરે ભાઇ, લહે હરિ નીજધામ. ૧૬
શાન્ત દાન્ત નિર્દ્વન્દ્વ નિશ્ચલ, લયલીન દૃષ્ટિ સમાન,
તે આત્મ ચિંતન કરે અહરનિશ, જેને હૃદયે ભક્તિ જ્ઞાન. ૧૭
ભક્તિ જ્ઞાને પામીએ, ભગવંતજીના ચરણ;
પતિત-પાવન દીનબંધુ, શ્રીહરિ અશરણ શરણ, ૧૮
શ્રીકૃષ્ણ ચરણે નમું વલી વલી, સંતજનને નામી શીશ;
સદ્‌ગુરૂ કૃપાએ પામીએ, હરિ પરમપદ જગદીશ. ૧૯
વિલંબ ન કીજીએ ભજનનો, ભાઇ ક્ષણભંગુર છે દેહ;
લાહો લીજીએ હરિભજી, સિદ્ધાન્ત પક્ષ ત્યાં એહ. ૨૦
શ્રીકૃષ્ણ ચિંતન કરો અહરનિશ, પરહરો વાદવિવાદ;
દાસ નરહર કહે વલી વલી, તજો મોહ પ્રમાદ. ૨૧

---

१५. स्ववर्णाश्रम धर्मेण, तपसा हरितोषणात्
साधनानि भवेत्पुसां, वैराग्यादि चतुष्टयम ॥ १ ॥

१६. राम भरोंसा रामबल, राम आश विश्वास;
स्वातिबुन्द रघुनाथ है, चातक तूलसीदास ॥

१७. संत सति और सूरमा, तिनोकी एक टेक,
तन मन तो पहिले दीया, अब को करे अखा विवेक. १
जलबनेकु सति चली, साच सतिका साज;
असन बसनकुं उर धरे, तो अखा होय अकाज. २
भक्त भरोंसा सांईका, राम रत दीन रात;
एक सति और सुरमा, न करे दुजी बात. ३
चीन्हा चाहे रामको तो लोक वेद डर छोड;
तनमन मत अटके अखा, सांईयां सेति जोड. ४
मान मीटचा, अरु मन मूआ, ध्यान रहा नीज धाम;
अखा पीछे क्या रहा, जैसा तैसा राम. ५

સિદ્ધાન્તનું સિદ્ધાન્ત એહજ, જે કીજે કૃષ્ણ ચિંતન,
હરિ ગુરૂ સંત પ્રસાદે પામ્યો, નરહર રામ રતન. ૨૨
એ જ્ઞાનગીતા હવી પૂરણ, હરિ ગુરૂ સંત પ્રસાય,
પદ બસો ત્રીશ ને કડવાં સત્તર, સાંભળતાં ભવદુઃખ જાય.૨૩
ધ્રુપદ સત્તર માંહી સુંદર, ઉત્તમ શ્લોક પંચવીશ;
એ એકાગ્રચિત્તે જે અનુભવે, તેને સદ્ય મળે જુગદીશ. ૨૪
સંવત સોળ બહોતરો, શુક્લપક્ષ કાર્તિક માસ,
પ્રતિપદા ગુરૂવાસરે, હવો પૂરણ ગ્રંથ પ્રકાશ. ૨૫
કહે નરહરિ હૃદય રાખજો, એ અર્થ જ્ઞાનગીતા તણો,
પરમપદ તો સુખે પામો, જો રાસ પરબ્રહ્મનો ભણો. ૨૬

ધ્રુપદ રાગ ધન્યાશ્રી.

એ રસ અગમ અપાર, કૃષ્ણ કૃપાએ પામીએ એ;
હે કરતાં નિર્મલ ભક્તિ, તાપ તે ત્રણે વામીએ એ. ૨૭

---

२२. आलोड्य सर्वशास्त्राणि, विचार्यैवं पुनः पुनः
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा. १
कृष्णेरताः कृष्णमनुस्मरन्ति, रात्रौ च कृष्णं पुनरुत्थितार्थे;
ते भिन्नदेहाः प्रविशन्ति कृष्णं हवि र्यथा मंत्रहुतं हुताशे. २
सत्यं ब्रवीमि मनुजाः स्वयमूर्ध्वबाहुर्योमां मुकुन्द
नरसिंह जनार्दनेति ।
जीवो जपत्यनुदिनं मरणे रणेवा पाषाण काष्ठसदशाय
ददाम्यभीष्टम. ३
गोविन्देति सदा स्नानं, गोविन्देति सदा जपः
गोविन्देति सदा ध्यानं, सदा गोविन्द कीर्तनम. ४
अक्षरं हि परंब्रह्म गोविंदेत्यक्षरत्रयम्
तस्मादुच्चरितं येन ब्रह्मभूयाय कल्पते. ५ पांडवगीता.
मै कथी कही कह गए ब्रह्मा विष्णु महेश;
राम नाम तत्त्व सारहे, सबकाहु उपदेश;

२७. એ રસ અગમ અપાર—अनिर्वचनीय परमप्रेमस्वरूपः

"God is the inexphlicable inexpressible essence of Love" to be known, but never to be defined.

કીજે કીજે દૃષ્ટિ સમાન, માન મત્સર હું ટાળીએ એ;
સદગુરૂ સંતને સંગ, કેવલ કૃષ્ણ નીહાળીએ એ. ૨૮

કર્મતણો ક્ષય હોય, જ્યારે એ બુદ્ધિ ઉપજે એ;
તે પામે પરબ્રહ્મ, અનન્યભાવે હરિ ભજે એ. ૨૯

હરિ દીનાનાથ દયાળ, કેવલ કૃષ્ણ આરાધીએ એ,
હરિ આપે અવિચલ ઠામ, જો હરખે હરિગુણ ગાઇએ એ. ૩૦

હરિ પુરૂષોત્તમ પરબ્રહ્મ, પાર જેનો કો નવ લહે એ;
સેવિજે તેહનાં ચરણ, જન્મ મરણ ભય દુઃખ દહે એ. ૩૧

વલી વલી નામું શીશ, જડમતી મહારી કાપીએ એ,
એમ કહે નરહરિદાસ, મુને વાસ તે ચરણે આપીએ એ. ૩૨

ગરબી.

૩૦. રશ અગમ અપાર, સુરનર પાર ન પામે મન વાણિ વડે;
મારા વહાલાજી, જોગેશ્વર જોતાં તે કોઇને નહીં જડે. ટેક.

રસ પ્રેમી જન હોય તે પામે, જેમ જળ આવે નીચે ઠામે;
આ જગત ચડયું છે અવળે વામે. રસ અગમ. ૧

રસ દેવકીને ઉદરે ઉદય થયો, રસ રેલ્યો તે ગોકુલમાંય ગયો;
રસ વ્રજમાં જયજયકાર થયો. રસ અગમ. ૨

રસ વ્યાસજીના કુંવરે ચાખ્યો, રસ ઉત્તરાસુત પરિક્ષિતે દાખ્યો,
રસ બ્રહ્મસુતાએ ઉરપર રાખ્યો. રસ અગમ. ૩

રસ પ્રલ્હાદે પ્રેમે પીધો, રસ પીને ધ્રુવ અવિચળ કીધો;
રસ વ્રિજ વિનતાએ વહેંચી લીધો. રસ અગમ. ૪

રસ પીને મીરા મુક્ત થઇ, રસ પીધો ગૌતમની નારિ,
રસ કર્મ સંજોગે કૂબ્જા પામી. રસ અગમ. ૫

રસ નરસિંહ મહેતે નિશ્ચય લીધો, રસ કમળાને કાજે કીધો;
રસ જનક સુતાએ પાઇને પીધો. રસ અગમ. ૬

× × × ×

ધ્રુપદ રાગ ધનાશરી.

સખો આનંદ અંગ ન માય, કૃષ્ણજીએ કૃપા કરીએ;
મુને આપી નીજમતિ સાર, જ્ઞાનગીતા તે ઉચ્ચરીએ. ૩૩
બસેં ઉપર પદ ત્રીશ, જગદીશે ઉપજાવીયાં એ,
ધ્રપદ શ્લોક તે સાર, સંતતણે મન ભાવીયાંએ. ૩૪
એ સાંભળતાં એકચિત્ત, સકલ પદારથ પામીએ એ,
ભાજેરે ભવનાં દુઃખ, આવાગવન ભય વામીએ એ. ૩૫
એ ગાતાં ટળે અભિમાન, બુદ્ધિ સમાન તે ઉપજે એ;
માયા મોહમદ જાય, અનન્ય ભાવે હરિ ભજે એ. ૩૬
એ અનુભવતાં એકાંત, શાંતિ તે હોયે મન તણી એ;
જે જેમ છે તે તેમ થાય, કહું મોટમતા શી અની ઘણીએ. ૩૭
અજ્ઞાન અંધેરી રાત, જ્ઞાનગીતા શશી ઉદીઓ એ;
રમતાં હરિશું રાસ, ત્રાસ ભરમ સઘળો ગયો એ. ૩૮
પામ્યો પામ્યો ચરણ શ્રીકાન્ત, હરિ ગુરૂ સંતે કૃપા કરીએ;
નરહરિ નામે શીશ, તમ્હો હૃદયે રહેજો શ્રીહરિ એ. ૩૯
વલી વલી કરૂં પ્રણામ, સ્વામી વિનતી દાખીએ એ,
એમ કહે નરહરિદાસ, મુને સંતને ચરણે રાખીએ એ. ૪૦

કડવું ૧૦ મું સંપુર્ણ

રસ અજર અમર રહે એવો છે, રસ માનવીઓનો મેવો છે,
રસ સૌને પીવા જેવો છે. રસ અગમ. ૭
રસ પીજો પીધાને ટાણે, પછી નહીં મળે ખરચે નાણે;
રસ દૂરિજન હોય તે શું જાણે. રસ અગમ. ૮
રસ–રસયા રસ રાખો જારી, રસ પીજો રસના અધિકારી;
પ્રીતમના સ્વામીની પ્રીત ન્યારી. રસ અગમ. ૯

૧

હવે કહેવું જોઇએ તે તો કહીએ રે. સજ્જનો સાંભળોરે. ૧
છેલ્લે છેલ્લી શીખામણ દઇએરે. સજ્જનો સાંભળોરે. ૨
રૂડા નીતિનાં નેમથી રહેજોરે. સજ્જનો સાંભળોરે. ૩
મુખે રામ કૃષ્ણ રામ કૃષ્ણ કહેજો રે. ,, ૪
હરિએ દીધું હોયે તેણુ દેવું રે. ,, ૫
પાપ કરમોથી દુર સદા રહેવું રે ,, ૬
નામ હરિનાં છે શાસ્ત્રમાં હજારો રે ,, ૭
તેમાં તમને ગમે તે તમારો રે ,, ૮
તમને ગમે તેને ગુરૂ કરજો રે ,, ૯
ભેટ ભાવે ત્યાં જઈ ધરજો રે ,, ૧૦
રૂડો લાગે તે ધર્મ તમારો રે ,, ૧૧
કરવો સત્સંગ (એ) સિદ્ધાંત્ અમારો રે ,, ૧૨
થાય સત્સંગ તો વાત છે સારી રે ,, ૧૩
કહે જાદવ છે અરજ આ અમારી રે ,, ૧૪

૨

રોમે રોમે ચડે, રામ રસ રોમે રોમે ચડે. (ટેક)
પીતાં પુરણ અનુભવ પ્રગટે, અનંત નેત્ર ઉઘડે; (૨)
દ્દેહશ અંગુલ ભરી પીએ તો નવી સૃષ્ટીને ઘટે. રામ.
શુંઘે તેને સ્વરૂપ દરશે, પાછો ભાવના પડે, (૨)
આપે નિર્ભય સઘળે વર્તે, જો જીંહાએ અડે. રામ.
અજર ખુમારી, અદભુત ભારી, બ્રહ્મ વિષે જઇ ભડે; (૨)
પીંડ બ્રહ્માંડની પાર રહ્યા તે હંસ થઇ નીવડે. રામ.
મરજીવાતે મહારસ માણે, તેથી નહિ કોઇ ખડે; (૨)
જન છોટમ એવા જન મળતાં, ભાગ્ય ભલાં ઉઘડે. રામ.

૩

પ્યાસે હમારે નેના, દરશન બિના, પ્યાસે હમારે નેના (ટેક)
જા દિનસે મોહન ગયો મથુરા
તા દિનસે નહિ શેના–દરશબિના–પ્યાસે. ૧

દિન ભર મોએ ભોજન ન ભાવે (૨)
નીંદ બિના બીતી રેના-દરશબિના-પ્યાસે. ૨
કુમનદાસ પ્રભુ ગોવર્ધનધર (૨)
શરદ રેન સુખ દેના-દરશબિના-પ્યાસે. ૩

૪

લેહ લાગી મને લેહ લાગી, રામ સીતાપતિ તમારી લેહ લાગી;
પ્રભુ તમને ભજયાથી મારી ભીડ ભાગી-રામ સીતા. ૧
ધ્રુવને લાગી પ્રલ્હાદને લાગી (૨)
મેહેતા નરસિંહાની ભીડ ભાગી—રામ સીતા. ૨
અજ્ઞાનની કોટડીમાં ઊંઘ ઘણી આવે (૨)
જ્ઞાનીને શબ્દે હું જાગી—રામ સીતા. ૩
રમણ રેતીમાં રાસ રચ્યો છે (૨)
ગોપીયોની સંગે હું મહાલી—રામ સીતા. ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર (૨)
સત સંગતની લેહ લાગી—રામ સીતા. ૫

૫

નામ સુધારસ સાર સરવમાં, પરખી પ્રેમ શું પીધોરે;
ભુતળ પતિપદ તેને ન ભાવે, લહાવો નૌતમ લીધોરે. નામ. ૧
એ રસ મોંઘે મુલે મળે નહિ, વૈકુંઠનાથને વહાલોરે;
અજઉમીઆપતિ ઇચ્છક એના, અદ્વૈતપદનો પ્યાલોરે. નામ. ૨
પુરણ બ્રહ્મ એ રસને પ્રીછો, નથી સમોવડ એવોરે;
જગતનું જીવન એનેરે કહીએ, મહા વિરલાનો મેવોરે. નામ. ૩
કોટી યજ્ઞ ને જપ તપ તીરથ, તો એ તુલ્ય ના આવેરે;
પૃથ્વી પાત્રને મુક્તા ભરીયું, એથી અધીક પણ પાવેરે. નામ. ૪
નામ સમોવડ કોઇના આવે, અમુલ્ય વસ્તુ એવીરે;
સદ્ગુરૂ સ્વામી કૃપા કરેતો, ત્યાંથી મળે તેવીરે. નામ. ૫
દુર્લભ દીઠોને મહારસ મીઠો, સ્વાદ કહ્યો ન જાયેરે;
નીરાંત નામ સુધારસ પીતાં, હરી સરખો થઇ જાએરે. નામ. ૬

પ્રસ્તાવના.

અખાભક્ત અમદાવાદના વેદાંતિ ભક્ત જ્ઞાતે સોની હતા. તેમનાં પદો અખે ગીતા-કાવ્યદોહન આદી ઘણાં ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. આ સ્થળે મૂકેલાં પદો હજુ પ્રસિદ્ધીમાં આવેલાં નથી. આ ભક્તરાજની વાણી વેદાંત પ્રેમીજનોને ઘણી પ્રેમ પાત્ર બની છે. તેથી અપ્રસિદ્ધ પદો પ્રસિદ્ધીમાં મૂકવાનો પ્રયાસ સજન સમૂહની સેવાનું સ્નેહ લિંગ બનશે એવી માન્યતાએ આ ગ્રંથરૂપ મંદિર ચણાયું છે.

આશા છે કે સજન સમૂહ લાભ લઇ કૃતાર્થ થશે.

ધોળકા તાબે બાવળા નીવાસી મહાત્મા નરહરદાસ ભક્તરાજ અખોને ટુંક મૂદતમાં ભકતજનોને વિરહૂદગ્ધ કરતા, કૈવલ્ય મોક્ષ પામેલા, અમદાવાદ નીવાસી મહાત્મા સયૂદાસજી; એત્રિગુણાત્મક ત્રિપુટી દેવની-ગૂરજર ભૂમીના મહાન્ સૂર્યોની-અક્ષર બ્રહ્મરૂપ પરા વાણીનો ભંડાર અને પદે પદે લેવા જોગ ચારિત્રનું મૂરતિમાન ચિત્ર રૂપ આ પુસ્તક—આ ગ્રંથ; સજજન નર વિરો અને મહાન પુરૂષોને અખંડ-અનંતને અચ્યુત સુખ શાંતિ આપોઃહરિ ૐ શાંતિઃશાંતિઃશાતિઃ

ચૈત્ર શુદ ૧૪ ગુરૂ.

પ. જે. પરીખ.

પદ ૧ રાગ પ્રભાત.

વનચર વીરા વધામણી–એ રાગ.

વીરારે વસ્તુ લ્યોની વિચારી,
આકાશ આઘેરૂં ચાલવું, શું બેઠા છો હારી. વીરારે. ૧
તેજ પવન પૃથ્વી, આકાશને અંબુ,
પાંચેને શમાવતાં, શેષ રહે ને શંભુ. વીરારે. ૨
વાદવિવાદ ન કીજીએ, આદરમાં રહીયે,
ચતુરપણું ચૂકીએ, મૂલગેથા જઇએ. વીરારે. ૩
સૂક્ષ્મથી અતી સૂક્ષ્મ થઇએ, જડે વસ્તુનો છેડો,
એવા ગુણવડે ગરવા થઇએ, સામો આવે શેડો. વીરારે. ૪
ગુણાતીત ગોવિંદ છે, ગુણ કેમ પામે;
એતો શીલા સહિત તરી જવું, જેમ આરે સામે. વીરારે. ૫
વ્યાપ સમાવોરે આપમાં, આપ આપમાંરે ગાળો,
અણુલિંગી લિંગ લય કરે, એમ આપજ ટાળો. વીરારે. ૬

---

१. यदेकं निष्फलं ब्रह्म व्योमातीतं निरंजनम् ।
अप्रतर्क्यमविज्ञेयं विनाशोत्पत्तिवर्जितम् ॥ १ ॥ उत्तरगीता.

३. चतुर दबे चतुराईमें, मूढपणे दबे मूढ;
ए दोनु खाक उडे अखा, तब प्रगटे पावक गूढ.

४. मुक्ति मिच्छसि चेत्तात्त, विषयान्विषवत्यज ।
क्षमार्जव दयातोष सत्यं पीयूषवद्भज ॥ १ ॥ अष्टावक्रगीता.

૫ Infinite alone can reach the Infinite,
How can finite know the Infinite?

We are all finites as human beings; and at the same time we are all one with the Infinite as the spirit; so our humanity must die before Divinity manifests itself.

૬ Melt the individual self into the universal One.

When the human soul is attracted by the magnetism of Universal consciousness, the latter des-

અણુછતું થાયે છતું, છતું તે લીન થાયે,
જડપણુ જે જડતાતણું, જેમ જાગે ને જાયે. વીરારે. ૭
ભૂત અધ્યાસે ભવોભવ ભમે, ચેતન ચિત્ત ધારો,
શબ્દાતીતને ઓળખો, અખા હું છું બોલણહારો. વીરારે. ૮

પદ ૨ રાગ પ્રભાત.

જાગની જાદવા કૃષ્ણ ગોવાળીયા એ રાગ.

અચિંત્ય ફૂલી ફાલીને સઘળે રહ્યું,અચિંત્ય થયા વિના હરિ હાથ ના'વે,
આપ ટળ્યા પછી જો કાંઈ નવ રહે, અદબદ માલ તે એમ ફાવે. અચિ.૧
અચિંત્યની ઓટમાં મૂળ સૌએ તણ્યાં, હાથ ના'વે બુદ્ધિ બાહર ચાલી,
ફૂલ્યા ફૂલ્યાતણી ટેવ સૌને પડી, પ્રત્યક્ષ વસ્તુ તે પરોક્ષ ઘાલી. અચિ.૨

---

troys in a moment all the individuality and selfishness, the latter destroys in a moment all the individuality and selfishness, and plunges it in the ocean of God's Infinite Love.

७. उदिते परमानंदे, नाऽहं नत्वं नैव जगत्.

८. ब्रह्मैवाऽस्मीति विभाव्यतामरहो गर्वः परित्यज्यताम्
देहोऽह मतिरुज्झतां बुधजनै र्वादिः परित्यज्यताम् ॥

श्रीमच्छंकराचार्य.

અચિંત્ય=સ્વરૂપ–આત્મસ્વરૂપ–તૂર્યા સ્વરૂપ–ઉન્મની અવસ્થા–ચિંતન રહિત. સ્થિતિ.

हे रामजी! अचिंत्यरुपी गढ है. जहां फुरणा कोउ नहि; केवल शान्तरूप है; तिसविषे अहंभावकुं त्यागकरी स्थित होवै; तब अहंत्वंभाव मीटी जावै. योगवाशिष्ठ.

२. क्षिति समुद्रमांथी, सर्वने, सर्वोत्तम आरोग्य, सर्वोत्तम व्यवहार सुख, सर्वोत्तम मनोबल तथा सर्वोत्तम अध्यात्मबल प्राप्त थाय छे. अध्यात्मबलपोषक ग्रंथ माला. अंक १.

ચિત્ત અચિત્તમાં અર્પી નચિત રહે, ત્યારે સાવ નિરંતર એક ભાસે;
કૃત્ય અકૃત્ય સર્વ સંશય ટળે, સમરસ ખેલે શ્વાસ ઉશ્વાસે. અચિત્ય. ૩
એવું એન અચિત્ય શ્રીકૃષ્ણજીએ ભોગવ્યું, સોળ સહસ્ર શું વિહાર કીધો;
ઋષી ભોજનતણું નારે જોયું પારખું, તતખેવ જુમનાંજીએ માગ દીધો. ૪
અચિંત્ય જાણે થકે જો દેવ દેવ દત્તને, ગોરખ આયુદ્ધ ગૃહી શક્તિ વાધી;
અછેદ અભેદ થાય તે અખા, અચિંત્યનું રૂપ શકેજ સાધી. અચિંત્ય. ૫

પદ ૩. રાગ પ્રભાત.

પીયૂષ-પાન કીજે, આવોરે મહાજનો, જેણે પાને હુંરે ભાવ જાય;
ગગન ગમન તણી, ગતી આવે અતી ઘણી એજ દેહે વસ્તુરૂપ થાય.
પીયૂષ-પાન કીજે. ૧

વસ્તુ આધારે હરિ-હર બ્રહ્મા રહ્યા. ચૌદ લોક આધાર એ વસ્તુ કેરે;
વિદેહી તેજ વસ્તુ, નામ તે જુજુઆં; વેદાન્ત ગીતા જેની સાખ પૂરે.
પીયૂષપાન. ૨

---

३. भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्व संशयाः
क्षीयन्ते चाऽस्य कर्माणि, तस्मिन् दृष्टे परावरे.

४ Shri Krishna never forgot his real nature, which is pure and perfect by itself; and so he had supernatural powers by birth which is a proof of it.

५ He who goes on the spiritual plane, becomes one with the Infinite.

१ Until we give up the world manufactured by the ego, never can we enter the kingdom of heaven. None ever did, none ever will. To give up the world is to forget the ego, to know it not at all, living in the body, but not of it. This rascal ego must be obliterated.

२. सद्रेकं निधानं निराकल्पमनीहं

સ્વર્ગ વૈકુંઠ એ મનનાં કિંકર સદા, મન તણી સુરતી તે ત્યહાં ન ચાલે;
અણુલિંગી આકાશવત્ નિર્મલા, છે બાહ્ય મધ્ય સળંગ સૂત્ર માં'લે.
પીયૂષપાન. ૩

વિમલ બુદ્ધિ ગંભીર જે ઉપની, તેણે કૃત્ય કિરતારનો ભેદ ભાંગ્યો;
વર્ણ વ્યહવાર યથા વિધી રહી ગયો, પીયૂષપાને અખા હુંજ ટાળ્યો.
પીયૂષપાન. ૪

પદ ૪.

સંતો આવોજી દેશ હમારડે, જ્યાં છે સદારે વસંત;
સ્વાતીક વરણુંરે ફૂલડાં, તેનો ના'વેરે અંત. આવોજી. ૧
સંતો મૃદંગ બાજેરે બીન મૃદંગા, બીન મુખ ગાવેરે ગીત;
દિવસ રજનીરે સંતો ત્યાં નહીં, જહાં નહીં ઉષ્ણ ને સીત. ૨
સંતો ઇન્દ્રિય અગોચર તે સદા, જ્યાં નહીં કાલ ને કર્મ;
પવન પ્રવેશ સંતો ત્યાં નહીં, જ્યાં છે હરિ પરબ્રહ્મ. ૩

---

३. यतो वाचो निवर्तन्ते, अप्राप्य मनसा सह;

૪. When a man becomes perfect, he plays his part well, whatever it may be, alloted by nature just as श्रीराम, श्रीकृष्ण, जनक, वशिष्ट and शुक did. He remains on the spiritual plane for ever, and does nothing consciously on the material plane.

૧. On our native land.

Breathes there a man with soul so dead;
Who hath not said, this is my own, my native land.

૨. બીના પંખનો એ છે પંખી, બીન ઇન્દ્રિનો ભોગીરે;
બીના અંગનો એ છે પ્રાણી, બીન જોગ સંજોગીરે.
રામ નામ તું રાખ હૃદયમાં. ૭. નિરાંત.

३. देहेन्द्रिय मनोबुद्धि, प्राणादिभ्यो विलक्षणः
सच्चिदानंद सत्यामा, तमोंकार भजाम्यहं ॥

સંતો સુરુગમ હોય તે ચાલે એને મારગે વાટ સિંધુ કેરી;
પગ ન ટકેરે પપીલનો જ્યાં છે સાંકડી શેરી. આવોજી. ૪
સંતો મુનીવર મેલોરે ત્યાં કરે, જ્યાં નહીં બિંદુ ને નાદ,
ત્રિગુણાતીત સંતો તો લહે જો જાય અહંવાદ. આવોજી. ૫
સંતો આકાશથીરે આઘેરડું, જ્યાં નહીં રૂપ ને નામ;
સહજે તે શુન્ય નીહાળતાં, પેખ્યું પુરણ ધામ. આવોજી. ૬
સંતો મનરે મારીને મર્જન કરે, પરમ જ્યોતમાં મળે;
ખગાકાર તે તો થઈ રહે, તે નર પાછા ન વળે. આવોજી.૭
સંતો ગગન-હિમાળેરે જે ગળ્યા, તે નર આવે ન જાય;
અખા ગુરૂ બ્રહ્માનંદ ભેટતાં, જ્યોતમાં જ્યોત સમાય. આવોજી.૮

પદ ૫ રાગ પ્રભાત.

ચેતિને જો ચિદાનંદ વિલસી રહ્યો, ચર્મની દૃષ્ટે તે ચર્મ દીસે;
સલંગ સૂત્ર વિચારી જોજો તમ્હો, વસ્તુની વેલી એ છે પચીશે.
ચેતિને. ૧
વેવી વસ્ત (વસ્તુ) ફલ ફૂલ તે વસ્તુનાં, અને ફલ તણી ચેટકી બહુ ભાત ચાલે;
વેષ વ્યહવાર રંગ રીતિ ચલણ હલણ, અખંડ મંડલ ચારે ખાણ માં'લે. ચેતિને. ૨

---

४. अदबदमें टिकते नहि, अखा बुद्धिके पाव;
गीर पडे बहोरु चडे, लागा मनकुं चाव.

५. अमात्रं शब्दरहितं, स्वरव्यंजन वार्जितम्
बिन्दु नाद कलातीतं, यस्तं वेद स वेदवित्. उत्तरगीता.

६. अजमनिद्रमस्वप्नमनामकमरुपकम्,
सकृद्वि भातं सर्वज्ञं नोपचारः कथंचन. गौडपादाचार्याः

७. Kill the self, then there will be He Himself.

८. The individual self becomes one with the Universal one.

१, ईशावास्यमिदंसर्वं, यत्किंच जगत्यां जगत. (श्रुतिः)

२. सर्वं खल्विदं ब्रह्म.

જ્યાં જેમ ત્યાં તેમ વ્યાપી રહ્યો, સમવિષમતા સર્વે ભાત એહની;
નામને રૂપ ગુણુ કર્મ સર્વ એહનાં, અખંડ અભેદ બુદ્ધિ હોય
જેહની. ચેતિને. ૩

એક દૃષ્ટાંત મળતો છે જો જો તમ્હો, જે તણી બુદ્ધિ ગંભીર હોયે;
સુગંધ જામીને બરાસ વેશે થયો, ગંધજ છે જો રૂપ છે તોયે.
ચેતિને. ૪

અખંડ બ્રહ્માંડમાં અણું નથી ટાલવા, દીવ્યદર્શી સદા એમ દેખે;
એ અભેદ-વિચારે અખેપદ પામીયો, જોરે હું કરતા ટળ્યો રેખરેખે.
ચેતિને. ૫

પદ. ૬ રાગ પ્રભાત.

વસ્તુને વિશ્વનો કશો નથી અંતરો, અંતર દૃષ્ટે અવિલોકી જો જો;
એ અટપટો ખેલ જોનાર ભકતો ભજો, એહને ઈચ્છો તે આપ
ખોજો. વસ્તુને. ૧

જેમ કૃષ્ણને કુમાર જાણી જસોદા રહી, તેહને બ્રહ્મા શિવ બ્રહ્મ જાણ્યો;
તેમ વિદ્વજ્જન વિશ્વને વસ્તુ જાણી ભજે, જેણે સમ-વિષમતા તણો
ભેદ ના'ણ્યો. વસ્તુને. ૨

---

3. He who has realized oneness with the whole universe, sees all the names, forms, qualities and actions of the same One Reality.

4. The Formless has taken all the forms.

૫. When the individual self is altogether removed what remains is God alone.

१. हरिरेव जगत् जगदेव हरिः, हरितो जगतो नहि भिन्न तनुम् ।
इति यस्यमतिः परमार्थ गति, स नरो भवसागरमुत्तरति ॥१॥

२. सुहृन्मित्रायुदासिन मध्यस्थ द्वेष्य बन्धुषु,
साधुष्वपि च पापेसु समबुद्धिर्विशिष्यते. गीता.

વન્હીદર્શીનું દ્રષ્ટાંત જોજો તમ્હો, જે અગ્નિ દેખીને દૂર નાસે;
ચકોરની દ્રષ્ટે અનલ આવે નહીં, તો અમૃતપ્રાય કરી તેજ ગ્રાસે.
વસ્તુને. ૩

જોરે જાણો તો સ્વે શિવરૂપ છો, ભુપ થઇ ભ્રમ ભેદ ભાંજો;
વસ્તુનો ખોજ સર્વ વિશ્વ વ્યાપી રહ્યો, સમરસ થઇ તમ્હો મધ્ય
બીરાજો. વસ્તુને. ૪

દેહધારી સર્વ દેહ દેહ દેખશે, વિદેહીતે સર્વ તે વસ્તુ ભાસે;
અંતર દ્રષ્ટે અવિલોકી જોયું અખે, જાગ જમલો નહીં કોઇ પાખે.
વસ્તુને. ૫

પદ ૭ રાગ પ્રભાત.

આજ આનંદ મુને અદ્દ્ભૂત પ્રગટીયો, માહરો મુજને પાર લાધ્યો;
પાંચ પછીશ એકે નથી ટાળવા, જેમ છે તેમ એ માલ બાધો. આજ.૧
કોઇ કહે જીવ છે કોઈ કહે શિવ છે, એ થાપ ઉથાપ તે કોઇ ન સીધ્યો;
આપે આપ અમૃત-રસ ઘુંટવા, શિવે તે જીવનો વેશ લીધો. આજ. ૨
આપે અંબુજ અવની થયો, તેજ તું, વાયુ વ્યોમ ખ્યાલી ખેલ આવ્યો;
દ્વિપદ ચતુષ્પદ અનંત એકે નહીં, એવા વિવિધપ્રકારના વેશ લાવ્યો. ૩

---

३. दृष्टिसृष्टीवाद.

४. Know for certain, that there is infinite power behind you; be one with that Power.

५. संपूर्ण जगदेव नंदनवनं, सर्वेपि कल्पद्रुमाः ।
गांगंवारि समस्त वारिवाहाः पुण्याः समस्ताः क्रिया ।
वाचः संस्कृतः प्राकृताश्रुति शिरो वाराणसी मेदनी ।
सर्वाऽवस्थितिरस्य वस्तुविषये दृष्टे परेब्रह्मणे ॥ १ ॥

१. This is a song of realization.

Through realization I find that there is nothing but myself. The I has become the all; the all is I and bliss. *Swami Vivekanand*

२. Emerson says:—"Every man is God playing the fool.

३. द्विपादं च चतुष्पादं, अपादं बहुपादकान् ।
सर्वत्र सर्वदा सर्वं, चिद्रूपं पश्यतो मुनेः ॥

અખંડ બ્રહ્માંડમાં અણુ નથી ટાળવા, સલંગ સૂત્ર મૈંતો જોયું વિચારી;
વસ્તુનાં પિંડ સર્વ રૂપે રમે, આદ્ય અંત્ય મધ્ય વસ્તુ સારી. આજ. ૪
નખ શીખ લગી સર્વ ઘૃતની પૂતલી, ઘૃતના સોળ શણગાર સાર્યા;
એ અભેદ વિચારી અખેપદ પામીયું,નામ રૂપે રખે રહો કો ભાર્યા. આ.૫

પદ ૮ રાગ પ્રભાત

ઝીલરે ઝીલતું સંત સંગતરૂપી જાન્હવી, માનવી માન મૂકીજ મનને;
સંતસંગત વિના નર નથી નીપન્યા, નીપજે નવખંડ કામ ધનને.
ઝીલરે. ૧

બીક જમની ટળે, સ્વર્ગ આશા પળે,–સહજ સદા ફળે, રામ જાણે;
પિંડ પૂજ્ય થઇ રહે, શબ્દ કો નવ દહે, મોહથી નવ હોય વૃદ્ધિ–હાણે.
ઝીલરે. ૨

લિંગ વાસના ગળે, દ્વૈત ભાવજ ટળે તુરત ત્રીકમ મળે ઘેર બેઠે,
મનના સંકલ્પ સમે, મનોરથ કોઇ નવ દમે, એક હરિ સુખ ગમે,
બીજાં કામ હેઠે. ઝીલરે. ૩

પ્રગટે મોટી દશા, ગમે નહી વિષય કશા, જાય નહીં ધશ્યા, કયાંઈ
અધીક દેખી;

ત્રિલોકી તૃણ કરી ગણે અંતર એકતા ફળે, મધુરી ભાષા ભણે;
આપ પેખી. ઝીલરે. ૪

---

૪. किं करोमि क्व गच्छामि, किं गृह्णामि त्यजामि किम ।
आत्मना पूरितं सर्वं, महाकल्पाम्बुना यथा ॥

૫. There is but One the free, the knower, self;
Without a name, without a form or stain.

१. तन मन दीया तो भल दीया, शीरका जाशी भार;
जो कबु कहे में दीया, तो बहोत खायगा मार;

२. He becomes happy with the happiness of the self; nothing outside can increase nor decrease his happiness even in the least.

૩. વાસના બાળે આપ ગાળે, હું તું ટાળે જેહ;
અદષ્ટમાંહિ દષ્ટિ રાખે, સિદ્ધ જોગી તેહ.

૪. બાની મીઠી બોલીએ, અહં માનીએ નાહિ;
તેરા પ્રીતમ તુજમેં, દુશ્મનભી તુજમાંહિ.

નિત્ય નિશ્ચલ સદા, ડગમગે નહીં કદા, કારણ વિણુ મુદા, દેવ દર્શી;
સંત ગંગાતણું, ફળ છે અતી ઘણું, કહે અખો શું ભણું, જો જો આપ
પરશી. ઝીલરે. ૫

પદ ૯ રાગ પ્રભાત.

દેહના કૃત્યમાં સર્વ ભૂલા પડયા, દેહી ઓળખ્યો કોણે ન જાયે;
ઉપાધિની ઓટમાં સૌજ આવી ગયા, વસ્તુ સાનિધ્ય તેણે ન થાયે;
દેહના. ૧

આપે હોય ઈશ, ઐશ્વર્ય એવું ધરે, કોટી બ્રહ્માંડ સરજે ને ભાંજે;
વસ્તુ વિચાર વિના તેહ ભુલા ભમે, સ્વપ્રકાશમાં સર્વ લાજે. દેહના.૨
જે જે સામર્થ્ય ધરે, આપ અળગુ કરે, આપ અલગુ થયે, કાલ ગ્રાસે;
એણી વલણ વળ્યા, માયાએ મર્કટ કર્યા, તેને નામરૂપ તે સત્ય દરશે.
દેહના. ૩
પંડિત જાણુને મોટ મોટા સકલ, સર્વનો લક્ષ તે વિષય વિશે;
તેણે કરી લિંગ નવ વીસરે, દૃષ્ટીથી એમ સાધે પરપંચ બુધે. દેહના.૪
મૂલગી સીધી વ્યાપીને વિલસી રહી, તે મૂલગે પદ સરજે સમાયે;
તે મૂલગે પદ અખો રહ્યો ઉચરે, અલગો પડે તો જીવ થાયે. દેહના. ૫

---

૫. Knowing eternity he moves not whilst shadows come and go.

1. Man as spirit is pure and perfect already, he is beyond cause and effect; he does not act at all; nothing can act upon it.

2. God being perfect, why should he act; He does not create the world at all; it is He himself, who appears as the world to us through our own ignorance.

3. All powers are in **माया**. When there is only one, who would exercise the powers and towards whom?

૪. **बद्धोऽस्ति कोयो विषयानुरागी,**
मुक्तोऽस्ति कोयो विषये विरक्तः

૫. **जीवन्मुक्त**'s always remain on the spiritual plane in case he who comes down from that plane becomes **जीव**.

राजनगरना

महात्मा श्री सयूदासजी.

લેખક-સ્વામી શ્વયંકાશ્વરતીર્થ.

પ્રસિદ્ધ કર્ત્તા.

પ્રભુલાલ જેઠાલાલ પરીખ.

साखी·

गुरु गोविंद दोनु खडे, किसुकु लागु पाय;
बलिहारी गुरु देवने गोविंद दीया बताय

અમદાવાદ.

ટંકશાળમાં ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

॥ नमो भगवते गुरुदेवाय ॥

अथ गुरुमहिमा लिख्यते.

સાખીઓ.

ગુરૂપદ પ્રેમે પૂજીએ, પ્રગટે જ્ઞાન પ્રકાશ,
કહે પ્રીતમ એક પલકમાં, કરે અવિદ્યા નાશ. ૧
ગુરૂ ગોવિંદ તેં અધિક હેં, શુદ્ધ ચિત્તે કરી જોય;
કહે પ્રીતમ કરૂણા કરે, આવાગમન ન હોય. ૨
સદગુરૂ ચરણ સરોજમાં, મન મધુંકર કરી રાખ,
કહે પ્રીતમ નિત્ય નેહશું, રામ સુધારસ ચાખ. ૩
સદ્‌ગુરૂ રામ સંસારમાં હીતકારી કોઉ નહિ;
કહે પ્રીતમ ભવવાસ તે, છોડાવે પલ માંહી, ૪
ગુરૂકુ માને માનવી, દેખે દેહ વ્યવહાર,
કહે પ્રીતમ સંશય નહિ, પડે નરક મોઝાર. ૫
ગુરૂ ઇશ્વર તે અધિક હેં, બ્રહ્મરૂપ ભગવાન;
કહે પ્રીતમ પદ પરસતાં કાઢે કોટી અજ્ઞાન. ૬
[1]અસન [2]વસન [3]વાહન [4]સદન, સદગુરૂ અર્પે જેહ;
કહે પ્રીતમ સુખ ભોગવે, અખંડ અભેપદ તેહ. ૭
જાતે મસ્તક ગુરૂ નહિ સો નર નુગરા જાણ;
કહે પ્રીતમ પાતક નહિ, પુરૂષ નહિ પાષણ. ૮
ચંદ્ર વિના જેમ જામની, કંથ વિના જેમ નાર;
કહે પ્રીતમ એમ ગુરૂ વિના, પ્રાણી પશુ ગમાર. ૯
નુગરા નર જ્યાં પગ ધરે, કાંપે ધરણી શેશ;
કહે પ્રીતમ મુખ દેખતા, પાપ કરે પ્રવેશ. ૧૦
ગુરૂ આજ્ઞા માને નહિ, તજે ન દેહ અભિમાન;
કહે પ્રીતમ મહા અરણ્ય મેં, રાક્ષસ હોય નિદાન. ૧૧

---

૧ ભોજન. ૨ વસ્ત્ર. ૩ ગાડી-ઘોડા. ૪ ઘર.

ગુરૂકું તન મન સોંપીચે, સર્વસ્વ પ્રાણુ સમેત,
કહે પ્રીતમ ભવસિંધુમેં, બુડત ભુજ ગ્રહી લેત. ૧૨
સેવકકે સુખ કારણે, ગુરૂ કસોટી દેત;
કહે પ્રીતમ શિક્ષા કરે, અંતર માંહી હેત. ૧૩
પારસમણિ ચિંતામણી, કલ્પદ્રુમ કામધેન;
કહે પ્રીતમ ગુરૂ ચરણુપર, કોટિ વારણુ કીન. ૧૪
કોટી ઇંદ્ર કોટી કમલભૂ, કોટી સારદા શેષ;
કહે પ્રીતમ ગુરૂકું ભજે ગૌરી સિદ્ધ ગણેશ. ૧૫
ઉઠ કરોડ તિર્થ સબે, ગુરૂ ચરણોદક જેહ;
કહે પ્રીતમ પીએ પ્રેમશું પામે અટલપદ એટ. ૧૬
લાખ યજ્ઞ જે કોઇ કરે, વિધિ પૂર્વક વિખ્યાત,
કહે પ્રીતમ પ્રસાદમાં સમજી લો સાક્ષાત. ૧૭
ગુરૂકો વચન વિચારીએ, દીનમે વારંવાર,
કહે પ્રીતમ એક વચનમેં, ચાર વેદકો સાર. ૧૮
સબહી મીટાવે કલ્પના, કરે ભ્રમણા દૂર,
કહે પ્રીતમ પરમાત્મા, દેખાડે ભરપૂર. ૧૯
ગુરૂ મહિમા અતિ અગમહે, નિગમ ન પાવે પાર,
કહે પ્રીતમ કેસે લહે, જડમતિ જીવ ગમાર. ૨૧
ગુરૂકી પૂજે પાદુકા, આસન સેજ સલામ,
કહે પ્રીતમ રિદ્ધ સિદ્ધ સબે, તાકી હોય ગુલામ. ૨૨
શુક નારદ શંકર રટે, ગુરૂકો મહિમા અપાર,
કહે પ્રીતમ ગુરૂ શબ્દસેં, તરીચે ભવસંસાર. ૨૩
અંતરજામી ગુરૂ આતમા, સબ ઘટ કરે પ્રકાશ,
કહે પ્રીતમ ચર અચરમાં, ગુરૂ નિરંતર વાસ. ૨૫
તૃણુ ન હાલે ગુરૂ વિના, વ્યાપક વિશ્વાધાર,
કહે પ્રીતમ કાયા વિશે, સદગુરૂ બોલણુહાર. ૨૬
સંત–હરિ–ગુરૂ એક હે, ભિન્ન કહો મત કોય,
પ્રીતમ જાકો સદગુરૂ મીલે, તાકુ માલમ હોય. ૨૮

ગુરૂકે ગુન કહા ગાઇએ, મેરે મુખ રસના એક;
પ્રીતમ સાગર પૂજીએ, અંજલી કશો વિવેક. ૨૯
દીપ આરતી અર્કપર. ઉતારે જે કોય,
કહે પ્રીતમ એ દેખતાં, શોભા કેસી હોય.
વાણીવડે કયા વર્ણવું, મન વાણી કે પાર.
કહે પ્રીતમ કૈસે કરૂં, વાણી રહીત વિચાર. ૩૧

દોહો.

વાણી શકે ન વર્ણવી, સદગુરૂ કેરૂં સ્વરૂપ,
મન બુદ્ધિ પહોંચે નહીં, ઉપમારહિત અનૂપ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

પ્રસ્તાવના.

ज्ञान विज्ञान तृप्तात्मा कूटस्थो विजितेंद्रियः
युक्त इत्युच्यते योगी समलोष्टाश्म कांचनः ॥
सुहृन्मित्रार्युदासीनं मध्यस्थ द्वेष्य बंधुषु ।
साधुष्वपि च, पापेषु समबुद्धि र्विशिष्यते ॥
सर्व भूतस्थमात्मानं सर्व भूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः

(श्रीमद्भगवद्गीता अ० ६, श्लो० ८, ९, २९.)

જે મહાત્માનું જીવન વૃત્તાંન્ત આ લઘુ ગ્રંથમાં વર્ણવેલું છે તે મહાત્મામાં ઉપર કહેલાં લક્ષણો સદા સર્વદા પ્રત્યક્ષ થયેલાં જોઇ આ ગ્રંથના લેખકનું કોમળ હૃદય દ્રવીભુત થયું અને તે મહાત્માના ગુણાનુવાદ કરવાની પ્રેમોર્મિ જોશથી ઊછળવા લાગી જે આ પુસ્તકના પાનામાં ભરી લેવામાં આવી છે.

ઇતિહાસ એટલે શું? શાસ્ત્ર એટલે શું? માનવ જીવનના અવનવા બનાવોનું કથન, તે એવી ઢબનું કે જે ઉપરથી વાંચક વર્ગ પોતાની મેળે સેહેલાઇથી સાર શોધી શકે, એનું નામ તે ઇતિહાસ અને કેમ વર્તવું. ને કેમ ન વર્ત્તવું એમ ઉપદેશના આકારમાં મનુષ્યને સીધે સીધું શિક્ષણ આપે તે શાસ્ત્ર. ઇતિહાસ એ વિસ્તાર પામેલું વૃક્ષ છે; શાસ્ત્ર એ ફળ છે. પરંતુ મહાત્માનું વિચક્ષણ જીવન એતો ઇતિહાસ અને શાસ્ત્ર બેઊની એક સામટી ગરજ સારે છે. ઇતિહાસનાં પાત્રો પોતાને જેમ અનુકુળ આવે તેમ વર્તે છે. અને તેમણે ભોગવેલાં ફળનો વિચાર તથા તે પરથી લેવા લાયક શીખામણ નક્કી કરવાનું કાર્ય વાંચક વર્ગને સોંપે છે. મહાપુરૂષનું જીવન એમ યથેચ્છ રીતે ઘડાયલું હોતું નથી, પરંતુ પ્રેક્ષક વર્ગ ઉપર ઊંચો ઘડો કેવી રીતે બેસશે. તે પ્રથમથી નક્કી કરીને તે ધોરણ ઉપર

મહાત્માનું જીવન ઘડાયલું હોય છે. અને માટેજ મહાત્માનો સમાગમ અને મહાત્માના જીવન વૃત્તાંતનું અવલોકન એ મુમુક્ષુને માટે આવશ્યક ગણવામાં આવ્યાં છે.

આ લઘુ પુસ્તકના લેખક પોતે પણ મહાત્મા શરીર છે, એટલે એક મહાપુરૂષનાં જીવન વૃતાંતની છાપ અન્ય મહાપુરૂષના હૃદય રૂપી સ્વચ્છ આરસી ઉપર કેવી સ્પષ્ટ ઝળકી ઊઠે છે તેનો આ પુસ્તક એક મજબૂત નમૂનો છે. અથથી ઇતિ સુધી એક ચાલુ વાર્તાના રૂપમાં આ ગ્રંથ લખાયલો નથી. પરંતુ જૂદે જૂદે પ્રસંગે મહાત્માના સુચરિત્રનો છાપ લેખક હૃદય ઉપર કેવા પ્રકારનો પડયો અને તે ઉપરથી શું શું સદ્દબોધ શીખવો જોઇએ તેના છૂટક છૂટક વૃતાંતના સંગ્રહરૂપ આ ગ્રંથને સમજી લેવો. જે જે બાબતોને સદ્દબોધ રૂપે બતાવવામાં આવી છે તે તે બાબતને પુષ્ટિ આપવા સારૂ શાસ્ત્રનાં પ્રમાણો સાથે સાથે યોજવામાં આવ્યાં છે અને લેખકનાં પ્રેમ પ્રવાહનાં અમૃત વચનો સાથે મિશ્ર કરી જન સમાજને રૂચિકર લાગે એવા આકારમાં આ અલૌકિક ભોજન પીરસવામાં આવ્યું છે જે પાચનકારી અને પુષ્ટિદાતા નિવડો એમ પ્રભુ પ્રાર્થના કરૂં કરૂ છું.

મુંબઇ વસંત પંચમી,
સંવત ૧૯૭૦ } લી. નરમણિ.

ગુરુ મહિમા.

હરિઃૐ

॥ ૐ નમો ભગવતે ગુરુદેવાય ॥

સાખી.

પ્રથમ નમું ગુરૂદેવને, જેણે આપ્યું જ્ઞાન,
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહ અભિમાન. ૧
તત્વસાર ત્રિલોકમાં, ગુરૂ ગોવિંદ જ રૂપ,
આદ્ય અંત્ય મધ્ય એહ છે, હરિ ગુરૂ સંતસ્વરૂપ. ૨

પ્રીતમદાસ છંદ.

હરિ ગુરૂ સંત સદા પદ સેવું, જેનું નિત્ય નામ નિરંતર લેવું;
ગુરૂ ગોવિંદ એક રૂપ જાણુ, રખે ભિન્ન ભાવ રૂદેમાં આણુ. ૧
ગુરૂ ગોવિંદ થકી છે અધિક, જેની પરમાર્થ કારણુ શીખ;
ગોવિંદના સરજ્યા પડયા જીવજાળ, ગુરૂ તેની મૂક્તિ કરે તત્કાળ. ૨
એવા ગુરૂ પુરણુ પ્રેમ દયાળ, પોતાનો જાણી કરે પ્રતિપાળ;
ગુરૂ તણુ જ્ઞાન ગ્રહ્યું શુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ. ૩
મળ્યા ગુરૂ નારદને સુખ રાશી, ટળી તતક્ષણુ માંય ચોરાશિ;
ગુરૂ વિના કોઈ ન પામે પાર, જેના જશ ગાય ઉમાત્રિપુરાર. ૪
વિરંચી વ્યાસ વદે ગુરૂ ઇષ્ટ, ન જાણે મહિમા પ્રાણી પાપીષ્ટ;
તેને ગુરૂ દ્રોહી કૃતઘ્ની કહીએ, જેણે ગુરૂ જ્ઞાત ગ્રહ્યું નહિ હૈએ. ૫
ગુરૂને આપ બરાબર જાણે, તેને જમ દુત વૈતરણીમાં તાણે;
ગુરૂને ગાળ કાઢે તે કપુત, તેનું મૂખ ધુળે ભરે જમ દૂત. ૬
ગુરૂની સેવામાં ચૂક પડાવે, તેને હરિ ચક્રની ધારે ચડાવે;
ગુરૂની નીંદા સૂણે નિરધાર, સિસું ગળી રેડે શ્રવણુ મોઝાર. ૭
ગુરૂને ચરણે નમાવે ન શિશ, તેને શત્રુ રૂપે જાણે જુગદીશ;
ગુરૂ સેજે જે પગ ધારે, તેને ત્રિલોકમાં કોણુ ઉગારે. ૮

ગુરૂ મરજાદ ન રાખે કોય, તે તો નર રણુમાં રાક્ષસ હોય;
ગુરૂ વિના ચાકટ જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ. ૯
ગુરૂ વિના નુગરો ફરે જન જેહ, મુઆ પછી ઢોર અવતરે તેહ;
એવું ગુરૂ ગીતામાં કહ્યું શિવરાય, જતે વેદ શસ્ત્ર નિરંતર ગાય. ૧૦
ગુરૂ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને રૂદે આતમ તત્વ અનૂપ;
છે તત્વ મસિણું અખંડ આનંદ, ત્રિગુણાતિત ટાળે ભવ ફંદ. ૧૧
એવા ગુરૂ પ્રેમે કરી જે પૂજે, તેના ઘટ માંહી ત્રિભોવન સૂજે;
ગુરૂનું પ્રેમ ચરણોદક પીધું, તેણે ત્રિલોકનું તિર્થ કીધું. ૧૨
પામે પ્રસાદ ગુરૂનો પ્રીતે, જાણે (તેણે) જજ્ઞ કર્યા લક્ષ નિત્યે;
ગુરૂને પ્રેમે સંતોષ પમાડયા, જાણે તેણે ચૌદ લોક જમાડયા. ૧૩
ગુરૂને પ્રકંમા કરી લાગે પાય, તેને સહુ સાધન સહેજે થાય;
એવા ગુરૂ જાણીને આવ્યો સરણુ, નીવારો નાથ જનમને મરણુ. ૧૪
ધરી ધરી દેહ પામ્યો મહાદુઃખ, હવે હરિ આપો અવિચળ સુખ;
પીડાયો પાર વિના મહારાજ, હવે હરિ બાંહ્ય ગ્રહોની આજ. ૧૫
જોશો અપરાધ અમારા ઇશ, ત્યારે કોકાળે હું કેમ તરીશ;
જ્યારે નિજ માતા બાળકને મારે, ત્યારે તેને બીજુ કોણુ ઉગારે. ૧૬
અભય પદ બિરદ તમારૂ હોય, આવે શરણે તેને હણે નહિ કોય;
તમ ગુણુ ગાને જો કર્મ ન નાસે, તો કોણુ ચરણુ તમારા ઉપાસે. ૧૭
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઇચ્છે સંસાર;
અમૃત પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય. ૧૮
સુરતરૂ સેવે ન ભાગે ભુખ, ત્યારે તેને કોણુ કહે શુર વૃક્ષ;
તિર્થ નહાએ ન જાયે પાપ, ત્યારે શો તિર્થનો પરતાપ. ૧૯
પારસ સ્પર્સે ન હોય હેમ, ત્યારે પારસ કહીએ કેમ;
સિંહને શરણે જાંબુક ખાય, ત્યારે સિંહ શરણે ગએ શું થાય. ૨૦
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણુ કહેશે ભલા ભગવાન;
કામ ક્રોધ લોભ લૂંટે (જ્યારે) ચોર, ત્યારે શું નાથ તમારૂં જોર. ૨૧
ધણીમાં જ્યારે મળે નહિ ઢંગ, તેની ત્રિયા ફરે ઉઘાડે અંગ,
પતિવૃતા નાગી પતિને લાજ, જુઓ મન માંહી તમે મહારાજ. ૨૨

પીડા પામે દાસ પ્રભુને ખોડ, અમોપર કાળ ચડાવે ચોટ;
પ્રભુનું ભજન કરે તે પીડાય, તેનો તમને બટ્ટો છે જદુરાય. ૨૩
આપો નીજ ભક્તિસંગ ઉમરાવ, રૂદે ખેડું ઉજડ ફેર વસાવ;
બેસારોને બેરખે નામ તમારૂં, તેણે કરી કારજ થાય અમારૂં. ૨૪
ત્યારે ફરી નગર ન લૂંટે કોય, જ્યારે રખવાળું હરિનું હોય;
આવી પ્રભુ કરો રૂદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિધ્યા નાશ. ૨૫
વરતાવોને એક તમારી આણ, ઉઘાડોને રામ રતનની ખાણ;
દીનપણું દુર કરોને જદુનાથ, હવે હરિ હેતેકરી ઝાલો હાથ. ૨૬
બોલાવી પાસ બેસારો બાપ, પમાડો હવે શીદ પરિતાપ;
ભમાવો શીદ હવે ભગવાન, દયા કરી દીજે અભય પદ દાન. ૨૭
નાઠે નહિ છુટો ત્રિભુવન નાથ, ન મૂકું શ્યામ તમારો સાથ;
વેરી મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મૂકું તોય. ૨૮
માયાને વારો તમો રામ રાય, નથી મુજને જંપવા દેતી જરાય;
કરે છે સાંધા વાંધા બહુ જોર, એવું એનું કારમુ કામ કઠોર. ૨૯
હરિ ગુરૂ સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે;
એને કોઇ જીતે મહા શુરવીર, ડગે નહિ ધર્મ ધુરંધર ધીર. ૩૦
સાગર સાતને અંજલી નીર, ગોપદ ભુમી ગગન સમીર;
શુન્યમાં પૂરણ દેખે સોય, મૃત્યુ તેને અમૃતનું ફળ હોય. ૩૧
જાણો કંઇ માગશે મારી પાસ, એવું રખે રાખતા શ્રી અવિનાશ;
રિદ્ધિ સિદ્ધિ મારે ન જોઇએ મુક્તિ, ન માગું જોગ સિદ્ધિની જુક્તિ. ૩૨
ન માગું એક છત્ર રામરાજ, ઇંદ્ર તણા આસનનું શું કાજ;
ઇચ્છુ નહિ અજપદને કૈલાશ, ન માગું ગૌલોકે વૈકુંઠ વાસ. ૩૩
પદરજ એક ચઢાવું શીશ, તમારી મહેર માયાને અધીશ;
ઇચ્છુ નહિ અન્ય પદાર્થ કંઇ, રાખો નિજ ચરણ કમળની માંહિ. ૩૪
માગુ પ્રેમ ભક્તિ સત્સંગ સાર, માગુ જશ ગાવા લીલા અવતાર;
નડે નહિ કોઇ મતે સંસાર, રહું નિજ નામ તણે આધાર. ૩૫
માગુ હરિપદ રજ ચડે મુજ શીશ, એ માગુ પ્રભુ ઘો આશિશ;
પ્રીતમ પતિત ઉદ્ધારણ નામ, તાર્યા કંઇ કોટી પામ્યા નિજ ધામ. ૩૬

સત્ય નામ પ્રભુ તમ તણું, સત્ય સત પુરૂષ વિચાર;
કહે પ્રીતમ શુદ્ધ ભાવશું, કીજે નિત્ય દેહાર. ૧
ગાય શીખેને સાંભળે, ધરે નિરંતર ધ્યાનઃ
કહે પ્રીતમ નર નારમાં, નહિ કો તેહ સમાન. ૨

ॐ नमो भगवते गुरुदेवाय ॥

ॐ

ॐ नमो भगवते गुरुदेवाय ॥
अथ श्रीसद्‌गुरु चारित्र लीख्यते ॥ उल्लास १ लो.
ब्रह्मानन्दं परमसुखदं, केवलं ज्ञानमूर्तिम्।
द्वंद्वातीतं (शुद्धं) गगनसदृशं, तत्त्वमस्यादि लक्ष्यं,
एकं नित्यं विमलमचलं, सर्वधी साक्षिभूतं,
भावातीतं त्रिगुणरहितं, सद्‌गुरुं तं नमामि.

My teacher, my master, my hero, my ideal, my God in life श्री गुरुमहाराज. It is the purest of all lives, that one has ever seen, or let me say distincly that one has ever heard of.

ગુરૂપદપંકજ પૂજતાં, ચૌદ લોક પૂજાય,
શિવ વિરંચી ને શારદા, ગુરૂના જશ ગાય.
સાંભળ શુદ્ધ ચિત્તે કરી.

ॐ

જીવ, સંત, આચાર્ય, અવતાર, ઇશ્વર ને બ્રહ્મ આ છ અનુક્રમે ચડતી શ્રેણીમાં છે. સત્ય પદાર્થ માત્ર એક બ્રહ્મતત્વ છે, બાકીના પાંચ માયામાત્ર છે.

માયા (Illusion, not real existence such as mirages મૃગજળ.

અવિદ્યાયુક્ત ચૈતન્યનું નામ જીવ છે. તે અવિદ્યાનો સદ્ગુરૂદ્વારા નાશ થવાથી જીવ સંતરૂપે બને છે.

આચાર્ય જન્મથીજ હોય છે. તેનાં મુખ્ય ત્રણ લક્ષણ હોય છે. ૧. તેને વગર ભણ્યે અનેક વિદ્યા આવડે છે. ૨. સામાના હૃદયની વાત જાણે છે. ૩. પોતે જે કહે છે તેની સામા ઉપર છાપ પડે છે.

ઇશ્વર અવતાર કોઇ અલૌકિક ચીજ છે. તે શરીર અપંચીકૃત હોય છે. પૂર્વજન્મકર્માનુસાર નહીં પણ જગતનાં પુણ્ય પાપરચિત એ શરીર હોય છે. એક ક્ષણ પણ સ્વરૂપમાંથી વૃત્તિ ડગતી નથી માટે તેમની સઘળી ક્રિયા લીલારૂપ કહેવાય છે ને તેમનાં શરીર પણ લીલાતનુ કહેવાય છે. વળી તે ષડૈશ્વર્ય સંપન્ન હોય છે માટે ભગવાન એવા નામથી કહેવાય છે. જે મહાત્માનું ચરિત્ર હું કહેવા માગું છું તે પોતે ભગવાન હતા એમ તેમના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ થયા વગર કદી રહેશે નહીં.

નામ રૂપથી રહિત, નિર્ગુણ, નિરાકાર, સર્વ વ્યાપક, દેશકાળ વસ્તુ પરિચ્છેદ રહિત, સર્વભેદ રહિત, સર્વદૃશ્ય પ્રપંચના અધિષ્ઠાન-રૂપ જે પરમતત્ત્વ છે, જે મન વાણીથી અગમ્ય છે છતાં શુન્યતત્ત્વ નથી તેને બ્રહ્મ કહે છે. આ બ્રહ્મતત્વ અનંત છે. તેના જેટલા ભાગમાં શુદ્ધ માયાનું આરોપણ કરવામાં આવે તેટલાને ઇશ્વર એવું નામ આપેલું છે. આ ઈશ્વર સચ્ચિદાનંદરૂપ કહેવાય છે. જગ-તનો કર્તા, નિયંતા ને સંહર્તા તે પોતેજ છે, છતાં સદા સ્વરૂપસ્થ હોવાથી તે અકર્તા કહેવાય છે. તેજ પોતે જીવોના ઉદ્ધારને માટે અનેક અવતાર ધરી સગુણરૂપે જગતમાં દેખાય છે. આવા એક અવતારિક પુરૂષ તે આ ચરિત્રના નાયક છે.

સાખિ.

નિરાકાર નિર્ગુણ પ્રભુ, તદપિ સગુણ ધર દેહ,
કરત રહત નાના ચરિત્ર, કેવળ ભક્ત સ્નેહ. ૧

अचिन्त्याव्यक्तरूपाय, निर्गुणाय गुणात्मने,
समस्त जगदाधार, मूर्तये ब्रह्मणे नमः
ॐ शान्तिः शान्तिः शान्तिः

इति प्रथमोल्लासः समाप्तः

ॐ

ॐ नमो भगवते गुरुदेवाय ॥

अथ द्वितीय उल्लासः

परेश प्रभो सर्वरूपाविनाशिन् ।
अनिर्देश्य सर्वेन्द्रियागम्य सत्य ॥
अचिन्त्याक्षर व्यापकाव्यक्ततत्व,
जगद्भासकाधीश पायादपायात् ॥ १ ॥
तदेकं स्मरामस्तदेकं भजामस्
तदेकं जगत् साक्षिरूपं नमामः ॥
सदेकं निधानं निरालम्बमीशं
भवांभोधिपोतं शरण्यं व्रजामः ॥ २ ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

શ્લોકના અર્થ.

હે પરેશ, હે પ્રભુ, સર્વરૂપ, અવિનાશી, અચિન્ત્ય, અક્ષર, વ્યાપક, અવ્યક્ત તત્વરૂપ, (ઇન્દ્રિય–મન તથા બુદ્ધિથી બતાવી ન શકાય તેવા), છતાં આભાસમાન જગતના જે અધીશ્વર છે તે પ્રભુ પાપથી મારૂં રક્ષણ કરો. ૧

તે સત્‌રૂપ છે (ત્રિકાલા બાધિત) જેના વિના અન્ય કાંઈ નથી, જે સકળ પદાર્થના નિધાનરૂપ છે (કોશરૂપ) જેને અન્ય કોઇનું આલંબન નથી, અને જે અન્ય સર્વનો નિયતા છે, ભવસાગરમાંથી તરવા માટે જે નૌકા રૂપ છે, તેજ પ્રભુનું અમે સ્મરણ કરી છીએ।

તેજ એક પ્રભુને અમે ભજીએ છીએ, તેજ પ્રભુ જે જગતમાં સાક્ષિરૂપે રહે છે તેને અમે નમન કરી છીએ અને તેનું શરણુ લઇએ છીએ. ૨

गुरुदेव–गुरुदेव–गुरुदेव.

कवित.

પરબ્રહ્મ રામ નારાયણુ નરહર, જાકે હે નામ અનંત અપારા;
સો હરિ હાજરા હજુર હથોહથ, સ્વે નર પાવે જો આવે વિચારા,
ગુરૂ ગોવિંદ ગોવિંદ સોઇ ગુરૂ, ગુરૂ ગોવિંદ ગને નહિ ન્યારા.
વૈકુંઠ તે શુકદેવ ગુરૂ બીન આયો ફરી ભુપાખે સોનારા.

સંત કોઇ પણુ નાત જાતના હોય. આચાર્ય તો બ્રાહ્મણુજ હોઈ શકે. અવતારને માટે નાત જાતનો તો શું પણુ મનુષ્યોનિનો પણુ નિયમ નથી. પશુ પક્ષીની યોનિમાં પણુ અવતાર હોય છે જુઓ મત્સ્યાવતાર, કચ્છપાવતાર, વરાહ ઇ૦ ઇ૦ તથાપિ જે સ્વરૂપસ્થ છે તે સઘળા એકજ પદમાં સ્થિત છે, એક સરખોજ બ્રહ્માનંદ ભોગવે છે, અરે એકજ રૂપ છે જો કે બહિર ઉપાધિ ગમે તેવી ભિન્ન હોય.

સંત હરિ ગુરૂ, એક રૂપહે, ભિન્ન કહો મત હોય;
પ્રીતમ જાકો સદ્‌ગુરૂ મીલે, તાકું માલમ હોય.

અવતારમાં પણુ ન્યૂનાધિક કળા જગત્‌માં દેખાય તે ઉપરથી મર્યાદા પુરૂષોત્તમ કે પૂર્ણ પુરૂષોત્તમ એવા ભેદ જગતદૃષ્ટીએ કરવામાં આવે છે પણુ વાસ્તવિક તેમ નથી, કારણુ સત્યુગમાં માત્ર બાર કલાનીજ જરૂર હતી માટે તેટલીજ પ્રકાશીને આગળ કલિયુગ આવવાનો છે એમ જાણી કૃષ્ણાવતારમાં સોળ કળા સંપૂર્ણ પોતે પ્રકાશ્યા

Difforonce in manifesation, not in the thing itself) પણુ એ પ્રભુ પોતે સઘળા અવતારમાં એના એજ છે. સદા

સ્વરૂપથી પૂર્ણજ છે ને સઘળા અવતાર વખતે ષડ્ઐશ્વર્ય હોય છે. માટે એમને ભગવાન (ષડ્ભગ યુક્ત) એવી સંજ્ઞા આપવામાં આવે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, લક્ષ્મી, યશ ને ઐશ્વર્ય એ છ જેનામાં સંપૂર્ણપણે હોય તેને ભગવાન કહે છે. આ ચરિત્રના નાયક અવતારમાં એ છ સંપૂર્ણપણે હતાં તેનું એકે એકે હવે હું વિવેચન કરીશ.

ધર્મ.

પ્રથમ વર્ણાશ્રમ ધર્મ જોઇએ, પોતે જાતના પાટીદાર છે[1] એટલે વૈશ્ય જ્ઞાતિના છે. નાનપણથીજ બ્રાહ્મણ ઉપર એમનો કોઈ અલૌકિક ભાવ છે.

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते,
ईश्वरः सर्वभूतानां, धर्मकोशस्य गुप्तये ॥ १ ॥

આ મનુભગવાનના વચનને તેઓ બરાબર માન આપે છે. હજી ત્યાગદશામાં પણ બ્રાહ્મણ ઉપર તેમનો ભાવ જેવોને તેવોજ છે. તે ઉપર એક દૃષ્ટાંત સાંભળો.

વેદાન્તશિરોમણિ હાલ ડંકપુરનિવાસી પરમ ભગવદીય શ્રીહરિદાસ મહારાજ એક વખતે પોતે શ્રીદર્શન માટે પધાર્યા હતા. આવતાંની વારમાં દંડવત્ પ્રણામ કર્યા. શ્રીએ કહ્યું 'પ્રભુજી આ શું કરો છો. આપ બ્રાહ્મણ છો. આ શરીર વૈશ્ય છે. વેદવિરૂદ્ધાચરણ કેમ કરો છો? શ્રીહરિદાસ મહારાજ બોલ્યા 'મહારાજ, આપ વૈશ્ય નથી સાક્ષાત્ ઇશ્વર છો. છતાં વૈશ્યશરીર માનો તોપણ એક બ્રાહ્મણ વૈશ્યને નમન કરતો નથી પણ આતો એક ગૃહસ્થ પોતાથી ઉચ્ચ આશ્રમવાળા ત્યાગીને નમન કરે છે. વર્ણથી આશ્રમ અધિક છે.'

પોતાનો કુલધર્મ શૈવ છે. જેથી પૂર્વાવસ્થામાં પોતે રૂદ્રાક્ષનો કંઠો ધારણ કરતા હતા ને લલાટમાં ત્રિપુંડ્ર ધારણ કરતા હતા.

---

૧. ગ્રંથ લખાયો તે વખતે પોતે હયાત હતા. સંવત ૧૯૬૭.

એમનું કુટુંબ શૈવ ગણાતું. એમના ભાઈ, શંકરપૂજનાર્થે ખાસ અમદાવાદથી બિલ્વપત્રનો કંડીયો મંગાવતા.

હવે એમના આશ્રમધર્મનું અવલોકન કરીએ,

પોતે બેજ આશ્રમ અંગીકાર કર્યા છે. બ્રહ્મચર્ય ને ત્યાગ. બ્રહ્મચર્ય આશ્રમમાં માત્ર થોડાક આંક ને નામું લેખું ઉપરાંત કેવળ બ્રહ્મવિદ્યાનુંજ અધ્યયન કરતા હતા. નાનપણુથીજ એક ઉદયસિંહજી કરીને નાનકપંથી મહાત્મા હતા તેમના સંગમાં ઘણો કાળ ગાળતા, તેમની સેવા કરતા ને તેમની પાસેથી કથાનું શ્રવણ કરતા. પોતે કહે છે કે પોતાને શ્રી ભાગવત એકાદશસ્કંધ ઘણો પ્રિય હતો તે પાસેનો પાસે રાખતા, ને વારંવાર તે વાંચતા. મહાત્માની સેવામાં તેમની કોઇ અપૂર્વ પ્રીતિનો એક દાખલો નીચે લખું છું.

કેટલાક સંત બહાર ગામથી આવ્યા હતા તેમની રસોઈ માટે આટો લેવા પોતાના એક બાળમિત્ર સાથે ઘેર ગયા. ઘરમાં કોઈ નહોતું. આટાવાળી માટલી ખાલી દીઠી. પણ થડમાં એક ઘંટી ઉપર દળાણું તૈયાર કરેલી ઘઉંની માટલી હતી તે દૃષ્ટીએ પડતાંની સાથે મિત્ર અને તેઓ બંને દળવા મંડી ગયા ! !

તે વખતે તેમની માત્ર ૧૨ વરસની ઉમર હતી. પોતે પાટડી દરબારના ભાણેજ થાય છે છતાં બાળપણથી આ એમની ગુરૂભક્તિને ગરીબાઇ (આપોપાનો ત્યાગ) નો ઉત્તમ દાખલો છે. પોતે આ શરીરને વારંવાર કહેતા કે 'સ્વામી, જેનો છેલ્લો જન્મ હોય તેનામાં બે મુખ્ય લક્ષણ છે; સંત ઉપર અગાધ પ્રીતિ–તન–મન–ધન સર્વસ્વ અર્પણ ને અખંડ બ્રહ્મચર્ય.

હરિકથા ઉપર તેમની એટલી પ્રીતિ હતી કે એક વખતે કથાનો વખત થઇ જવાથી જલદીથી આવતાં જે કણીયાની દુકાને પોતે નામું લખવા બેસતા તે દુકાન વાસવીજ રહી ગઇ. તે વખતથીજ તે દુકાનદારે તેમનાં માતા પિતાને ફરિયાદ કરવાથી તેમની દુકાન છૂટી ગઇ ને પોતે કેવળ હરિભક્તિમાંજ કાળ ગાળવા લાગ્યા. આ વખતે તેમની ઉમર માત્ર ૧૪ વરસની હતી.

આવા સામાન્ય ધર્મ તો કહેતાં પાર આવે એમ નથી માટે ટુંકામાં થોડુંક કહી પછી પરમ ધર્મનું વર્ણન કરીશું.

પ્રથમ તો મનુષ્યે મનુષ્ય થવું. મનુષ્યના (સજ્જન) ના ગુણ જો ન હોય તો તે મનુષ્ય નહીં પણ બે પગવાળો તેને ગ્રામ્યપશુ સમજવો. સજ્જનનાં લક્ષણ પોતાની નોટ બુકમાં તેમણે નીચે મુજબ લખ્યાં છે.

धर्मे तत्परता मुखे मधुरता, दाने समुत्साहिता ।
मित्रेऽवंचकता गुरौ विनयिता, चित्तेति गंभीरता ॥
आचारे शुचिता गुणे रसिकता, शास्त्रेति विज्ञानिता ।
रूपे सुंदरता हरौ भजनिता, सत्स्वेव संदृश्यते ॥१॥
गर्वं नोद्वहति न निंदति पराञ्नो भाषते निष्ठुरं ।
प्रोक्तं केन चिदप्रियं च सहते, क्रोधं न नावलंबते ॥
श्रुत्वा काव्यमलक्षणं परकृतं संतिष्ठते मूकवत् ।
दोषांश्छादयते स्वयं न कुरुते ह्येतत्सतां लक्षणम् ॥
वाञ्छा सज्जनसंगुमे परगणे प्रीतिर्गुरौ नम्रता ॥

અર્થઃ—ધર્મમાં તત્પરતા મુખમાં મીઠાશ, દાન કરવામાં પરમ ઉત્સાહ મિત્ર સાથે અવંચકતા, ગુરૂવર્ગ પ્રત્યે વિનય, ચિત્તમાં ગંભીરતા, અતી પવિત્ર આચાર, ઘણા રસીક ગુણો, શાસ્ત્રમાં કુશળતા, નિર્દોષ કાન્તિ તથા શ્રીશંકરને વિશે ભક્તિ, આટલાં સત્પુરૂષના લક્ષણ જાણવો. વળી સત્પુરૂષના લક્ષણ સાંભળોઃ—

તે નિરાભિમાની હોય છે, કોઇની નિંદા કરતો નથી. કોઇને કઠણ વચન કહેતો નથી છતાં પોતાને કોઇ કહે તો તે સહન કરે છે ને ક્રોધ કરતો નથી. પારકી કોઈ અયોગ્ય સ્તુતિ કરતો હોય છતાં તે મુગે મોઢે સાંભળ્યાજ કરે છે; પારકા દોષને ઢાંકે છે ને પોતે કોઈ પ્રકારના દોષથી રહિત હોય છે; આવા ગુણવાળો તે હોય છે.

સત્સંગમાં જેને અતીશય હેત હોય છે, પારકા ગુણુમાં પણુ જેને પ્રીતિ હોય છે, ગુરૂ વર્ગ પ્રત્યે જે હમેશાં નમ્ર વચન ધારણુ કરે છે, વિદ્યા તો જેને વ્યસનરૂપ થઇ ગઇ હોય છે. સ્વામાને વિશે જેને રતિ હોય છે, લોકાપવાદથી જે ડરતો રહે છે; શ્રીશંકરને વિશે જેને ભક્તિ છે, અને આત્મ દમનમાં જે નીપુર્ણુ છે તથા નીચ પુરૂષોના સંગથી જે સદા મૂક્ત રહે છે આવા ઉત્તમ ગુણો જે પુરૂષમાં હોય તેને અમો વંદન કરીએ છીએ.

ધર્મ.

विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्भयं ॥
भक्तिःशूलिनि शक्तिरात्मदमने, संसर्गमुक्तिः खलेष्व-
तयेषु वसन्ति निर्मलगुणास्तेभ्यो नरेभ्यो नमः ॥३॥

वृद्धचाणक्य.

અર્થ—પોતે ૧૯ વરસની ઉમરથી ત્યાગદીક્ષા લીધી છે. હવે એમના પરમ ધર્મ તરફ લક્ષ દઇએ.

अविरुद्धमनुद्वेगं, समभावं चराचरं ।
अहंममपरित्यज्य, परोधर्मः स उच्यते ॥ १ ॥

शान्तिपर्वः

કોઇ યક્ષે ધર્મરાજાને પૂછ્યું કે को धर्म તેના ઉત્તરમાં ઉપરનો શ્લોક સાક્ષાત ધર્મ રાજાના મુખથી નીકળ્યો છે.

૧ अविरुद्धः—કોઇથી વેર નહીં. અરે ! દ્વૈત ભાવજ નહીં. કહેશો કે એ કેમ બને તો સાંભળો. આત્મા સર્વત્ર એક છે. પ્રકૃતિ પણુ ભિન્ન ભિન્નરૂપે છતાં સર્વત્ર એકજ સ્વભાવવાળી મિથ્યા છે. તો જેની સર્વત્ર આત્મબુદ્ધિ હોય. પ્રકૃતિમાંથી બુદ્ધિજ નિવૃત્ત થઇ હોય તેને વિરૂદ્ધતા કોનાથી પડે ? નજ પડે. એવી અવિરૂદ્ધતા આ મહા પુરૂષમાં હતી. તે નીચેના દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ થશે.

કોઇ કાશીના પંડિતને પોતે પોતાના આશ્રમમાં રહેવા દીધા,

તેને છ માસ સુધી આશ્રમમાંથીજ અન્નાદિકની વ્યવસ્થા થતી પછી તે પંડિતે માગણી કરી કે તમારા શ્રોતાઓને આજ્ઞા કરો કે મને અમુક દ્રવ્ય આપે કારણ મારે કાશીક્ષેત્રને વિશે એક પાઠશાળા સ્થાપવી છે. મહારાજે કહ્યું 'શ્રોતાઓની પાસેથી પુષ્પાદિ સરખાં પણ લેવાનો મારો રીવાજ નથી તો તમોને ધન આપો એવી આજ્ઞા મારાથી થાયજ કેમ? કથામાં દાન પુણ્યની ઘણી વાત આવે છે, તે ઉપરથી પોતાની મેળે તેઓ આપે તો મારી ના નથી. હું ઘણો એ વાતમાં રાજી છું. પંડિતજીએ કહ્યું 'દેખ, તેરી કથામેં એક હજાર શ્રોતા આતા હૈ. દરેક જણ એક રૂપીયા દેવે તોભી હમારેકું બહોત મદદ મીલી, હમ જાને" એમ ઘણો આગ્રહ કર્યો પણ મહારાજે એ વાત માની નહીં. તે ઉપરથી પંડિતજીએ ભર કથામાં આવી કહ્યું 'અરે દુષ્ટ! તું શૂદ્ર હોકે કથા કયું કરતા હૈ? તેરા અધિકાર નહીં હૈ. મહાજ કહે 'જી, બરાબર વાત. મેરા અધિકાર નહીં હૈ આપ બીરાજીયે. આપ કથા કરો; મૈં શ્રોતા હોનેકું તૈયાર હું! પંડિતજી કહે 'તેરા શ્રોતા હમારી કથા નહીં સુનેગા' મહારાજ ચુપ રહ્યા. ત્યારબાદ પંડિતજીએ, શૂદ્રને કથા કરવાનો અધિકાર નથી એ કથા કરે છે તેથીજ આ દુકાળ પડયો. ઇ. ઇ. મતલબનાં જાહેરપત્રો છપાવી વહેંચ્યાં. પછી પોતાનીજ મેળે બીજા મકાનમાં રહેવા ગયા. ત્યાં શાળા સ્થાપન કરી તો શાળાના વિદ્યાર્થીઓને મહારાજ તરફથી ઉત્તેજન આપવામાં આવ્યું. વારંવાર મહારાજ ત્યાં જતા, પંડિતની ઘણે પ્રકારે પોતાથી બનતી શુશ્રુષા કરતા ને સેવકોદ્વારા કરાવતા. છેવટ પંડિત પોતેજ બોલ્યા કે મહારાજ, તુમ્હારા નામ લોકોને મહારાજ બરાબર રખ્ખા હૈં; તુમ્હારામેં દ્વેષકા અંશ નહીં હૈ.

૨ **અનુદ્વેગઃ**—કદી મનમાં ઉદ્વેગ થાયજ નહી એ મૂક્ત પુરૂષનું બીજું લક્ષણ છે. પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને જેણે જાણ્યું છે તેને ઉદ્વેગ શાનો હોય.

ઉપલી વાતવાળા પંડિતજી વખતો વખત આ મહાપૂરૂષનો

અનેક પ્રકારે તિરસ્કાર કરતા, પણ પોતાના મૂખ ઉપર કદી ગ્લાનિ આવીજ નથી.

૩ **समभावं चराचरं**:—ભૂત પ્રાણી માત્ર ઉપર એમને સમદ્રષ્ટિ હતી, અરે ! ચૈતન્યની તો શું વાત કહું પણ જડ પદાર્થો ઉપર પણ એમને ચૈતન્યબુદ્ધિજ હતી. દાખલા તરીકે–એક વખત અમો બંને એક સાંકડી ગલીમાં થઇને જતા હતા. આગળ નરકનું ગાડું જતું હતું. આ શરીરનું મન કચવાયું ને નાકે લૂગડું દાબી જલદી આગળ નીકળી જવા યત્ન કર્યો. મહાત્મા કહે 'અરે ! આ ભગવાનનું વિરાટ સ્વરૂપ છે એમ માનો. સ્વામી, મન ઊંચું કેમ કરો છો. જાણે કહેતા ન હોય કે તમારો પેલો ઉપનિષત્‌નો મંત્ર યાદ કરોની.

एको वशी सर्वभूतान्तरात्मा,
ह्येकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनु पश्यन्ति धीरा
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ १ ॥
नित्योऽनित्यानां चेतनश्चेतनानाम् ।
एको बहूनां यो विदधाति कामान् ॥
तमात्मस्थं येऽनु पश्यन्ति धीरा ।
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥ २ ॥
कठोपनिषत्.

૪ **अहं मम परित्यज्य**—હું મારૂં જેનામાં નથી તે ધર્મને શીખરે પહોંચ્યો સમજવું. એથી વિશેષ કોઈ ધર્મ નથી. બીજાં સરવ ધર્માચરણ માત્ર એક આને માટેજ છે. જો સરવે ધર્મ પાળ્યા પણ અહં મમત્વ ગયું નહીં તો હજી કંઇજ કર્યું નથી. ને જેનામાંથી અહં ગયું તે સ્વરૂપને પામ્યો એમ સમજવું. કેમકે જે સત્ય **अहं** (**ब्रह्म**) છે તેતો અવિનાશી, અચળ, અછેદ્ય, અભેદ્ય છે, માત્ર એથી અન્ય અનાત્માઓમાં જે **अहं** મનાયું છે તેનો નાશ કરવો છે.

पायेका परमाणए, आपा खोये मांहि
खोयेते पामे अखा, आपु आप सराहे ॥ १ ॥
अखा अहंता जानीए जैसा दरपण सार ।
सुलटेमें सब भासीए, उलटा सहां अंधकार ॥ २ ॥
जोलुं अहंता उलटी, तोलुं सब संसार ।
अखा जब सुलटी भई, तबतें आया पार ॥ ३ ॥

એક વખત શેઠ મંગળદાસ ગિરધરના બંગલા આગળ કાશીના કોઇ મહાપંડિત-જગતપ્રસાદ કરીને સામવેદ સંહિતાની કથા કરતા હતા. લગભગ એક હજાર શ્રોતામંડળ એકઠું થયું હતું. આષાઢ માસની એકાદશી હતી. વાદળાંને લીધે ઉકળાટ ઘણોજ થતો હતો. જેથી કથાકાર પંડિત તાપને લીધે ન્હવાઈ ગયા હતા. શેઠને બંગલેથી પંખો મંગાવ્યો પણ કંઈ કારણસર જલદી આવી ન શક્યો. ભર સભા વચ્ચે મહારાજે ઉભા થઇ પોતાને માથે બાંધવાના વસ્ત્રનો પંખો બનાવી પંડિતજીને પવન નાંખવા માંડયો. પંડિત કહે ' મહારાજ, આપ માતાપિતા કહેવાઓ, આ શું કરો છો ? ' મહારાજે કહ્યું ' માતા પિતાજ છોકરાંની સેવા ન કરે તો બીજું કોણ કરે?' જેના ચરણમાં મોટા મોટા શેઠીઆઓ નમતા હતા, સરવે લોકો જેને અવતાર તરીકે માને તેની નમનતાઇ જૂઓ.

એક વખતે આ શરીરે કહ્યું ' મહારાજ. અમુક સાધુ આપને ઘણીજ ખરાબ ગાળો ભાંડે છે જે મારાથી સહન થતી નથી. મને ભાંડે તો હું સહન કરૂં. :મહારાજે કહ્યું-'સ્વામી, કંઇ **સરયૂદાસ** એ નામની વ્યક્તિ દેખો છો. મતલબ નામ-રૂપાત્મક બુદ્ધિજ એમનામાં નહોતી. જ્યારે હું નહીં તો મારૂં તો હોયજ શાનું. આ શરીરને વારંવાર કહેતા કે ' સ્વામી, હું કોઇનો નહીં ને કોઇ મારૂં નહીં એ બુદ્ધિ ધારણ કરો. ત્યાગીએ આખું જગત આત્મરૂપ-બ્રહ્મમય જોવું. અહં-મમત્વ ન બાંધવું.

આ પ્રમાણે ધર્મનાં ચાર મુખ્ય લક્ષણ સંપૂર્ણપણે ધર્મ આ
તેમનામાં અવલોકયો.

अविरुद्धं (Undying forgiveness)
अनुद्वेगं (Infinite patience)
समभावं चराचरं(All-embracing compassion)
अहंमम परित्यज्य(Self-lessness. Unsel-fishness.

इति द्वितीय उल्लासः समाप्तः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

धिक् धिक् स्वभाविक कर्म सोउ,
जेहीते न उपजे धर्मजु ।
सोउ धर्म विफल वखाणीए.
जेहीते न उपजे वैरागजु ।
करी विरति कामिक कर्म तजी;
न भजे करुणाकर हरि;
ते प्राणयुत सब वृथा जानहु,
मृतक वपु सम हे खरी ॥

कृपाराम कृत हिंदी भागवत.

ॐ शान्तिः शान्तिः शान्तिः
गुरुदेव–गुरुदेव–गुरुदेव.

ॐ

ॐ नमो भगवते गुरुदेवाय ॥
अथ तृतीय उल्लासः ॥

ज्ञान.

ब्रह्मज्ञान बिना सुखकी सीहीर न पावे,
ज्ञान बिना संशय नहीं छूटे;

ज्ञान बिना देहको अपराधी,
ज्ञान बिना नित्यथे सब लूटे;
ज्ञान बिना स्वान सुकर जेसो,
ज्ञान आयो भ्रमको त्रांड कूटे;
ज्ञानसो गोविंद गोविंद सोइ ज्ञान,
एसे अखो कहे मायासे टुटे. १

છપ્પો.

જ્ઞાનીના નોય ટોળાં ટોળ, મુક્તા ન્હોય સર્વ ગજ કપોળ;
શબ્દવેધી જોદ્ધા ક્રોયજત, શંખ સકળ નોય દક્ષિણાવંત;
બહુમાં નીપજે કો એક જન, બાકી અખા રમાડે મન. ૨

श्लोक.

अक्रोध वैराग्य जितेन्द्रियत्वं ।
क्षमा दया सर्वजनप्रियत्वं ॥
निर्लोभ दाता भय शोक हर्ता,
ज्ञानस्य चिन्हं दश लक्षणानि ॥ १ ॥

હવે આપણે આ મહાપુરૂષમાં જ્ઞાનનાં ઉપર કહેલાં દશે લક્ષણ હતાં તે એકે એકે અનુભવીયે.

१ अक्रोध—જેને કદી ક્રોધ તો થાયજ નહીં. દાંત તળે જીભ આવે ને કચરાય તોપણ કોઇ દાંત ઉપર ક્રોધ કરી દાંત પાડી નાંખતું નથી કારણ જેવી જીભ તેવાજ દાંત પણ પોતાનાજ છે. તેમજ જે મનુષ્યને સર્વાત્મભાવ આવ્યો તેને અન્યબુદ્ધિ હોતી નથી ને તેથી તેને ક્રોધ પણ આવતો નથી.

એક બ્રાહ્મણે મુંબઇ સુધીના ભાડાની માગણી કરી તે ન મળવાથી તેણે મહારાજ ઉપર અત્યંત ક્રોધ કર્યો ને ભુંડી ગાળો દીધી, પણ મહારાજે સામો ક્રોધ તો શું પણ મુખ સરખું પણ મરોડયું નથી. તે તો વારંવાર એમજ કહેતા હતા કે સહનતા

ન્દ્રિના સાધુ થવાતું નથી. ભરસભા વચ્ચે દ્રૌપદીને નગ્ન કરવા દુષ્ટોએ યત્ન કર્યો, જયદેવના હાથ પગ કાપી કૂવામાં નાંખી દીધા, જમદગ્નિનું માથું કાપ્યું, વશિષ્ટના વિશ્વામિત્રે સો પુત્ર માર્યા પણ તેમણે કદી ક્રોધ કર્યો નથી. સ્વરૂપમાં સ્થિત પુરૂષનું એ મુખ્ય લક્ષણ છે. **क्षमा वीरस्य भूषणं**.

૨ **वैराग्य**—મંદ, સાધારણ, ઉન્મની, તિવ્ર ને નિર્મળ એમ પાંચ પ્રકારનો વૈરાગ્ય છે તેમાં ૧૯ વરસની ભરયુવાવસ્થામાં ઘર, કુટુંબ સ્ત્રી આદીનો ત્યાગ એ તેમનો તીવ્ર વૈરાગ્ય સૂચવે છે ને પછીની પરમહંસ દશામાં દેખાતા નિર્મળ વૈરાગ્યનું વર્ણન આવતા પ્રકરણમાં આવસે (જૂઓ. સંપુર્ણ વૈરાગ્ય પ્રકરણ ૪)

૩ **जितेन्द्रियत्व**—૧૦ ઇન્દ્રિયોને ૧૧ મું મન એ સદા જેને કબજે છે એટલે હરિ-ગુરૂ-સંત શાસ્ત્રની આજ્ઞાવિરૂદ્ધ જેનું કોઇપણ કાયિક-વાચિક કે માનસિક કાર્ય જોવામાં આવતું નથી તે પુરૂષ જીતેન્દ્રિય કહેવાય. પોતે વારંવાર કહેતા કે અગીઆર ઇન્દ્રિયો જેની વશ તે મોટું તપ જાણવું એનુંજ નામ શીલ.

સાખી.

'શીલ રતન સબસેં બડો, સબ રતનોકી ખાન,
ચૌદ લોકકી સંપદા રહી શીલમે આન.

તેમાં બે ઇન્દ્રિઓને પોતે મુખ્ય બતાવતા, ૧ જીહ્વા ઇન્દ્રિય, ને ૨ વ્યવહાર ઈન્દ્રિ. પોતે કહેતા એટલુંજ નહીં પણ કરી બતાવતા. હમેશાં એકજ વખત દાળ, ભાત, રોટલી કોઇ ગૃહસ્થને ઘેરથી આવતી તે જમતા. શાક કે આચાર ન મંગાવતા પછી ઘણા ગૃહસ્થો મેવા મીઠાઇ ઇ. લઇ આવતા પણ પોતે તેમાંથી કાંઇ લેતા નહીં. બીજા સંત સાધુને આપી દેતા ને આ શરીરને વારંવાર કહેતા કે 'સ્વામી.' ખા ગયા સો ખો ગયા ને દે ગયા સો લે ગયા.

બ્રહ્મચર્ય તો એમનુંજ-કેવળ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પોતાની સાઠ વરસની વૃદ્ધાવસ્થા થયા છતાં કોઈ બાઈ પાસે એકાંતમાં બેઠા નથી

તેમ કોઇ બાઇને ચરણસ્પર્શ પણ ન કરવા દેતા આઠ પ્રકારે બ્રહ્મચર્ય પોતે પાળતા, શિષ્યોને શીખવતા ને ગૃહસ્થોને પણ સ્વસ્ત્રી વિના ઇતર જગ્યોએ તેમજ વર્તવાનો ઉપદેશ કરતા.

૪ **क्षमा**—આગળ આ વાત આવી ગઇ છે જેથી પિષ્ટપેષણ કરતા નથી.

૫ **दया**—પરસુખે સુખી, દુઃખી પરદુઃખતે ! આ મહદ્ ગુણ તેમનામાં વાસો કરી રહ્યો હતો. કોઇ વખત પોતે ગંગાસ્નાન માટે ગયા હોય, ને કોઇ દુઃખી ઉઘાડો સાધુ દેખે તો પોતાનાં પહેરેલાં લૂગડાં તેને આપી દઇ પોતે એક કડકો તથા કોપીનભેર ચાલ્યા આવતા.

૬ **सर्व जन प्रियत्वं**—મૂક્ત પુરૂષ સર્વને પ્રિય લાગે છે. કારણ તે સર્વ જીવને પોતાના જેવાજ પ્રિય માને છે. જેમ સૌ કોઈ પોતાનું હિત કરવાને અને અહિત થતું અટકાવવાને તત્પર રહે છે તેમ મૂક્ત પુરૂષ સર્વ કોઇનું હિત કરવાને ને અહિત થતું અટકાવવાને સદા તત્પરજ હોય છે. વળી પોતે સંપૂર્ણ જ્ઞાની એટલે કે તૂર્યાવસ્થાને પ્રાપ્ત થઇ સ્વરૂપમય થયા હોય છે એટલે જ્ઞાનસ્વરૂપ બન્યા હોય છે જેથી સામાનું ભલું કયે પ્રકારે થાય તે પણ તેઓ ઘણી સારી રીતે જાણતા હોય છે ને તે કરવાની તેમનામાં શકિત પણ હોય છે. જે કોઇ આપણા હિતકર્તા હોય તે આપણને પ્રિય થઇ પડે તેમાં શું નવાઇ ?

મહારાજી પણ તેવાજ હતા. સૌનું શ્રેય કરતા ને તેથી સૌને પ્રિય હતા. ભૂખ્યાને ભોજન, તરસ્યાને જળ, ઉઘાડાને વસ્ત્ર, દુઃખીને દીલાસો, અજ્ઞાનીને જ્ઞાન, ને અનાથને આધાર આપતા. " સંતકલ્પતરૂ, ચિંતામણી, પૂરે મન કામ. એવા જન હરિ તણા."

૭ **निर्लोभ**—સૌને અન્ન, ધન, માન, યશ આદિ જે ઇચ્છે તે આપતા છતાં પોતે કેવળ નિષ્કામી હતા. પોતે આ શરીરને વારંવાર કહેતા કે—

'जो कौडीकी चाह भई, तो कौडीको होई,
जो कौडीकी चाह मीटी, तो कोटीध्वज सोई.'

He was void of both to love and to be loved.

લોકપ્રિય થવાનો એમને લોભ નહોતો તેમ કોઈ ઉપર એમને માયિક પ્રીતિ નહોતી એષણાત્રયનો લેશ એમનામાં હતોજ નહી.

૮ **दाता**—જેટલું અનાત્મ પદાર્થ એટલું બધું જગતને આપીને પોતે નિષ્કિંચન પદમાં સદા સ્થિત હતા એથી બીજું દાતાપણું કયું હશે.

૯ **भय हर्ता**—સર્વને નિર્ભય પદમાં પોતાની પાસે રહે એટલો વખત તો અવશ્ય સ્થિત કરતા. મુમુક્ષુને તો સદાને માટે નિર્ભય પદ આપતા. ગમે તેવો ભયભીત માણસ એમની પાસે જાય એટલે એને સ્વભાવિક શાંતિ મળતી. કારણ પોતે શાંતિના સાગર હતા. 'દર્શનથી દુષ્કૃત ટળેરે, પરસંતાં પાવન થાય; નિજાનંદ સુખ ઉપજેરે આવરણ અવિદ્યાનાં જાય વારિ જાઉ વારણેરે.' એ એમને માટે શબ્દશઃ લાગુ પડતું.

૧૦ **शोक हर्ता**—સૂર્યની પાસે અંધારૂં રહે તો એમની પાસે આવેલા મનુષ્યનો શોક રહે.

એક યુવાન વિધવા આવી કહેવા લાગી કે 'મહારાજ! મારો સસરો મને અન્ન વસ્ત્ર આપતો નથી. મારે શું કરવું?' મહારાજ કહે 'અમને પૂછો તો કહીએ છીએ કે યુવાન શરીર છે તો દળણું પાણી કરી મજુરીદ્વારા પોતાનો ગુજારો કરી લો.' બાઈએ તેમ કર્યું સસરો ગૃહસ્થ હોવાથી લજવાણો જેથી બાઈને ખરચી આપવા માંડી તો ફરીથી બાઈએ મહારાજને પૂછયું કે કેમ કરવું. મહારાજે કહ્યું 'આપતા હોય તો લો. આપણે રીસ થોડીજ છે.' બાઈ સુખી થઈ.

એક વખતે એક વૃદ્ધ ડોશી આવી કહેવા લાગી કે "મહારાજ! મારૂં વધારાનું ઘર છે તે આપ મંદીર ખાતે લો." મહારાજે કહ્યું 'માતાજી, તમારે સગાં કોણ છે?' ડોશીએ કહ્યું 'મહારાજ, જેઠના દીકરા છે તે તો જુદા રહે છે. અમારે ને એમને લાગો ભાગો નથી.' મહારાજ કહે 'તે કયાં રહે છે?' તેઓ તો ભાડાના ઘરમાં રહે છે' ડોશીએ કહ્યું. 'ત્યારે માતાજી, તેમને એ ઘર આપોની. અહીં ઠાકોરજીને તો કંઇ ખોટ નથી. ડોશી કહે 'ભા, તેઓ તો મારી ખબર

લોકપ્રિય થવાનો એમને લોભ નહોતો તેમ કોઈ ઉપર એમને માયિક પ્રીતિ નહોતી એષણાત્રયનો લેશ એમનામાં હતોજ નહી.

૮ **दाता**—જેટલું અનાત્મ પદાર્થ એટલું બધું જગતને આપીને પોતે નિષ્કિંચન પદમાં સદા સ્થિત હતા એથી બીજું દાતાપણું કયું હશે.

૯ **भय हर्ता**—સર્વને નિર્ભય પદમાં પોતાની પાસે રહે એટલો વખત તો અવશ્ય સ્થિત કરતા. મુમુક્ષુને તો સદાને માટે નિર્ભય પદ આપતા. ગમે તેવો ભયભીત માણસ એમની પાસે જાય એટલે એને સ્વભાવિક શાંતિ મળતી. કારણ પોતે શાંતિના સાગર હતા. 'દર્શનથી દુષ્કૃત ટળેરે, પરસંતાં પાવન થાય; નિજાનંદ સુખ ઉપજેરે આવરણ અવિદ્યાનાં જાય વારિ જાઉ વારણેરે.' એ એમને માટે શબ્દશઃ લાગુ પડતું.

૧૦ **शोक हर्ता**—સૂર્યની પાસે અંધારૂં રહે તો એમની પાસે આવેલા મનુષ્યનો શોક રહે.

એક યુવાન વિધવા આવી કહેવા લાગી કે 'મહારાજ! મારો સસરો મને અન્ન વસ્ત્ર આપતો નથી. મારે શું કરવું?' મહારાજ કહે 'અમને પૂછો તો કહીએ છીએ કે યુવાન શરીર છે તો દળાણું પાણી કરી મજુરીદ્વારા પોતાનો ગુજારો કરી લો.' બાઇએ તેમ કર્યું સસરો ગૃહસ્થ હોવાથી લજવાણો જેથી બાઇને ખરચી આપવા માંડી તો ફરીથી બાઇએ મહારાજને પૂછ્યું કે કેમ કરવું. મહારાજે કહ્યું 'આપતા હોય તો લો. આપણે રીસ થોડીજ છે.' બાઇ સુખી થઈ.

એક વખતે એક વૃદ્ધ ડોશી આવી કહેવા લાગી કે "મહારાજ! મારૂં વધારાનું ઘર છે તે આપ મંદીર ખાતે લો." મહારાજે કહ્યું 'માતાજી, તમારે સગાં કોણ છે?' ડોશીએ કહ્યું 'મહારાજ, જેઠના દીકરા છે તે તો જુદા રહે છે. અમારે ને એમને લાગો ભાગો નથી.' મહારાજ કહે 'તે કયાં રહે છે?' તેઓ તો ભાડાના ઘરમાં રહે છે' ડોશીએ કહ્યું. 'ત્યારે માતાજી, તેમને એ ઘર આપોની. અહીં ઠાકોરજીને તો કંઇ ખોટ નથી. ડોશી કહે 'ભા, તેઓ તો મારી ખબર

પણ જોતા નથી તેમને આપ્યે શું થાય? અહીં તો ઠાકોરતે આપવાથી પુણ્ય થાય. માહારાજ કહે 'ત્યારે એ ઘર અમને આપશો ડોશી કહે ' 'હા, મહારાજ તે માટે તો હું આવી છું. મહારાજ કહે અમે લીધું. હવે અમારી ખુશીમાં આવે તેને એ ઘર આપીયે કે નહી? ડોશી કહે ' ભા, તમારી ધ્યાન આવે તેમ કરો મારે શું? હું તો આપને આપી ચુકી. મહારાજ કહે' તો એ ઘર હાલ તમારા (જેઠનાં) દીકરાઓને ભાડે આપો. બે રૂપીઆ થોડે ભાડે તેમને આપો. ડોશી કહે ' મહારાજ તે આપ જાણો, મેં તો આપને આપ્યું છે. પછી તેના જેઠના દીકરા તે ઘરમાં ભાડે રહ્યા. મહારાજે તેમને પણ ખાનગીમાં કહ્યું કે ડોશીની સેવા કરજો. તેમને પણ એટલુંજ જોઇતું હતું. બંને સુખી થયાં ને છેવટ ડોશીએ પોતેજ મહારાજને કહ્યું ' ભા, હવે તો દીકરા મારી ખબર જુએ છે. મારે કાંઇ ભાડું લેવું નથી. મારે પૈસા શું કરવા છે એ મારા દીકરાજ છેની. છેવટ ડોશીએ પોતાની રાજી ખુશીથી એ ઘર તેમને આપી દીધું ને સરવે સુખી થયાં.

ઉપર મુજબ જ્ઞાનીનાં સંપૂર્ણ લક્ષણ આપણે આ મહાત્મામાં અનુભવ્યાં. અખો ભક્ત પણ પોતાનો અનુભવ નીચે મુજબ વર્ણવે છે.

છપ્પો.

કાઢી મૂકયા કામ ને ક્રોધ,
સાથી કીધા શીલ સંતોષ;
જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય જેહ,
સરવે સવળી થઇ છે તેહ;
અંતઃકરણ કહી જે ચાર,
કરે અહર્નિશ જ્ઞાન વિહાર. ૧

भोजनान्ते स्मशानान्ते मैथुनन्ति च या मतिः ।
सा मतिश्चेत्सर्वदास्यात्, जीवन्मुक्ताः सउच्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

ઉપર મુજબનો નિર્મળ વૈરાગ્ય મહરાજશ્રીમાં હતો. સર્વ વસ્તુનો ત્યાગ છતાં, ત્યાગનું પણ તેમનામાં અભિમાન નહોતું. આ શરીરને વારંવાર કહેતા 'સ્વામી રસ્તે ચાલતાં નરકમાં ભૂલથી પગ પડી ગયો, તે ધોઇ સાફ કર્યો, તેમાં અભિમાન શાનું કરીએ કે મારો પગ મેં કેવો સાફ કર્યો. પ્રથમ પગ બગાડયો એજ આપણી ભૂલ. તેમજ આ માયિક દેશમાં જીવ આવ્યો એજ એની પહેલી ભૂલ. તો પછી ઇશ્વર. ગુરૂ સંતની કૃપાથી પોતાના પુરૂષાર્થવડે શુદ્ધ સ્વરૂપને જાણ્યું તેમાં અહંકાર શું લાવવો? 'અહં બ્રહ્મ છે શબ્દજ વિના એ સમજે અખા વેત્તા આપના.'

कडखा.

स्थूल ने सूक्ष्म, कारण महा कारण आप छे,
ज्यां जेम छे तेम, त्यां तेत्रे रूपे रह्यो
जड चेतन नाम ताहीके, जाका नाम न रूप;
अखा आपे आपए जोतां वस्तु अनूप.
सर्वं खल्विदं ब्रह्म.

સ્વામી, કોઇ પદાર્થનો ત્યાગ કરવો નથી. પદાર્થો તો બધા ભગવદ્ રૂપ છે.

પણ એ પદાર્થોમાંથી માયાનો, મોહનો, મમત્વનો ત્યાગ કરવો છે. મમત્વજ દુઃખદાયી છે. એ મમત્વ પદાર્થોમાંથી સત્યત્વ બુદ્ધિ ગયા વિના તૂટે એમ નથી. દૃશ્યમાં સત્યબુદ્ધિ એનું નામજ અવિદ્યા, તે અવિદ્યાનો ત્યાગ કરવો છે. પછી જુઓ જગત દેખાતું હોય તો અવિદ્યા જતાં ચૈતન્યદૃષ્ટી આવે છે. ચૈતન્ય દૃષ્ટીએ સર્વ ચૈતન્યજ દેખાય છે.

હરિ દેખે સો હરિ અખા, ને જીવ દેખે સો જંત,
તાકી કિમત તાહીમેં, સો કયું પઢાવે તંત. ૧
આજ લહો કે શત જગ લહો, જિંહી તીંહી એહીઉપાઇ,
હું તું બીન હે આપ હર, સમજ્યાં દ્વૈત પલાઇ. ૨

Swami Vivekanand says :—

Thus day by day, till Karma's powers spent, Release the soul for ever; then no more is birth nor I nor thou, nore God nor man. The I become the all, the all is I and bliss.

'ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભારજ ગયો.' સાચો વૈરાગ્ય એનુંજ નામ કે આપોપાનો ત્યાગ થતાં પોતેજ ને આખું જગત હરિરૂપ બની જાય. જ્ઞાનની, ભકિતની, કર્મની ને યોગની પણ પરાકાષ્ટા એજ છે.

एकमेवाऽद्वितीयं ब्रह्म, नेह नानाऽस्ति किंचन.

આ વેદનો ઢંઢેરો તેનેજ સત્ય પડે છે જેને સાચો વૈરાગ્ય છે.

'યથા ઓળખ નહીં જેહને, સંશય શોક સદા તેહને,'
આતમદૃષ્ટી ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા;
દેહદર્શી દેખે દેહને, યથા ઓળખ નહીં જેહને. ૧
હહા હરિભાળો ભરપૂર, દોષ કર્મતો રહેશે દૂર,
રવિને રજની નહીં કો કાળ, એમ આતમા પૂરણ ભાળ,
નિર્મળ નયણે નીરખો નૂર, હહા હરિ ભાળો ભરપૂર. ૨

પ્રિતમદાસ.

વૈરાગ્યનું ફળ જ્ઞાન, ને જ્ઞાનનું ફળ ભકિત એમ પણ પોતે કહેતા. વૈરાગ્ય એટલે અવિદ્યાનો; અનાત્મમાં આત્મબુદ્ધિનો ત્યાગ. આવો ત્યાગ થયો એટલે ચૈતન્યબુદ્ધિ આવી તેનું નામ જ્ઞાન. સદા ચૈતન્યમયી બુદ્ધિ રહે તેનુંજ નામ ભકિત **स्वस्वरुपानु सधान भक्तिरेव गरीयसी.**

વળી પોતે કહેતા કે જગતના પદાર્થો જદ્યપિ જુઠા અવિદ્યા રચિત છે તોપણ તેઓ નારાયણને ઘેર જતાં સહાયભૂત થઇ પડે છે. તેનો યોગ્ય ઉપયોગ કરતાં આવડવો જોઇએ. જે સ્ત્રી, પુત્ર, ધનને શરીર અજ્ઞાનીને નરકમાં લઇ જાય છે તેજ સ્ત્રી આદિ પદાર્થો જ્ઞાનીને હરિ ભજવામાં સહાય કરે છે. સ્ત્રી તેના કામાદિ વિકાર

તોડે છે ને નિષ્કામી બનાવે છે. (જો ધર્મથી સ્રીનું સેવન કરવામાં આવે તો.) પુત્ર વૃદ્ધાવસ્થામાં યા મંદવાડના સમયમાં સેવા કરે છે. ધનથી અન્ન વસ્રાદિની અનુકૂળતા રહે છે. પોતે સુખથી હરિ ભજી શકે છે. ને બીજાઓને પણ હરિ ભજવામાં અન્ન, વસ્રાદિથી સહાય કરે છે. શરીર પણ હરિભજવામાં સહાયભૂતજ છે. આવી રીતે પદાર્થોનો સદુપયોગ કરતાં આવડવો જોઇએ. કહ્યું છે કે.

धन एसो जो करे उद्धारा, सो धन व्यर्थ खूप गुमारा.

તુલસીદાસ.

" माया तारुनां तुंमडां तरे ने तारे;
अज्ञानी ने आंधळो तेने अमुझावीने मारे. "

માટે સંસારનાં પદાર્થ એ માયા નથી. તેમાં હેયોપાદેય બુદ્ધિ એ માયા છે. માટે હેયોપાદેવ બુદ્ધિનો ત્યાગ એજ ખરો ત્યાગ છે. આવો નિર્મલ વૈરાગ્ય આ મહાત્મામાં હતો ને તેથીજ તેમનામાં સંપૂર્ણ જ્ઞાન તથા ભક્તિ પણ હતાંજ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

गुरुदेव—गुरुदेव—गुरुदेव.

પદ.

ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઉલટી પલટયું આપ;
એવા જન હરિતણા.
આપ ટળી ભળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ. એ. ૧
જેના મુખમાં મુખ મહારાજનું, જેના વેણમાં વહાલાનાં વેણ, એ.
જેના શિશમાં શિશ છે શ્યામનું, જેના નેણમાં નાથનાં નેણ; એ. ૨
જેના કાનમાં કાન શ્રી કૃષ્ણના, જેના નાકમાં નાસીકા નાથ. એ.
જેની જીહ્વામાં જીહ્વા જીવનની, જેના હાથમાં હરિના હાથ. એ. ૩
જેના હૃદયમાં હૃદય હરિતણું, જેના પાવમાં પ્રભુજીના પાવ; એ.
જેમ હીરો હીરાવડે વીંધીયો, એમ સહજ થયો સમાવ. એ. ૪

ધર્મ જ્ઞાન ભક્તિને વૈરાગ્ય જે, તેને રહેવાનું સંત છે ધામ, એ.
એમ સંતતે પોતે શ્રીહરિ, માટે સંત તે સુખનો ધામ; એ. ૫
એવા સંત શિરોમણી ક્યાં મળે, જેણે દેહબુદ્ધિ કીધી દૂર. એ.
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઉગે અંતરે આનંદ સૂર. એ. ૬

ॐ शान्ति शान्तिः शान्तिः

गुरुदेव–गुरुदेव–गुरुदेव.

हरिः ॐ

ॐ नमो भगवते गुरुदेवाय ॥

अथ पंचम उल्लासः ॥

लक्ष्मी.

मन्दाक्रान्तावृत्त.

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगं ॥
लक्ष्मी कान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथं ॥ १ ॥
हे राम पुरुषोत्तम नरहरे नारायण केशव ।
गोविंद गरुडध्वज गुणनिधे दामोदर माधव,॥
हे कृष्ण कमलापते, यदुपते सीतापते श्रीपते ।
हे वैकुंठपते चराचरपते लक्ष्मीपते पाहि मां ॥२॥

લક્ષ્મીનારાયણ રાધાકૃષ્ણ, સીતારામ, ઉમા. મહેશ્વર ઈ૦ યુગલ નામ આપણે વારંવાર સાંભળીયે છીએ. એ શું બતાવે છે? કે એ બંને મળી એક રૂપજ થાય છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા રહી છે. સાકરમાં તીઠાઇ છે, દૂધમાં ઘી છે તેમજ શ્રીકૃષ્ણ યુગલ એક રૂપજ

છે. લક્ષ્મીજી પતિવ્રતા હોવાથી સદા શ્રીકૃષ્ણના ચરણારવિંદમાંજ રહે છે. માટે જ્યાં શ્રીહરિ અવતાર લઇ આવે છે. ત્યાં લક્ષ્મીની ખોટ રહેતી નથી. જુઓ શ્રીકૃષ્ણે કોઇ મૂલકમાં લૂંટ ચલાવી નથી, કોઇ રાજાનું રાજ્ય લીધું નથી છતાં સર્વ સોનાની દ્વારિકાંને મણીના સ્થંભ હતા. એ કયાંથી આવ્યા ? સત્યસંકલ્પ પ્રભુને શાની ખોટ હોય ? નજ હોય. આ અવતારિક મહાત્માના સબંધમાં પણ એમજ હતું તે નીચેની બીના પરથી સ્પષ્ટ સમજાશે.

ગુરૂદત્તાત્રેયની પેઠે ત્યાગનો અવતાર પોતે લીધેલો હોવાથી સાદાં વસ્ત્ર પોતે પહેરતા ને શહેરમાંથી મધૂકરી આવે તે જમતા; છતાં એમના દ્વારા દરમાસે ત્રણ હજારથી પણ વધુ રકમ ધર્માદામાં ખરચાતી. દરરોજ આખા શહેરના સંસ્કૃત ભણનાર વિદ્યાર્થીઓને (લગભગ ૩૦૦) ને અન્ન ત્યાંથીજ આપવામાં આવતું ને ૧૦૦ સાધુઓને રસોઇ કરી જમાડવામાં આવતા. તે ઉપરાંત શહેરનાં મંદીરોને અન્નાદિક પહોંચાડવામાં આવતું તે જુદું. કોઇ ક્ષૂધાર્થી ત્યાંથી પાછો જતોજ નહીં.

અરે ! ક્ષૂધાર્થી શા માટે કહું છું. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ જે ઇચ્છા કરીને આવ્યો હોય તે સકળ કામના પૂરીજ થતી. પોતે કલ્પવૃક્ષજ હતા. એમની પુણ્ય કરવાની રીત ખરેખર ગૃહસ્થ મનુષ્યને અનુકરણીયજ હતી. સાધુસંતોને માટે ૧૦૦–૨૦૦ લોટા, દોરીઓ, ચાદરો, તૈયાર કપડાં (પાસાબંડી વિગેરે), કાથળીયો સદા જગ્યામાં પડયાંજ રહેતાં. કોઇને જોડા, છત્રી, ગાડીભાડું વિગેરે આપી સર્વને સંતોષ પમાડતા. પોતે શ્રોતાઓને કથામાં વારંવાર ઉપદેશ કરતા કે.

સવૈયો.

બ્રહ્મ બીજ જગવૃક્ષ હે, સાધુજન ફલ તાહ્ય,
ચરચા–રસ અમૃત ભર્યો, બીજહુ ફલકે માંય,
બીજહુ ફલકે માંય, નહીં તરવરમેં દરશે,
ફલકી પ્રાપત ભયે, બ્રહ્મ રસ ઉભય જૂ પરશે,

રામચરણુ દૃઢ પ્રીતિ કર, સંત ચરણુ લપટાય,
બ્રહ્મબીજ જગવૃક્ષ હે, સાધુજન ફૂલ તાય.

વૃક્ષને જળ સીંચવાથી મોટું થઇ ફૂલ આપે છે તેમજ કોઇ જીવને અન્ન, વસ્ત્રાદિથી સંતોષ આપવાથી સંતરૂપી ફળ મળે છે. ને જેમ ફળમાં બીજ હોય છે. તેમજ સંતમાં શ્રીહરિ સમાયલા હોય છે, જેથી શ્રીહરિની (સ્વરૂપ) ની પ્રાપ્તિ થાય છે. આવી રીતે નિષ્કામ કર્મયોગની રીતિ પોતે શીખવતા ને કરી પણુ દેખાડતા. એમની પુણ્ય કરવાની રીતિ કોઇ અલૌકિકજ હતી. કોઈ સુપાત્ર મળે તો તેને અઢળક ડળતા. એક બંગાળાના ઓઢીયા પ્રાંતનો કોઇ સાધુ આવ્યો હ .ા તેને રામેશ્વર જાવું હતું. તેની ઉત્તમ નિષ્ઠા જોઇ ઠેઠ રામેશ્વરનું ભાડું આપ્યું હતું. પોતે ઉત્તમ સાધુને પૈસા આપવામાં બુરૂં માનતા નહીં.

એક માંદો વૃદ્ધ સાધુ એક વખતે ડાકોરના ભાડા માટે આવ્યો હતો. તેણે તો માત્ર તેટલીજ ટીકીટની માગણી કરી પણ પોતે જોયું કે પાસે વસ્ત્ર નથી જેથી આ શરીરતે કહ્યું. સ્વામી પેલા તાકામાં જૂઓ. ત્યાં રૂપીયા ૭ પડેલા હતા. પ્રથમ સાધુને ટીકીટનો રૂ. ૧) આપ્યો. પછીથી ચાદરો બે મંગાવી તેને અપાવી. ત્યારબાદ તમે માંદા છો તો અહીં સરસપુરમાં એક હકીમ (સન્યાસી) રહે છે. તેની પાસે જાઓ, એમ તે સાધુને કહેતાં તેણે કહ્યું 'મહારાજ, હું ગયો હતો. મને દવા લખી આપી છે, પણ તેની કીમત રૂ. ૧ા થાય છે તે મારી પાસે નથી. એમ કહેતાં ઉપરના સઘળા રૂપીયા તે સાધુતે આપી દીધા હતા.

વળી તેઓ કહેતા કે 'સ્વામી ! જેને જમાડીયે તેને ભૂખ્યો ન ઉઠાડીએ. એક વિદ્યાર્થી સાધુને રામેશ્વર જઇ જલદી પાછા અયોધ્યા પોતાને ગુરૂદ્વારે જવાની જરૂર હતી. કારણુ અભ્યાસ ખડતો હતો જેથી તેને રૂ. ૪૦) રોકડા આપ્યા હતા. તે ઉપરાંત વસ્ત્ર, જોડા, દોરી, લોટો તથા ભાતા માટે એક ડબ્બો સુખડીનો ભરીને આપ્યો હતો. જાણે કોઇ પોતાના સગાને યાત્રાર્થે મોકલતા ન હોય તેમ સર્વ જરૂરની સામગ્રી વગર માગ્યે યોગ્ય અધિકારીને આપતા.

છપ્પનીયા દુષ્કાળ વખતે દરરોજ સવારમાં ૫૦–૬૦ મણની ખીચડીને ૧૦–૧૫ મણના રોટલા કરી ભૂખ્યાઓને આપતા. એક વરસ સુધી એ પ્રમાણે કર્યું હતું. પોતે શ્રોતાઓને કહેતા કે ધનવાનને ધનનો સદુપયોગ કરવાનો આ અવસર છે. કથામાં આવનાર ગરીબ બાઇઓ મફત દળી લાવતી ને રોટલા ઘડતી.

વિદ્વાનને, વૃદ્ધને, દુઃખીને, વિદ્યાર્થીઓને સર્વને યોગ્ય આશ્રય મળતો. સર્વની મન કામના પૂર્ણ થતી. કલ્પવૃક્ષની પાસે જતાં કોની કામના પૂર્ણ નથી થતી? સર્વની થાય છે.

એક બે વરસ ઉપર પોતાને કાન ઉપર (કેનસર) નામનો વ્યાધિ થયો. તેમની દવા માટે મુંબઇથી દરરોજના રૂ. ૫૦૦) કરી સર્જન જનરલ ડો. સ્ટીલને બોલાવવામાં આવ્યો હતો. તેને બે દીવસ રાખી રૂ. ૧૩૦૦) આપ્યા. તે ઉપરાંત એમને માટેના રસોડામાં હમેશ ૧૦–૧૫ માણસ જમતા. એક સાધુને માટે આટલો બધો લાંબો ખરચ શું બતાવી આપે છે. જ્યાં શ્રીહરિ (ધર્મ) હોય ત્યાં લક્ષ્મી ચાલી ચાલી આવે છે. શ્રી કૃષ્ણ હોય ત્યાં લક્ષ્મીજી સદા વાસ કરે એમાં શું આશ્ચર્ય !

ॐ शान्तिः शान्तिः शान्तिः

गुरुदेद–गुरुदेव–गुरुदेव.

ॐ नमो भगवते गुरुदेवाय ॥

यशः

अथ षष्ठ उल्लासः ॥

असित गिरिसमं स्यात् कज्जलं सिंधुपात्रे ।
सुरतरुवर शाखा लेखनि पत्रमुर्वी;
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं ।
तदपि तव गुणानामीश पारं न याति ॥ १ ॥

महिम्नस्तोत्रम्

ગુરૂનો મહિમા અપાર છે, નિગમ નિરંતર ગાય,
શિવ વિરંચી ને શારદા, નિશદીન ધ્યાનમાં ધ્યાય.
કરીયે શ્રીકૃષ્ણ ઉપાસના.

જે સર્વ જગતનો કર્તા, પાલન કર્તા ને સંહર્તા છે છતાં જે અકર્તારૂપે રહે છે, જે સર્વરૂપ છે છતાં જે સર્વાતીતપણે રહે છે, જે ગુણાતીત છતાં ગુણરૂપે, ગુણના અધિષ્ઠાનરૂપે સદા સર્વદા વિરાજે છે, એવા પ્રભુના ગુણ હું શી રીતે ગાઇ શકું ?

ॐ शान्तिः शान्तिः शान्तिः

કોઈએ કહ્યું 'મહારાજ ! તમારૂં ચરિત્ર મારે છપાવવું છે.' મહાજે કહ્યું એ છાપેલું તૈયારજ છે. ' મને બતાવોતો. મારે વાંચવું છે, પેલા સદ્‌ગૃહસ્થે કહ્યું કાલ આવજો, કહી, મહારાજ ઓરડીમાં ગયા. ફરીથી બીજે દિવસે પેલો ગૃહસ્થ આવ્યો ને આગલ કહેલીજ માગણી કરી. મહારાજે શ્રીમદ્‌ ભાગવત લાવી રજુ કર્યું. પેલો કહે 'મહારાજ, આ તો તમારૂં ચરિત્ર નથી. શ્રીમદ્‌ભાગવત છે. મહારાજ કહે 'ભાઈ, એમાં અનેક: સંતચરિત્ર છે, અવતારચરિત્ર છે. સઘળા સંત ને સઘળા અવતાર એક સરખાજ જાણવા. ભેદબુદ્ધિ ન રાખવી.

કોઈને પોતાની છબી પાડવા ન દેતા. કોઇ એમનીં છબીની માગણી કરે તો પોતે શ્રીકૃષ્ણની છબી બતાવતા. પોતે કહેતા કે 'છબી પાડવાને કાચ લાવો' મતલબ કે એવું શુદ્ધ હૃદય કરો કે જેમાં ચૈતન્યનારાયણ બીરાજે.

" ચોખ્ખું મારૂં મુખડું, ચોખ્ખા મારા હાથ,
ચોખ્ખું મારૂં ઉર ત્યાં, બેસે જગનો નાથ."

એક વખતે ગુજરાતકોલેજના સંસ્કૃત પ્રોફેસર રા. આનંદશંકર બાપુભાઇ કથામાં આવ્યા હતા. કથા ઉઠયા બાદ આ શરીર પાસે આવી પૂછવા લાગ્યા કે મને મહારાજની ખાનગી મુલાકાત કરાવશો. આ શરીર તેમને મહારાજ પાસે લઇ ગયું. પછી મારી જોડે વાત

કરતાં તેઓ બોલ્યા કે—' હું હમેશાં મારા ઘરની બારીએ બેશી દંતધાવન કરતો હોઉં છું, તે વખતે સેંકડો સ્રી પુરૂષોને નાહી ધોઇ આ કથામાં ચાલ્યાં આવતાં જોઉં છું; તે ઉપરથી મને વિચાર થયો કે એમની કથામાં એવું તે શું છે કે આટલા બધા લોકો દરરોજ દોડયા આવે છે. એમ ધારી હું આજે કથામાં આવ્યો. મેં પૂછયું તમોએ શી ચમત્કૃતિ જોઇ ? પોતે બોલ્યા, ' આ ડોસાએ શાંતિ બહુ સારી અખ્તીયાર કરી છે. હજાર માણસ કથામાં છતાં પોતે ઘણીજ શાંતિથી કથા કરે છે ને શ્રોતાજનોને પણ શાંતિના સાગરમાં ડૂબાડે છે.' આ શરીરે કહ્યું ' હા, એજ પ્રભુતા. ' શાંતિ પમાડે તેને સંત કહીયે, તેના દાસના દાસ થઇ રહીયે ' निष्कलं निश्चलं शान्तं, तद्ब्रह्माहमिति स्मृतं.

આ દુનિયામાં ચાર પ્રકારના ભક્ત શ્રી ગીતામાં કહ્યા છે.

आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ.

એ ચાર પ્રકારના જનો એમની પાસે આવતા ને ચારેને સંતોષ થતો. વિદ્વાન્ બ્રાહ્મણો, મહાત્માઓ, આચાર્યો શેઠીઆઓ સરવે એમના દર્શને આવતાને સૌને યથાઘટીત બોધ આપતા. ગૃહસ્થોને નિષ્કામ કર્મયોગ શીખવતા. મહાત્માઓ જોડે જ્ઞાનચર્ચા ચલાવતા. યોગીઓની સાથે યોગની વાર્તા કરતા ને બાળક, સ્રીઓ તથા જનસમુહને, મોટે ભાગે ભક્તિનો ઉપદેશ કરતા. એમને કોઇ મત પંથનો આગ્રહ હતો જ નહીં. કહેતા કે.

' ગુરૂકુ પૂજે ગુરૂ મુખી, બહાના પૂજે સાધ,
ખટ દર્શનકું જો પૂજે, તાકા મતા અગાધ. ૧

મત નહીં મહંતકું, મત ત્યહાં સંસાર,
મત પિંજર કૂટ હો રહા, અખા ન પામ્યા પાર. ૨

સર્વ મત પંથના સાધુ મહાત્માઓને અનુયાયીઓ એમની પાસે આવતા. ને જ્ઞાનવાર્તાલાપથી સંતોષ પામતા.

શ્રીનાથદ્વારના ટીકાયત મહારાજ શ્રી ગોવર્ધનલાલજી મહારાજ, જ્યોતિર્મઠના શ્રી શંકરાચાર્ય મહારાજ, ઉદાસીન પંથના ધુરંધર પંડીત મહામહોપાધ્યાય સ્વામી શ્રી કેશવાનંદ વિગેરે તેમની પાસે આવ્યા હતા. પોતે પણ કોઇ મહાત્મા શહેરમાં આવ્યા જાણે તો તેમની પાસે જતા. જ્ઞાનચર્ચા ચલાવતા ને સેવકોદ્વારા સૌનો યથાઘટીત સત્કાર કરાવતા. પંજાબમાંથી ઉદાસીન મહાત્માઓની મંડળીઓ, નિર્મલા, ગરીબદાસી વિગેરેની મંડળીઓ, મારવાડ મેવાડ તરફથી રામ સ્નેહી સાધુઓની મંડળી, દાદુપંથીની મંડળી, કચ્છ તરફથી મુંડીયા બાવાની મંડળી વિગેરે અનેક મહાત્માઓનાં ટોળાં આવતાં; તેમને છોટાભક્તની ધર્મશાળામાં મહિનો મહિનો બબે મહિના રાખતા ને તેમની ભોજનની વસ્ત્રની ને છેવટ રેલભાડાની પણ યોગ્ય વ્યવસ્થા કરાવતા. કાશીથી અનંતાશ્રમ સ્વામીની મંડળી આવી હતી જેમાં ૧૫-૨૦ દંડી સંન્યાસીઓ હતા. તેઓને ખાડીયાના મહાદેવમાં ચાતુર્માસ રાખ્યા હતા, ને છેવટ રામેશ્વરની યાત્રાર્થે રૂપીયા હજાર આપવામાં આવ્યા હતા.

पिंबन्ति नद्य स्वयमेव नाम्भः
स्वमेव नादन्ति फलानि वृक्षाः
नादन्ति सस्यं खलु वारिवाहाः
परोपकाराय सतां विभूतयः

એ એમને માટે અક્ષરશઃ ખરૂં હતું.

અર્થઃ—નદીઓ પોતે કંઇ જલપાન કરી જતી નથી, વૃક્ષો પોતે જ કંઇ ફૂલ ખાતા નથી; ખરેખર વાદળાં અન્ન પ્રાશન કરતાં નથી, તેમજ મહાત્મા પુરૂષોની વિભૂતી પરને અર્થેજ હોય છે.

આમ જેની કીર્તિ આખા રાજનગરમાંજ નહી પણ સઘળા ગુજરાતમાં ઘેર ઘેર નાના મોટા, બાળવૃદ્ધ. સ્રીને પુરૂષ, ગરીબને તવંગર, જ્ઞાનીને અજ્ઞાની, જૂના વિચારનાને નવીન વિચારના લોકો

સર્વે એકે અવાજે ગાઇ રહ્યા છે. તેની કીર્તિ હું ક્ષુલ્લક પ્રાણી એક રસનાથી શું ગાઇશ.

પોતે બ્રાહ્મણથી તે ચંડાળ પર્યંત, કીડીથી તે ભૂત પ્રાણી માત્રમાં એટલુંજ નહીં પણ સ્થાવર જંગમ સર્વ પદાર્થમાં આત્મ બુદ્ધિથી જોતા ને સર્વ ઉપર એમનો અગાધ પ્રેમ હતો તેથી સર્વ કોઇ એમના ગુણાનુવાદ ગાય તેમાં શું આશ્ચર્ય !

यस्मिन्सर्वाणि भुतान्यात्म्वाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ १ ॥
किमत नहि हरिजनकी, ज्योंबे किमत कीरतार,
किमतमें आवें अखा, सो सारा संसार ॥ २ ॥
बाना लेखे बहोत हे, पण हरिजन विरला कोय ।
बिन सींच्यां हरा रहे, पीए पाताले तोय ॥ ३ ॥
स्वामी सरवावास, अखा मळे सभरे भर्यो ।
पण दोह्यलो मळवो दास, भल भेदु भगवंतनो ॥४॥

૧ આનંદ મંગળ કરૂં આરતી, હરિ ગુરૂ સંતની સેવા. ટેક.
૨ પ્રેમ ધરી મંદીર પધરાવું સુદર સુખડાં લેવા,........આનંદ
૩ સકળ તીર્થ સંતોને ચરણે, ગંગા યમુના રેવા,
૪ રત્નકુંભ વત વાજાં ભીતર, આનંદ રૂપી એવા.........આનંદ
૫ ત્રીભુવન તારણ ભક્ત ઉદ્ધારણ મહુરત અકળ અમેવા,
૬ કહે પ્રીતમ ઓળખ્યો અણુસારો, હરિના જન હરિ જેવા..આનંદ

હુંતો લળી લળી લાગું પાય, અખંડ પદ રાય,
નિગમ નેતિ ગાય, વારિ જાઉં વારણે રે; ટેક.
પુરૂષોત્તમ પરબ્રહ્મ પૂરણ પ્રગટીયા જુગમાંય,
સદગુરૂ રૂપે શોભીતારે, જીજ્ઞાસુની ગૃહેવા બાંહ્ય. વારિ. ૧
અધમ જનને ઉદ્ધારવા, પાવન પગલાં સાર,
ભવસિંધુ તારતારે, તમને ક્ષણ ન લાગી વાર. વારિ. ૨

દર્શનથી દુષ્કૃત ટળેરે, પરશંતાં પાવન થાય,
નિજાનંદ સુખ ઉપજેરે, આવરણ અવિદ્યાનાં જાય. વારિ. ૩
સકળ તીરથનું તીરથ એ, સદગુરૂ દેવના દેવ,
ધન્ય ધન્ય એ નરનારને મન કર્મ વચને કરે છે સેવ. વારિ. ૪
બ્રહ્મા લીયે અતી ભામણાંરે, શિવ સનકાદિક ગાય,
વિષ્ણુને વલ્લભ ઘણારે, મહિમા મુખે કહ્યો નવ જાય. વારિ. ૫
મંદજન મર્મ ન સમજે, વર્ણાશ્રમની આડય,
ત્રિગુણમાં તાણ્યો ફરેરે, બાંધી જીવપણાની જાડય. વારિ. ૬
કહે અખો એ અવિચળ પદના, સદગુરૂ દાતા સોય,
કાળ જાળમાં આવે નહી રે, (જેને) ફરી જનમ
મરણ નવ હોય. વારિ. ૭

ॐ शान्तिः शान्तिः शान्तिः
गुरुदेव–गुरुदेव–गुरुदेव.
इति षष्ठमोल्लासः
ॐ नमो भगवते गुरुदेवाय ॥
अथ सप्तम उल्लासः

ऐश्वर्य.

કોઇ વિદ્યા કોઇ ખાંડા બળે, કોઈ રૂપે કોઈ મોટા કૂળે;
એ સઘળી મોટમ જાય ટળી, વસ્તુ રહે આફણીયે[1] મળી.

आप मीटे आप उबरे, आप राखे आप जाय ।
आपा मीटी जो भजे, आपा रहे समाय ॥ ५ ॥

જીવનું જીવપણું (અવિદ્યા) ને ઇશ્વરનું ઇશ્વરપણું (માયા) એ બંને ઉપાધિને છોડી દેતાં જે બ્રહ્મતત્વ રહે છે, જે ઐક્યભાવને ધારણ કરે છે, તે રૂપેજ પોતે સદા રહેતા એથી બીજું ઐશ્વર્ય શું

૧ આપો આપ.

જોઇએ. તથાપિ આ ઐશ્વર્ય, માત્ર તેવા પુરૂષો હોય તેજ જાણી શકે છે જગતના જીવો તો ઉપર (સંપૂર્ણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, લક્ષ્મી, યશ) જે કહ્યાં તે ઐશ્વર્ય ઉપરથીજ ઈશ્વરની ઇશ્વરતા જાણે છે.

એમને માટે એમ કહેવાય છે કે પોતે ગંગાસ્નાન માટે ગયા હતા ને કથાનો સમય (સૂર્યોદય) થઇ ગયો જેથી પ્રભુ પોતે તેમનું રૂપ લઇ કથા કરી ગયા. જે વાત આખા નગરમાં ફેલાતાં આર્ય સમાજ તરફથી પ્રગટ થતી આર્યપત્રિકામાં નીચે મુજબ આર્ટિકલ છાપવામાં આવ્યો છે.

' परमेश्वरनो नवो अवतार '

' અમદાવાદ શહેરમાં પ્રેમ દરવાજા આગળ લાલા ભક્તના મંદીરમાં કોઇ (સયૂદાસ) કરીને સાધુ રહે છે. જે આજકાલ ૨૦-૨૫ વરસથી દરરોજ સવારમાં ભાગવતની કથા કરે છે. જે સાંભ-લવા માટે સૂર્યોદય વખત પહેલાં લગભગ ૧૦૦૦ આદમી એકઠા થાય છે, કહે છે કે મહારાજ પોતે નદીએ નહાવા ગયા હતા ને તેમનું રૂપ લઇ ભગવાન કથા કરી ગયા ! ! આ કલિયુગમાં એક નવો અવતાર જૂઓ ! ! '

ખરી વાત છે કે ઉપરનો આર્ટિકલ કેવળ મજાક ખાતર લખ-નારે લખ્યો છે. પણ સજ્જનને તો તે શું બતાવી આપે છે? એવી મશ્કરી પણ કોઇ સાધારણ માણસની કરવામાં આવતી નથી. જેનામાં કાંઇપણ ઐશ્વર્ય હોય તેનેજ માટે એવી ગપ પણ ફેલાઇ શકે.

સ્તંભ ફાડી નૃસિંહ ભગવાન નીકળ્યા ને પ્રલ્હાદનું રક્ષણ કર્યું, શ્રીકૃષ્ણને લઇને ગોકુળ જતાં વાસુદેવને યમુનાજીએ માર્ગ આપ્યો, ક્રાઇસ્ટને લાલસમુદ્રે માર્ગ આપ્યો, નૃસિંહ મહેતાને ભગવાને હાર આપ્યો, હુંડી શીકારી; મીરાંબાઇનાં પ્રભુએ ઝેર પીધાં ઇ૦ વાતો ખરે-ખર સામાન્ય મનુષ્યને મનાવી કઠણ, પણ જેનું ભક્તિનું હૃદય છે, જેને ઇશ્વરના સર્વ શક્તિમાનપણાનું જ્ઞાન છે તેને આ વાતો કંઇ

આશ્ચર્યરૂપ નથી. સ્વામી વિવેકાનંદ કહે છે કે:—Man can do everything and anything that he wishes for; he is almighty; there is an ocean of power behind him." Then I say what to say of God.

અર્થ:—મનુષ્ય જે ધારે તે કરી શકે એમ છે. કારણ જીવને ઈશ્વરસ્વરૂપ એકજ છે. તો ઇશ્વરને પોતાને શી વાતની ખામી હોય? નજ હોય. તે कर्तुं अकर्तुं अन्यथा कर्तुं समर्थः છે.

ગમે તેમ હોય, મારા તો તે પ્રાણાધાર છે, પ્રાણપતિ છે, હૈયાના હાર ને નેત્રના તારા છે, હું નથી. ને તે છે એજ સત્ય છે. જેથી મારાથી લખતા ઉદ્દગાર બીજાઓને અસંભવિત લાગે એમ ધારી આટલેથીજ સમાપ્ત કરૂં છું.

' गुरु मेरा समर्थ भर्या, सबने मुंदे बोल;
सब नेनु देखे अखा, बाकी किमत अमोल. १
नहिं होणा नहि होयगा, गुरु अजरायल देव,
स्थावर जंगम सब अखा करे गुरुकी सेव. २
नीज मन तो नीचा कीया, चरणकमलकी ठौर;
कहे कबीर गुरुदेव बीन, नजर न आवे और. ३

સબહી કરે ને કછુય ન કર્ત્તા, સબહિ ધરે ને કછુય ન ધર્તા,
સબહીમાંય, સબહિંસે ન્યારા, ઐસા સમર્થ ધની હમારા. ૪

સાખી.

આરતી ઉતારૂં મારા હરિ ગુરૂ સંત, ટાળ્યા સરવે ફંદ,
ચોરાશીના બંધ; હરિગુરૂદેવની આરતી. ટેક.
આરતી કરીને લેઉ ભામણાંરે, ધરૂં શ્રવણ મનનનીજ ધ્યાન;
સદગુરૂને શીશ સોંપતારે, મારૂં ટળી ગયુરે, મારૂં મટી ગયુ દેહાભિમાન;
હરિ ગુરૂદેવની આરતી. ૧

સદગુરૂજીએ સાનમાંરે, સમજાવ્યું સુખ અપાર,
ૐ બ્રહ્માનંદ સ્વામી મળ્યારે, મુને ભાસ્યોરે, મુને ભાસ્યોછે બ્રહ્માકાર.
હરિ ગુરૂદેવની આરતી. ૨

મહાનુભાવજીએ મહેર કરીને, સમજાવી સરવે રીત,
જાગૃત સ્વપ્ન સુષુપતીરે, મુને ભાસ્યોરે, મુને ભાસ્યો છે તૂરીયાતીત;
હરિ ગુરૂદેવની આરતી. ૩

સદગુરૂ શોભા શી કહું મુખે વર્ણવી ન જાય,
હરિહર બ્રહ્માદિક સ્તુતિ કરેરે, તોય શબ્દાતીત, તોય શબ્દાતિત સોહાય;
હરિ ગુરૂદેવની આરતી. ૪

અખેપણું અવિલોકીયુંરે, સદગુરૂ કેરી ચોજ,
અંતરજામી એક આતમારે, હરિ વિલસ્યારે, પ્રભુ વિલસ્યા પોતાની મોજ;
હરિ ગુરૂદેવની આરતી. ૫

ॐ शान्तिः शान्तिः शान्तिः

गुरुदेव–गुरुदेव–गुरुदेव.

समाप्तं.

ગુરૂકે ગુન કહા ગાઇએ, મેરે મુખ રસના એક,
પ્રીતમ સાગર પૂજીએ, અંજલી કશો વિવેક. ૧
વાણિ શકે ન વર્ણવી, સદગુરૂ કેરૂ સ્વરૂપ.
મન બુદ્ધિ પહોંચે નહીં, ઉપમા રહિત અનૂપ. ૨

મલબાર અલેપિ.

૧૯૯૭ કાર્તિક શુકલ પૂર્ણિમા.

Malber. Alleppey.

લીલાવિગ્રહ—સં. ૧૯૯૮ કાર્તિક કૃષ્ણ ૩ ગુરૂ.

હડતાલ—આજ સહવારના સાત વાગતાના સુમારે પ્રેમ દરવાજા પાસે સરજુદાસજી કરીને એક મહાત્મા રહેતા હતા. જેઓએ ઘણા વરસોથી સંસારીક વેહેવાર ત્યાગ કરી ઈશ્વરસંબંધી

તત્ત્વજ્ઞાનના રહસ્યનો બોધ જનસમુદાયને આપતાં અને તેથી કરી ઘણા સખત હૃદયનાં માણસો પણ એ મહાત્માના સમાગમને લીધે નીતિનું રહસ્ય સમજી પોતાનું જીવન નીતીના રસ્તે ગાળતા. આથી કરી આ મહાત્માની દરેક દેશોમાં અને ટુંકમાં આખા મુંબઇ ઇલાકામાં વીખ્યાતી ઘણી સારી હતી અને લોકપ્રીય ઘણા હતા જેઓને આજ દોઢેક વરસથી રસોલીનું દરદ હતું તોપણ પોતાના ખટકરમ કરવાના જે નીયમો અને જનસમુદાયને તેમના અમુલ્ય બોધનો જે લાભ મળતો તે આપવાને ઇશ્વરે તેમને ઘણી સારી શકતી આપવાથી તેઓ ચુકતા નહોતા. તે માહાત્મ્માએ આજે સ્વર્ગવાસ કરવાથી આખા અમદાવાદ શહેરમાં તેમ અનન્ય ગામોમાં મોટી દીલગીરી ફેલાઇ હતી અને તરતજ અમદાવાદમાં મોટી હડ-તાળ પાડવામાં આવી હતી. માહાત્માને અગની સંસ્કાર કરવા સારૂં દુધેશ્વર લઇ જવામાં આવ્યા હતા અને તે ક્રિયામાં દુધેશ્વર સુધી અમદાવાદના પ્રતીષ્ઠીત શેઠીઆઓએ તથા જનસમુદાયના વીશેક હજાર માણસોએ સારો ભાગ લીધો હતો. ”

મુંબઇ સમાચાર.

દોહરા.

નિકટ વસે મુજ હૃદયમાં, સકળ વિશ્વના નાથ;
ભયથી બેશું શિથિલ થઇ, શોદ લમણે દઇ હાથ. ૧
સજીવ નિરજીવ વસ્તુને, જીવનના દેનાર;
મુજમાં અખંડ છે રહ્યા, રડીશ ન હવે લગાર. ૨
સબળ ધણીના અંકમાં, બેઠો થઇ હું બાળ;
કોટી વિપદ છો આવતી, મને ન પડતી ફાળ. ૩
હોરાવા પણ દૂર નથી, મુજથી મુજ પ્રિય ઇષ્ટ;
ત્રિકાળ સંભવ કયાં હવે, થાવા મારૂં અનિષ્ટ. ૪
જંગલમાં નૃપતિ વસ્યે, મંગળ ત્યાં થઇ જાય;
મુજમાં વિશ્વપતિ વસ્યા, શું શું શુભ ન સધાય. ૫
ગંગાતટ સ્થિત જેમનાં, તૃષા ભયે ગભરાય;
મુજ મન નિરખી પ્રભુ નિકટ, વિકળ કશે ના થાય. ૬
અનંત શ્રીપતિનો લહી, મુજ અંતરમાં વાસ;
દ્રવ્યની ચિંતા ધારીને, બનું ન કદી ઉદાસ. ૭
કદી કદી દુઃખ વિવિધરૂપે, મુજપર કરે ચડાઇ;
ઘેરી સર્વાંગે મને, રીએ બની કસાઇ. ૮
ઓછી મતિના જોઇ આ, કરતાં મારૂ હાસ્ય;
પણ હું દુઃખ ને માનતો, મમ પ્રિય નાથ વિલાસ. ૯
દુઃખ સમય પ્રભુ મુજ પ્રતિ, જોતા સ્મિત મુખ;
હું પણ જોતો તેમને, વિસરી જઉં મુજ દુઃખ. ૧૦
'શાથી આપ્યું દુઃખ આ, વત્સ! તને સમજાય!'
કહી પ્રભુ પૂછતા હોયની, એમ મને ઉર થાય. ૧૧
હું કહુ 'આપ્યુ આપનું,' ગણું હું અમૃત તુલ્ય;
હાલા હલસમ છો પછી, ગણે સર્વ પ્રતિ કૂલ. ૧૨
બેઠા મારા હૃદયમાં, અહો ધન્ય મુજ ભાગ્ય;
સુખ દુખની સ્થીતીમાં મને, થતો ન રાગ વિરાગ. ૧૩
તનુ મંદિરમાં જ્યારથી, જાણ્યું નિવાસે નાથ;
કરતા ત્યારથી ક્રોધને, લજાઉં હું મન સાથ. ૧૪

વ્યવહારે પણ જે સમય, મોટા હોયે પાસ;
અપલક્ષણ નિજ દાબતા, જનો ચેતીને ખાસ. ૧૫
પ્રભુથી મોટું કોઇ ના, સકળ જગત્માં જોઉં;
અખંડ તે મુજ નિકટતો, કેમ પ્રમત્ત હું હોઉં. ૧૬
સદ્ગુરૂએ મુજને કહ્યું પ્રભુ નથી તુંજથી ભિન્ન,
તું તે ઇશ્વર રૂપ છે, ઇશ્વરને તું અભિન્ન. ૧૭
રૂચ્યો ન મુજને બોધ એ, હૃદય થયો પરિતાપ;
હું ઇશ્વર એ માનવું, કહ્યું ગણું હું પાપ. ૧૮
સદ્ગુરૂ હસીને બોલીયા, આજે ન ગમે જેહ;
સમય જતાં તે દ્દઢ રીતે, સમજીશ નિઃસંદેહ. ૧૯
થોડે કાળે, આ પછી, પિયતમ મુજ ભગવાન;
સ્થુલ તનુને ત્યાગીને, પામ્યા અંતર્ધાન. ૨૦
ગુરૂ પ્રબોધિત સાધને, પછી સાંધ્યો મેં સ્નેહ:
અલ્પશ્રમે, અનુગ્રહ થયો, અકથ્ય શબ્દે જેહ. ૨૧
મુજ હૃદયે સદ્ગુરૂ દીઠા, મુજ આત્માથી અભિન્ન;
જોયું મેં મુજ હું પણું, કલ્પિતને પરિચ્છિન્ન. ૨૨
હું ઇશ્વર એ ગુરૂ તણો, સમજ્યો બોધ યથાર્થ:
મુજ પ્રભુ પદને ભેટીને, થયો હું સદ્ય કૃતાર્થ. ૨૩
જાણીને તે દીવસથી, મુજ જીવન આધાર,
હું પણું વિસરી હરિ વિષે, વહુ થઇ એકાકાર. ૨૪
ભિન્ન પણું કદી કદી મને, અધ્યાસે સ્ફુરી જાય;
પણ પાછો વળી હું પુનઃ અભિન્ન રહું પ્રભુ માંહ્ય. ૨૫
જેમ રહ્યા મારા વિષે, અખિલ જગત્ આધાર;
તેમ અણું અણુંમાં રહ્યા, વંદુ પાડી પોકાર. ૨૬
જેવો અનુગ્રહ મુજ પ્રતિ, કીધો પ્રિયતમ ઇશ;
કરજો તેવો સર્વપર, માગું પ્રણમી શીશ. ૨૭

છો. જી. માસ્તર.